Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૯૨
તા.૦૮-૦૫-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ વૈશાખ સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૩  સૂર્યાસ્ત : ૦૭:૧૦

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૩ | વડોદરા | ૪૧.૬ |
| અમદાવાદ | ૪૩.૩ | સુરત | ૩૪ |
| ગાંધીનગર | ૪૪.૫ | નલિયા | ૩૬.૪ |

ચાંદી : ૩૯૭૦૦  સોનું : ૨૮૭૦૦

P.R.No. GBK/06/2015-17  RNI No 20508/71  Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...


# આજે નક્સલગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક

## નક્સલવાદને રોકવાના પાસા પર ચર્ચા કરાશે : છુપા હુમલામાં ૨૬ જવાન શહીદ થયાના બે સપ્તાહ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં મહત્વની બેઠક

નવીદિલ્હી

નક્સલવાદીના દૂષણને રોકવાના મજબૂત ઈરાદા વચ્ચે નક્સલવાદી ગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક આવતીકાલે યોજાનાર છે. જેમાં ટોચના પોલીસ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં આ બેઠક મળી રહી છે જેમાં નક્સલવાદીગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રી હાજર રહેનાર છે. આ બેઠકમાં જે રાજ્યોના મુખ્યમંત્રીઓને હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે તેમાં છત્તીસગઢ, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ગૃહમંત્રાલયના અધિકારીઓએ બેઠકના એક દિવસ પહેલા આજે કહ્યું હતું કે, છત્તીસગઢમાં નક્સલીઓના હુમલામાં ૨૬ સીઆરપીએફ જવાનો શહીદ થયાના બે સપ્તાહ બાદ આ મિટિંગ યોજવામાં આવી રહી છે જેમાં નક્સલવાદી દૂષણને રોકવાના પાસા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થશે. નવી આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવે તેમ માનવામાં આવે છે. રાજનાથસિંહ કેન્દ્ર સરકાર તરફથી આક્રમક રુપરેખા રજૂ કરી શકે છે. ખુવારીને ઘટાડવાના હેતુસર વધુ અસરકારક નક્સલ વિરોધી વ્યૂહરચના તૈયાર કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ આ બેઠકમાં નક્સલવાદીગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે, બેઠકમાં રાજનાથસિંહ અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમની પોતાની યોજના તૈયાર કરવા માટે પણ કહી શકે છે. ગૃહમંત્રાલય અને રાજનાથસિંહ સુરક્ષા અધિકારીઓને કહી ચુક્યા છે કે, નક્સલવાદીઓ દ્વારા વારંવાર કરવામાં આવતા હુમલાઓને કઈ રીતે રોકવામાં આવે તેના ઉપર રુપરેખા રજૂ કરવામાં આવે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં જ્યારે વિકાસ કામગીરી હાથ ધરવામાં આવે છે અથવા તો માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવે છે ત્યારે છુપા હુમલા કરવામાં આવે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસની કામગીરી અને માર્ગ નિર્માણના મુદ્દા ઉપર ચર્ચા થશે. આ બેઠકમાં મુખ્યમંત્રીઓ એક વૈકલ્પિક આધુનિક ટેકનોલોજીને લીલીઝંડી આપશે. જે પ્રોજેક્ટોને ઝડપથી પૂર્ણ કરવામાં મદદરુપ થશે. ગૃહમંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે, હાલમાં માઓવાદી પ્રવૃત્તિના ૯૦ ટકા વિસ્તાર ૩૫ જિલ્લાઓની હદમાં છે. ૧૦ રાજ્યોમાં ૬૮ જિલ્લાઓમાં માઓવાદી હજુ પણ સક્રિય રહેલા છે. આવતીકાલની બેઠકમાં કેન્દ્ર સરકાર તરફથી અન્ય પ્રધાનો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ બેઠકને હિંસાને રોકવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણવામાં આવે છે.

## વિચાર વૈભવ...

આજે તો અધ્યાત્મ ક્ષેત્રે જાદુ, ચમત્કાર, પરચા-ગુલાલ કાઢવા, ભસ્મ કાઢવી, હવાથી વસ્તુઓ લાવવી, ખીલા પર સૂવું, એક પગે ઊભા રહેવું, ખાડામાં પુરાઈ જવું.. આવા અનેક 'ધ્યાન' દોરવાના નુસખા પ્રચલિત છે. ધ્યાન યોગથી કદાચ આવી સિદ્ધિ મળતી હશે! પણ એનું મૂલ્ય અધ્યાત્મમાં કંઈ જ નથી. માત્ર પોતાના 'આત્મા' ને જન્મફેરામાંથી મુક્તિ મળે તો બસ, આજે પણ અનેક સિદ્ધ - મહાત્માઓ ગુફાઓમાં હજારો વર્ષોથી આ ધ્યેય માટે જ બેઠા છે, કોઈ પ્રદર્શન કરતા નથી.

સંત હસને પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. સંત રાબિયા પાસે આવ્યા અને કહ્યું, આવો, આપણે આ નદીના પ્રવાહ પર બેસી ધર્મ- ચર્ચા કરીએ. મારી પાસે એવો મસલ્લો સિદ્ધ કરેલો છે કે આપણે બંને તેના પર બેસીશું છતાં તરતો રહે છે.

સંત રાબિયાએ પોતે બેઠેલાં એ આસન પર જગ્યા કરી સંત હસનને કહ્યું, એના કરતાં તમે જ આ આસન પર આવી જાવ! આ આસન સાથે આપણે આકાશમાં ઉડ્ડયન કરતાં કરતાં ચર્ચા કરીશું!

સંત હસન, રાબિયાજીનો હેતુ જાણી ગયા અને પોતાની સિદ્ધિના અભિમાનથી શરમિંદા થઈ ગયા તેથી તેમની નજર ઝૂકી ગઈ...

રાબિયા ફરી બોલ્યા, ભાઈ પાણી પર તો માછલી પણ તરી શકે છે અને માખી જેવું પામર જંતુ હવામાં ઊડે છે, એવી સિદ્ધિઓનો શો અર્થ? સાચી સિદ્ધિ ખુદાને પ્રાપ્ત કરવામાં જ છે.

સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### શાંતિપૂર્ણ માહોલમાં ગુજરાત સહિત દેશમાં નીટની પરીક્ષા યોજાઈ

અમદાવાદ

મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે ફરજિયાત પાસ કરવી જરૂરી એવી નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(એનઈઈટી-નીટ)ની પરીક્ષા આજે ગુજરાત સહિત દેશભરમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. ગુજરાત સહિત દેશભરમાં ૧૦૪ શહેરોમાં ૨૨૦૦થી વધુ પરીક્ષા કેન્દ્રો પર આજે લેવાયેલી નીટની પરીક્ષામાં ગુજરાતમાંથી ૯૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જયારે દેશભરમાંથી કુલ ૧૧,૩૫,૧૦૪ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. નીટ-૨૦૧૭ની પરીક્ષાનું પરિણામ હવે તા.૮મી જૂને જાહેર કરવામાં આવશે. ગુજરાતના સુરત સહિત દેશના જુદા જુદા શહેરોમાં ડ્રેસ કોડનું પાલન નહી થયું હોવાના સહિતની વિવિધ ફરિયાદો ઉઠવા પામી હતી, જેમાં સત્તાવાળાઓ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી સામે છૂટાછવાયા કિસ્સામાં રોષ-આક્રોશ પણ સામે આવ્યો હતો. જો કે, એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં નીટની પરીક્ષા સંપન્ન થઈ હતી. આવતીકાલે ગુજરાત સહિત દેશભરમાં યોજાશે. મે-૨૦૧૬માં નીટની પરીક્ષા સુપ્રીમકોર્ટે ફરજિયાત બનાવ્યા બાદ સૌપ્રથમવાર આજે નીટની પરીક્ષા સીબીએસઈ(સેન્ટ્રલ બોર્ડ) દ્વારા લેવાઈ હતી. નીટની પરીક્ષાના પરિણામના આધારે મેડિકલ, ડેન્ટલ આયુષ અને દેશની વેટરનરી કોલેજોમાં પ્રવેશ નક્કી થશે. નીટની પરીક્ષાને લઈ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ માટે ડ્રેસ કોડ સહિતના કેટલાક ચોક્કસ નિયમો લાદવામાં આવ્યા હતા. જે મુજબ, વિદ્યાર્થીઓ બુટ પહેરીને પરીક્ષા આપી શકશે નહી. વિદ્યાર્થીઓએ પેન્ટ અને હાફ સ્લિવનું શર્ટ અને સ્લીપર અથવા તો સેન્ડલ પહેરીને જ પરીક્ષા આપવી પડશે. જયારે વિદ્યાર્થીનીઓ હેર પીન, મોટા બટન તથા હાઈ હીલના શુઝ પહેરી શકશે નહી.

# કેજરીવાલ ઉપર કપિલ મિશ્રાનો આક્ષેપ : જૈનથી બે કરોડ લીધા

## કેજરીવાલના એક સગા-સંબંધી માટે ૫૦ કરોડની જમીન સોદાબાજી કરાવી હતી તેવી વાત સત્યેંદ્ર જૈને તેમની સમક્ષ કરી હતી : કપિલ મિશ્રાનો ઘટસ્ફોટ

નવી દિલ્હી

અરવિંદ કેજરીવાલ મંત્રી મંડળમાંથી દૂર કરવામાં આવેલા કપિલ મિશ્રાએ આજે મુખ્યમંત્રી ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કેજરીવાલે મંત્રી સત્યેંદ્ર જૈનની પાસેથી બે કરોડ રૂપિયા રોકડ લીધા હતા. એએપીમાં ચાલી રહેલી કટોકટી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં યોજાયેલી પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર અને ત્યારબાદ દિલ્હીમાં એમસીડીની ચૂંટણીમાં હાર થયા પછી એએપીમાં એક પછી એક વિવાદો સપાટી ઉપર આવી ગયા છે. આજે કપિલ મિશ્રાએ દાવો કર્યો હતો કે, તેઓએ શુક્રવારના દિવસે મુખ્યમંત્રીના આવાસ ઉપર સત્યેંદ્ર જૈનની પાસેથી કેજરીવાલને બે કરોડ રૂપિયા રોકડ લેતા જોયા હતા. મિશ્રાએ આ સનસનાટીપૂર્ણ દાવો પણ કર્યો હતો કે, સત્યેંદ્ર જૈને તેમને કહ્યું હતું કે, કેજરીવાલના એક નજીકના સંબંધી માટે ૫૦ કરોડ રૂપિયાની જમીન સમજૂતિ કરવામાં આવી છે. કપિલે એમ પણ કહ્યું હતું કે, તેમને પહેલા એવું લાગ્યું હતું કે, કેજરીવાલ ખુબ જ ઈમાનદાર છે પરંતુ આ પૈસાના સંદર્ભમાં પુછવામાં આવ્યા બાદ તેઓએ કોઈ માહિતી આપી ન હતી. રાજઘાટમાં પત્રકાર પરિષદમાં કપિલે કહ્યું હતું કે, સત્યેંદ્ર જૈને અરવિંદ કેજરીવાલને તેમની સામે બે કરોડ રૂપિયા આપ્યા હતા. બે દિવસ પહેલા જ આ બે કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. જ્યારે તેઓએ આ પૈસાના સંદર્ભમાં વાત કરી ત્યારે કોઈ જવાબ આપવાનો ઈન્કાર કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, રાજનીતિમાં કેટલીક એવી વાત છે જે કોઈને બતાવી શકાય નહીં. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, આ પૈસા ક્યાંથી આવ્યા, રોકડ રકમ કેમ હતી. આ સંબંધમાં તમામ માહિતી આપવામાં આવે પરંતુ કેજરીવાલે કોઈ જવાબ આપ્યા ન હતા. કપિલ મિશ્રાએ એમ પણ કહ્યું હતું કે, કેજરીવાલને તેઓએ કહ્યું હતું કે, ભુલ કોઈનાથી પણ થઈ શકે છે. માફી માંગી લેવામાં આવે એસીબીને તેઓ આ વાત કરવા માંગે છે. ત્યારબાદ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. તેમને લાગ્યું હતું કે, આ સંદર્ભમાં ચર્ચા કરવામાં આવશે. કપિલે એમ પણ કહ્યું હતું કે, બ્લેકમની અને મનીલોન્ડરિંગના સંદર્ભમાં સત્યેંદ્ર જૈનને લઈને ઘણા મામલા છે જે તમામ લોકો જાણે છે. તેઓએ સરકારમાં પોતાની પુત્રીને, સંબંધીઓને હોદ્દા આપ્યા છે. સત્યેંદ્ર જૈને પણ તેમને કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલના કોઈ સગાસંબંધી માટે તેઓએ ૫૦ કરોડની જમીન સોદાબાજી કરાવી છે. પ્રધાનમંડળમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા કપિલ મિશ્રાએ કહ્યું હતુ ંકે, પોતાની આંખોની સામે રોકડ જોઈ લીધા બાદ શાંત રહેવાની બાબત તેમના માટે મુશ્કેલ હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ ઘણા પ્રકારની ચીજો જોઈ ચુક્યા છે. કેજરીવાલ સાથે ચર્ચા પણ કરી હતી.

### છત્તીસગઢ : ૧૯થી વધુ કુખ્યાત નક્સલી પકડાયા

રાયપુર

છત્તીસગઢના નક્સલી પ્રભાવિત સુકમા જિલ્લાના પોલીસ ટુકડીએ ૧૯ કુખ્યાત નક્સલીઓની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલા નક્સલવાદીઓમાં નવ એવા નક્સલીઓ પણ સામેલ છે જે બુરકાપાલ હુમલામાં સામેલ હતા. સુકમા જિલ્લાના પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધર્યું હતું. મોટાપાયે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં બુરકાપાલ હુમલામાં સામેલ રહેલા નવ નક્સલવાદીઓને જિલ્લાના ચિંતાગુફા અને ચિંતલનાર વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૧૦ નક્સલીઓની ધરપકડ કુકાનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કરવામાં આવી હતી.

### વડગામના બસુ ગામે ૩૦૦ થી વધુને ફુડ પોઈઝનીંગની અસર

પાલનપુર

વડગામ તાલુકાના બસુ ગામે ગઈકાલે એક સમુલગ્ન યોજાયા હતા. જેના જમણવારમાં કેરીનો રસ આરોગતા ૩૦૦ થી પણ વધુ લોકોને ફુડ પોઈઝનીંગની અસર થઈ હતી. જેને લઈ ગામમાં દોડધામ મચી ગઈ હતી. તમામ અસર ગ્રસ્ત દર્દીઓને તાત્કાલીક સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૪.૫ થયું

# ગરમીનો કાળો કેર : પારો ૪૪થી પણ ઉપર પહોંચ્યો

## અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૩ : લોકો ત્રાહિમામ બપોરના ગાળામાં રસ્તા સુમસામ : જનજીવન પર અસર

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પારો ૪૪.૫ સુધી પહોંચી ગયો હતો. બીજી બાજુ અમદાવાદમાં પણ પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં પારો ૪૩થી ઉપર પહોંચતા ઓરેન્જર એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. ગરમીનું મોજુ અકબંધ રહેવાના એંધાણ દેખાઈ રહ્યા છે. આજે ગાંધીનગર ઉપરાંત સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૪ સુધી પહોંચ્યો હતો. બપોરના ગાળામાં કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે રવિવાર હોવાના કારણે લોકો ઘરથી બહાર નિકળ્યા ન હતા. હિટ સ્ટ્રોકના કારણે તાજેતરમાં જ અનેક લોકોને અસર થઈ હતી. અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે. બાગબગીચાઓને પણ ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૩થી ઉપર પહોંચતા લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. ડિસામાં પણ પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજકોટમાં ૪૩.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ સામાન્ય લોકો પણ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. કામ સિવાય બહાર નહીં નિકળવાની સૂચનાનું પાલન કરવામાં આવી રહ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પારો સતત વધી રહ્યો છે. અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે.

## શુક્રવારે ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા જારી કરવાની તૈયારી

# કુલ ૭ પરિબળની અસર હેઠળ બજારમાં ઉથલપાથલ થઇ શકે


## શુક્રવારે ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા જારી કરવાની તૈયારી


નવી દિલ્હી

શેરબજારમાં નવા કારોબારી સેશનમાં ૭ પરિબળોની અસર જોવા મળનાર છે. આ ૭ પરિબળો નવા સપ્તાહમાં બજારની દિશા નક્કી કરશે. નવા કારોબારી સેશનમાં બજારની નજર ફ્રાંસમાં યોજાઈ રહેલી પ્રમુખ પદની ચૂંટણીના પરિણામ, યુએસ ડેટા, કમાણીના આંકડા, માઈક્રો ઈકોનોમીક ડેટા, વૈશ્વિક બજાર, ટેકનિકલ પરિબળો તથા આવતીકાલે બજારમાં આવનાર હુડકો આઈપીઓની અસર રહેશે. મળેલી માહિતી મુજબ નવા સપ્તાહમાં માઈક્રો ઈકોનોમિક ડેટાની અસર પણ જોવા મળનાર છે. શુક્રવારના દિવસે કારોબાર પૂર્ણ થયા પછી માર્ચ મહિના માટેના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડ્ક્શન ડેટા જારી કરવામાં આવનાર છે. કન્ઝ્યુમર પ્રાઈઝ આધારિત ફુગાવા અથવા તો સીપીઆઈ માટેનો ફુગાવાનો આંકડો શુક્રવારના દિવસે જ જાહેર કરવામાં આવનાર છે. રિટેલ ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૩.૬૫ ટકાની સામે માર્ચ મહિનામાં ૩.૮૧ ટકા સુધી પહોંચી ગયો હતો જે પાંચ મહિનાનીઉંચી સપાટી છે. ટેકનિકલ પરિબળો પણ છે. બીજી બાજુ નવા સપ્તાહમાં ઈન્ડસ્ટ્રી હેવીવેઈટ ભારતી એરટેલ, એચસીએલ ટેકનોલોજી, એશિયન પેઈન્ટ્સ, ડો. રેડ્ડી લેબ દ્વારા માર્ચ ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. હજુ સુધી મોટાભાગની કંપનીઓએ છેલ્લા ત્રિમાસિક ગાળા માટે અપેક્ષા કરતા વધારે સારા પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. મૂડીરોકાણકારો આ સપ્તાહ દરમિયાન કોઈ આક્રમક કારોબાર કરવાના મુડમાં નથી. અમેરિકામાં પેરોલના આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે. અમેરિકન અર્થતંત્રને મોટી રાહત મળે તેવા ઘટનાક્રમમાં અમેરિકામાં બેરોજગારીનો દોર ઘટીને ૪.૪ ટકા થયોછે જે ૧૦ વર્ષની નીચી સપાટી દર્શાવે છે.

## આધાર સાથે લિંક કરીને હેલ્થ કાર્ડ બનાવાશે

# મહિલાઓ માટે ફ્રી હેલ્થ ચેક અપની સ્કીમ ટૂંકમાં જ જાહેર

## સગર્ભા મહિલાઓ માટે કેશલેસ મેડિકલ સર્વિસ ઉપલબ્ધ કરાવાશે : મહિલાઓ માટે ઓછા ટેક્સની પણ તૈયારીઓ

નવીદિલ્હી

દેશની અડધી વસતી હોવા છતાં મહિલાઓ વંચિત વર્ગમાં જ સામેલ રહી છે. આને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે મહિલાઓ માટે ઈન્કમટેક્સના દરોને ઘટાડવા અને આધાર સાથે જોડાયેલા હેલ્થકાર્ડ બનાવીને મફત આરોગ્ય ચકાસણીની સુવિધા આપવા પર વિચારણા કરી રહી છે. મહિલાઓ માટે ઓછા ટેક્સ અને મફત આરોગ્યની ચકાસણીની મહાકાય યોજના રજૂ કરવાની તૈયારી સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. આની સાથે સાથે સરકાર સગર્ભા મહિલાઓ માટે કેશલેસ મેડિકલ સર્વિસ ઉપલબ્ધ કરાવવાની યોજના ઉપર પણ કામ કરી રહી છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના નેતૃત્વમાં એક પ્રધાનગ્રુપ દ્વારા મહિલાઓ માટે એક રાષ્ટ્રીય નીતિ બનાવી છે જેને ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ નીતિમાં એકલી જીવન ગાળી રહેલી મહિલાઓની આવક પર ઓછા ટેક્સ લાગૂ કરવાની દરખાસ્ત છે. કારણ કે મંત્રી ગ્રુપને લાગે છે કે, આવી મહિલાઓની સંખ્યા વધી રહી છે. આંકડા દર્શાવે છે કે, વર્ષ ૨૦૦૧-૨૦૧૧ વચ્ચેના ગાળામાં આ કેટે-ગરીમાં રહેલી મહિલાઓની સંખ્યામાં ૩૯ ટકા સુધીનો વધારો નોંધાઈ ચુક્યો છે. સૂચિત રાષ્ટ્રીય મહિલા નીતિમાં અન્ય બાબતો ઉપર પણ વિચારણા ચાલી રહી છે. સાફ સફાઈ માટેની જરૂરી વસ્તુઓ ઉપર પણ ટેક્સ ખતમ કરવાની હિલચાલ ચાલી રહી છે. સાફ સફાઈ માટેની ચીજવસ્તુઓ ઉપર ટેક્સ ઘટાડીને સરળતાથી ઉપલબ્ધ કરાવવાની યોજના તૈયાર થઈ રહી છે. મહિલાઓ માટે વધારે પ્રમાણમાં જાહેર શૌચાલયોના નિર્માણ ઉપર પણ કામ ચાલી રહ્યું છે. આ નીતિમાં સ્થાનિક હિંસાની શિકાર થયેલી મહિલાઓને મફત સારવાર અને કાયદાકીય સહાયતા આપવાની સાથે સાથે તેમને આશ્રય આપવાના પાસા ઉપર પણ વિચારણા ચાલી રહી છે. રાષ્ટ્રીય મહિલા નીતિને જો કેબિનેટની મંજુરી મળી જશે તો સરકાર સિનિયરો અને ખાસ કરીને વિધવા મહિલાઓને મદદમાં આગળ આવી શકે છે. મહિલાઓની કાળજીમાં ઘટાડો થયો છે જેના લીધે મહિલા નીતિમાં હેલ્થ કાર્ડ બનાવવાની દરખાસ્ત સામેલ કરવામાં આવી છે.


શિક્ષકો જોઈએ છે

એમ.કે.સ્કૂલ - પાટણ

વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અને છેલ્લા ૧૭ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે સ્કૂલ તેમજ કોલેજોમાં બહોળો અનુભવ ધરાવનાર સંસ્થાને તેના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે નીચે પ્રમાણેના સ્ટાફની જરૂરીયાત છે, તો કાર્યદક્ષ - મહેનતુ સ્ટાફે સંપૂર્ણ બાયોડેટા - ફોટાની નકલ સાથે અરજી કરવી.

| | |
|---|---|
| ૧. પીટીસી | ૪ |
| ૨. BA/B.Com/BSc. B.Ed | ૪ |
| ૩. કલાર્ક / એકાઉન્ટન્ટ (કમ્પ્યુટર જાણકાર) | ૧ |
| ૪. PGDCA / BCA | ૨ |
| ૫. BBA | ૧ |
| ૬. ATD | ૧ |
| ૭. C.P.Ed | ૧ |
| ૮. MBA (HR) | ૧ |

-: અરજી કરવાનું સ્થળ :-

મેનેજીંગ ટ્રસ્ટી : એમ.કે.સ્કૂલ

'બી' સરદાર પટેલ કોમ્પલેક્ષ,

હાઈ-વે ચાર રસ્તા, પાટણ - ૩૮૪૨૬૫

૧૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે

આશીર્વાદ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર, ડીસા

Ashirvad Orthopaedic Hospital & Joint Replacement Center

ડૉ.મેહુલ મોઢ દ્વારા

17

ઘૂંટણ તથા થાપાનાં સાંધાની તકલીફો માટે

ફ્રી નિદાન કેમ્પ : તા.૧-૫-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૭ સુધી

ઉત્તર ગુજરાતમાં સર્વ પ્રથમવાર 'ડીજીટલની રીપ્લેસમેન્ટ'

3D પ્રિન્ટેડ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સુવિધા...

'ડીજીટેક' ટેકનોલોજી દ્વારા અત્યંત આકર્ષક પેકેજમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટ

સ્થળ : આશીર્વાદ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર, ડીસા

સમય : સવારે ૧૦-૦૦ થી બપોરે ૨-૦૦ વાગ્યા સુધી.

(સોમથી ગુરૂવાર સમગ્ર મે મહિના દરમિયાન)

આ કેમ્પમાં તમામ દર્દીઓને કેલ્શિયમ ચેકઅપ તથા ફીઝીયોથેરાપી સલાહ નિઃશુલ્ક તથા X-Ray રાહત દરે કરવામાં આવશે.

રજીસ્ટ્રેશન ફ્રી પરંતુ વોટ્સઅપ નં.૯૯૨૪૦૯૯૦૮૨ ઉપર નામ લખાવવું અનિવાર્ય છે.

શું આપના માતા - પિતાને નીચે મુજબ ગોઠણ કે થાપાનો દુખાવો છે ?

- ચાલવાથી દુખે છે ?
- સીડી ચઢ-ઉતર કરવામાં તકલીફ પડે છે ?
- સવારે સાંધા જકડાઈ જાય છે ?
- સાંધો બેલેન્સ ગુમાવી દે તેવું લાગે છે ?
- શું કોઈ કારણસર થાપાનો ગોળો સુકાઈ કે ઘસાઈ ગયો છે ?
- બેઠા પછી ઉભા થવામાં તકલીફ પડે છે ?
- સાંધામાંથી અવાજ આવે છે ?

સૂર્યોદય - ૬.૦૩ સૂર્યાસ્ત - ૭.૧૦

## તિથિદર્શન

વૈશાખ સુદ-૧૩ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ સુદ :તેરસ સોમવાર નક્ષત્ર:ચિત્રા બપોરે ૧૨.૦૨ પછી સ્વાતી યોગ: સિદ્ધિ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**પ્રજત્યધઃ પ્રત્યાતુજ્ઞૈર્નરઃ સ્ચૈરેવ ચેષ્ટતિઃ ।**
**અધઃ કૂપસ્ય ખનકઃ ઉર્ધ્વ પ્રસાદકારકઃ ।।**
**એક પ્રજાયતે જન્તુરકે એવ પ્રલીયતે ।**
**એકોનઅનુભૂક્તેમેક એવ ય દુષ્કૃત્યં ।।**

માણસ પોતાનાં જ કાર્યો - કર્મથી ઉપર ચઢે છે કે નીચે પડે છે (પતન થાય છે.) દા.ત., જે માણસ કૂવો ખોદવાનું કર્મ કરે છે તે દિવસો દિવસ નીચે જ ઉતરી જાય છે અને મહેલ બનાવનાર દિવસો દિવસ ને ઉપર ચઢતો જાય છે. ‘જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ પોતાનાં સારાં અને માઠાં કર્મોનું ફળ ભોગવે છે. સત્કર્મથી ઉન્નતિ થાય, દાન- પુણ્ય, સત્સંગ અને સત્કાર્યો દ્વારા, માન- અકરામ થાય. આ બધું જ તો જ પ્રાપ્ત થાય જો પૂર્વજન્મના સંચિત કર્મો ફળ આપતા થાય, માટે આ જન્મમાં પણ સત્કાર્ય - પુણ્યકર્મ ચાલુ જ રાખવા જોઈએ. અહીં વ્યાવહારિક ઉદાહરણ આપતાં કહ્યું છે, જેમ કૂવો ખોદનાર ખોદકામ કરતાં નીચે ને નીચે જાય છે. અને બહુમાળી બનાવનાર ઉંચે જ ચઢે છે તેમ દુષ્કૃત્યોથી પતન થાય અને સત્કાર્યોથી ઉન્નતિ. જન્મની સાથે જ સંબંધોનો પણ જન્મ થાય છે. એક અજ્ઞાત જીવ જન્મે ત્યારે મા-બાપ, દાદા-દાદી , નાના- નાની, માસી- માસા, ભાઈ-બહેનના સંબંધો સ્થપાઈ જાય છે. અને તેમની સાથે માયા- મમતા બંધાય છે. સ્વાર્થ લાગણી પ્રેમ જેવાં તત્વો તિરાડ કે બંધન આપે છે. ખરેખર તો જીવ પોતાના કર્મ ભોગવવા કે ચૂકવવા જ આવ્યો છે. જો નિર્લેપ થઈ પોતાનું કર્તવ્ય બજાવે તો જે રીતે એકલો આવ્યો તેમ એકલો જ જવાનો છે.

- પ્રા.સુરેશ ભટ્ટ

# જીએસટી વિધેયક પસાર કરવા વિધાનસભાની બેઠક મળશે

(હિં.સ.) ગાંધીનગર

કેન્દ્ર સરકારે પસાર કરેલા જીએસટી વિધેયકને મંજુરી આપવા ગુજરાત વિધાનસભાની બેઠક એક દિવસ માટે તા.૯મે મંગળવારના રોજ મળશે.

એ યાદ રહે કે કેન્દ્ર સરકારે પસાર કરેલા જીએસટી વિધેયકને જુદીજુદી રાજય સરકારો દ્વારા મંજુર કરવામાં આવે છે.આ માટે વિધાનસભાની બેઠક બોલાવવામાં આવે છે.

અન્ય કેટલીક વિધાનસભાઓએ આવી બેઠક બોલાવીને જીએસટી વિધેયક મંજુર કર્યું હતું.આવી જ રીતે ગુજરાત વિધાનસભાની એક દિવસની બેઠક તા.૯મે મંગળવારના રોજ મળશે.તેમાં જીએસટી વિધેયક મંજુર કરવામાં આવશે.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતી છે. ગુરુદેવ, કવિવર અને પછી ભારત રત્નથી તેમને નવાજવામાં આવેલા. સરકારે એમને ‘સર’નો ઈલ્કાબ આપેલો. તેઅ મહાન સર્જક તો હતા જ, સાથે સાથે એક ઉત્તમ ચિત્રકાર પણ હતા. ૧૯૧૩માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું. ૧૯૦૧માં એમણે શાંતિનિકેતન સંસ્થાની સ્થાપના કરી અને ૧૯૨૨માં તેનો વિકાસ કરી ‘વિશ્વભારતી વિશ્વ વિદ્યાલય’ની સ્થાપના કરી.

૭/૮/૧૯૪૧ના રોજ આપણા વચ્ચેથી તે અલવિદા કરી ગયા.

એમનો જન્મ ૮/૫/૧૮૬૧ના રોજ થયો હતો.


**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬



**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**


# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઇ શકે. કાર્ય સફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ :** આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન :** આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ :** આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા :** આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા :** આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઇ-ભાંડુ અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન :** આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર :** આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ :** આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન :** આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# બાહુબલી-૨ ફિલ્મે ૧૦૦૦ કરોડની કરી લીધેલી કમાણી

મુંબઈ

પ્રભાસ અભિનિત બાહુબલી-૨ ફિલ્મ કમાણીના તમામ રેકોર્ડ તોડી ચુકી છે અને ૧૦૦૦ કરોડ રૂપિયાની ક્લબમાં સામેલ થનાર પ્રથમ ફિલ્મ બની ગઈ છે. આ ફિલ્મે દુનિયાભરમાં ડંકો વગાડી દીધો છે. એસએસ રાજામૌલીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૧૦૦૦ કરોડની કમાણી કરી લીધી છે. આ ફિલ્મે ભારતમાં હજુ સુધી ૮૦૦ કરોડ રૂપિયાની અને વિદેશમાં ૨૦૦ કરોડની કમાણી કરી છે. ભારતમાં ૮૦૦ કરોડ રૂપિયાની કમાણીના આંકડાને સમર્થન મળી ગયું છે. ફિલ્મ નિર્માતા કરણ જોહરે ટ્વિટ કરીને કહ્યું છે કે, આ સિદ્ધિ મેળવનાર બાહુબલી-૨ સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ બની છે. કરણ જોહરે એમ પણ કહ્યું છે કે, આ ફિલ્મને જે રીતે દુનિયાભરમાં પ્રતિસાદ મળી રહ્યો છે તેને જોઈને એમ કહી શકાય છે કે, આ ફિલ્મ ૧૫૦૦ કરોડની કમાણી કરી લેશે. આ બ્લોકબસ્ટર ફિલ્મના અભિનેતા પ્રભાસે પોતાના ફેસબુક પેજ ઉપર ચાહકોનો આભાર માન્યો છે અને કહ્યું છે કે તેમની ફિલ્મને જે રીતે પ્રતિસાદ મળી રહ્યો છે તેનાથી ખુશ છે. દુનિયાભરથી ચાહકોના મળી રહેલા પ્રેમથી તે પોતે અભિભૂત છે. પ્રભાસે લખ્યું છે કે, બાહુબલી ફિલ્મની યાત્રા ખુબ લાંબી રહી છે. પ્રભાસે ફિલ્મ નિર્દેશક રાજામૌલીનો પણ આભાર માન્યો છે અને કહ્યું છે કે, તેઓએ તેના ઉપર વિશ્વાસ મુક્યો હતો અને બાહુબલી જેવી લાઈફટાઈમ ભૂમિકા આપી હતી. બાહુબલી-૨એ આમિર ખાનની ફિલ્મ પીકે અને દંગલને પાછળ છોડી દીધી છે.

# વડગામમાં મૃતકના વારસદારોને એલઆઈસી દ્વારા વિમાની રકમનો ચેક અર્પણ કરાયો



પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં મેમદપુર- લિંબોઈ ચોકડી પાસે આવેલ ‘‘ગોકુળ નગર’’ ના રહીશ સ્વ. અભજીજી રામસંગજી સોલંકીનું ગત તા. ૧૧/૨/૨૦૧૭ ના રોજ અવસાન થયું હતું. જેથી એલ.આઈ.સી. એજન્ટ માંધજીભાઈ બી. ધુળીયા દ્વારા ક્લેઈમનું ફાઈલ મંજુર કરાવતાં બે વર્ષના પ્રિમિયમ સામે રૂા. ૨,૭૪,૪૦૦/- થતાં ગતરોજ એલઆઈસીના ઓફિસર પી.આર.ચૌહાણ કે.સી.મીનાની ઉપસ્થિતિમાં સરપંચ ભગવાનસિંહ સોલંકીના વરદ હસ્તે મૃતકના ધર્મપત્નિ નિતાબેન એ.સોલંકીને વિમાની રકમનો ચેક અર્ણ કરાયો હતો.

ચેક વિતરણ કાર્યક્રમમાં જિ.ભાજપ ઉપપ્રમુખ કાંનજીભાઈ ધુળીયા (કિસાન સેલ), ગ્રા.પં. સભ્ય ડી.એ. ધુળિયા, નાથુજી એમ. સોલંકી, ડેરીના પૂર્વ ચેરમેન બાબુજી એમ. સોલંકી, ડેરીના પૂર્વ ચેરમેન ચંદનસિંહ એમ. સોલંકી, હેમરાજભાઈ ધુળીયા, પંકજભાઈ પુરબિયા, ગણેશભાઈ પુરબિયા, કેહાજી સોલંકી, ભિખાજી સોલંકી, ધીરજભાઈ બારોટ સહિત ગ્રામજનો, એલ.આઈ.સી.ગ્રાહકો, વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

<u>ધુપસળી</u>

# ભક્તની ભાવના સારી અને સાચી હોવી જોઈએ

કલ્પ સાધનામાં હું તમને મદદ કરીશ. પરંતુ તમારે પણ એના માટે કંઈક કરવું પડશે. જો તમે કશું જ નહિં કરો ને ખાલી પૂજાપાઠ જ કરશો, તમારી અંદર સુધારો નહિં કરો, તો તમારો ઉદ્દેશ્ય કેવી રીતે પુરો થશે. આ શારીરિક કાયાકલ્પ થોડો છે કે જે ક્રિયાઓ કરવાથી પૂર્ણ થશે?

આ તો આંતરિક કાયા કલ્પ છે. આંતરિક કાયાકલ્પ માટે તમારી મનઃસ્થિતિને, ચિંતનને, વિચારધારાને, આસ્થાઓને અને દૃષ્ટિકોણને પણ બદલવો પડશે. જો આ કાર્ય કરી શકો તો વિશ્વાસ રાખજો કે બહારની મદદ પણ તમને જરૂર મળશે. સામાન્ય રીતે લોકો એવું માને છે કે દેવી દેવતાઓના ગુણગાન ગાવાથી આપણે ફાયદો ઉઠાવી શકીએ છીએ. પરંતુ લોકોનો આ ખ્યાલ ખોટો છે. દેવતાઓની કૃપા તો મળે છે. પરંતુ શરત પુરી કર્યા વગર નથી મળતી. કુપાત્રને પ્રભુકૃપા પ્રાપ્ત થતી નથી. પહેલાં પાત્રતા સિધ્ધ કરવી પડે છે. કુપાત્રોને દૈવી કૃપા મળે તેવી આશા રાખવી જોઈએ નહિં. દેવતાઓ પણ હોંશિયાર હોય છે.

મંત્રમાં પણ એવી શક્તિ હોય છે કે સુપાત્રોને જ ફળે છે. તમે પૂજાપાઠ કરશો એ સારી વાત છે, પરંતુ પૂજાપાઠથી દેવો પ્રસન્ન થાય એ મોટી ભૂલ છે. દેવો તો પૂજાપાઠ પાછળ રહેલી સાધકની ભાવના અને શ્રધ્ધાને જુએ છે. જો ભક્તની ભાવના સારી અને સાચી હશે તો નિશ્રીત રૂપથી ફળ મળે છે.

-પં.શ્રીરામ શર્મા આચાર્ય
સં.-દેવેન કે.વ્યાસ

# નાંદલા ગ્રામ પંચાયતના ઉપસરપંચ પદે બિનહરીફ વરણી



તા.પ્રતિનિધિ ધાનેરા

લાખણી તાલુકાના નાંદલા ગામે આંકડા અધિકારી એ.કે. મોડીયાના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળી હતી. જેમાં ઉપસરપંચ તરીકે વાઘેલા હિન્દુસીંગ ભમરસીંગની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

# રાજસ્થાનમાં દરેક બીજા ઘરમાં રસોઈ ઘર બન્યુ નથી

જયપુર

ગત અઠવાડીયે વસ્તી ગણતરી રિપોર્ટ ૨૦૧૧માં રાજસ્થાનની ગરીબીને લઈ ચોંકાવનારો ખુલાસો થયો છે રિપોર્ટ અનુસાર રાજસ્થાનમાં ગરીબીની એ સ્થિતિ છે કે સમગ્ર રાજયમાં દરેક બીજા ઘરમાં રસોઈ ઘર જ નથી.જયારે રાજયના મોટાભાગના ગરીબ લોકો પલમોનરી બીમારીથી પીડિત છે.

રિપોર્ટ અનુસાર દરેક બીજા ઘરમાં રસોઈ ઘર નહીં હોવાનો અર્થ એ છે કે રાજયમાં મોટાભાગના પરિવારોની પાસે રહેવાના ઘરના નામ પર ફકત એક જ રૂમ છે અને તેમાં તે પોતાનું ભોજન બનાવવા મજબુર છે.વસ્તીગણતરીના રિપોર્ટ અનુસાર રાજસ્થાનમાં ૬.૮૫ કરોડની વસ્તીની સરખામણીમાં ફકત ૧.૨૫ કરોડ જ ઘર છે.

સર્વેમાં એ પણ ખુલાસો થયો છે કે રાજયની લગભગ ૬૨ ટકા વસ્તી આજે પણ ભોજન પકાવવા માટે લાકડા પર જ નિર્ભર છે રાજયમાં લગભગ ૭૭૭૬૬૮૫ પરિવાર દરરોજ જલાઉ લાકડા પર ભોજન પકાવીને પોતાનું જીવન પસાર કરી રહ્યાં છે.

પર્યાવરણ શાસ્ત્રી વિષ્ણું લાંબાએ કહ્યું કે મેં ખુદ એક સર્વે કરાવ્યું હતું જેમાં જાણ્યુ હતું કે રાજસ્થાનમાં વનોની કટાઈનું મુખ્ય કારણ એ છે કે ત્યાં મોટાભાગની વસ્તી જલાઉ લાકડાથી જ પોતાનું ભોજન પકાવે છે. તેમણે કહ્યું કે રાજસ્થાનમાં ફકત ૨૪ ટકા પરિવાર જ એલપીજી ગેસનો ઉપયોગ કરે છે.હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ ઉજજવલા યોજનાથી અહીંના ગ્રામીણ લોકોને ખુબ લાભ થઈ રહ્યો છે અને હવે તેઓ જલાઉ લાકડાનો ઉપયોગ છોડીને એલપીજી પર ભોજન બનાવે છે.

# પ્રેમ કરવો કે તિરસ્કાર કરવો તારે વિચારવાનું મારૂ કામ તો માત્ર રાહ જોવાનું છે

## મનદર્પણ

મંજુ પ્રજાપતિ

રીયા અને રાહુલના લગ્ન નક્કી થઈ ગયા અને પરિવારની મિત્રતા સંબંધમાં પલટાઈ ગઈ બધા ખૂબ જ ખૂશ હતા. ફક્ત રીયાનું મન મૂંઝાતું હતું. રીયાને રાહુલ પસંદ નહોતો એવુ નહોતુ પરંતુ વીરેનને ખૂબ જ ચાહતી હતી. વીરેન સાથે સુખી લગ્ન જીવનના એણે સ્વપ્ના જોયા હતા. પરંતુ મમ્મી - પપ્પાની સામે કઈ બોલી ના શકી. પ્રેમની રજુઆત ના કરી શકી અને રાહુલ સાથે સગાઈ નક્કી થઈ ગઈ. લગ્નનું મુહુર્ત પણ નક્કી થઈ ગયું. એક મહિનામાં સગાઈ અને લગ્ન બંને પ્રસંગ ઉકેલાઈ જવાના હતા. બંને પરિવાર લગ્નની તૈયારી કરવા લાગ્યા હતા. રીયાનું કુટુંબ રાહુલના કુટુંબ કરતા વધારે સુખી અને સામાજિક રીતે મોભાદાર હતું રીયા સ્વભાવે સ્વતંત્ર મિજાજી હતી. પણ વડીલોના નિર્ણય સામે કંઈ બોલી શકી નહી. અને ધામધૂમથી લગ્ન લેવાઈ ગયા. રીયાએ લગ્ન તો કરી લીધા પણ જિંદગી સાથે સમાધાન ન કરી શકી. લગ્નની પહેલી રાત્રે જ એણે રાહુલને કહ્યું રાહુલ, વડીલોની ઈચ્છાને આધીન હું તારી પત્ની બની છું, પરંતુ મેં તને ક્યારેય પ્રેમ નથી કર્યો તારી ને મારી મિત્રતા જોઈ આપણાં બંનેના વડીલો એને પ્રેમ માની બેઠાં અને આ નિર્ણય લેવાઈ ગયો. તારા મનમાં શું વિચારો ચાલે છે મને નથી ખબર પણ તારે મને એક પ્રોમીસ આપવું પડશે !

રાહુલ વિસ્મયભરી નજરે રીયા સામે તાકી રહ્યો. શેનું ને કેવું પ્રોમીસ, રીયા !તારે મને પ્રોમીસ આપવાનું છે અને જિંદગીના અંત સુધી પાળવાનું છે. તારો ને મારો પતિ પત્નીનો સંબંધ આ રૂમના દરવાજા બહારનો રહેશે. આ રૂમની અંદર તું ને હું હંમેશા એક સારા મિત્રો બની રહીશું. રીયાના બોલાયેલા એ શબ્દો રાહુલને જાણે વજ્રઘાત સમા બની ગયા એ રીયાને ખૂબ જ ચાહતો હતો. રીયા સાથેના લગ્નથી ખૂબ ખુશ હતો. પણ પોતાના પ્રેમના સ્વપ્ન મહેલને રીયાએ પળવારમાં કડડભૂસ કરી નાખ્યો. એના દિલને ઊંડો આઘાત લાગ્યો પણ એ આઘાતને ચહેરા પર ના લાવતા સ્વસ્થ ભાવે કહ્યું. ઓ રીયા, તું જેમ ઈચ્છે છે, એમ જ થશે, તને તારી મરજી વિરૂધ્ધ ક્યારેય સ્પર્શ પણ નહીં કરૂ પણ સાથે સાથે એ પણ ચેલેન્જ આપું છું કે મારો પ્રેમ તને મારી પાસે ખેંચી લાવશે. હવે હું નહી પણ તું મારી પાસે દોડી આવીશ.. મારા તરફથી તને ક્યારેય કોઈ ફરિયાદ નહી મળે. ખુશને ચાલ હવે ચિંતા કર્યા વિના મન પર કોઈ પણ જાતની શંકા કુશંકા કર્યા વિના સૂઈ જા.. દિવસો પર દિવસો વિતવા લાગ્યા. રાહુલ રિયાને ખૂબ સાચવતો. બધાની સામે એ પતિ તરીકે જ વ્યવહાર ને વર્તન કરતો પણ એકાંતમાં એ રિયાનો હમદર્દ બની જતો રિયાને ક્યારેય કોઈ તકલીફ થવા દેતો નહી. એ સાસરે હોવા છતાં ક્યારેય કોઈ જ પ્રકારના બંધન એને નહોતા લાગવા દીધા. બધી જ પ્રકારની સ્વતંત્રતા આપી હતી. એના માટે એક અલગ કાર અને ડ્રાઈવરની વ્યવસ્થા હતી. એને જ્યાં જવું હોય ત્યાં જવા માટે ટાઈમનું પણ બંધન નહોતું. ઘરના સભ્યો વિરોધ ન કરે એ માટે રિયા જ્યારે ઘરની બહાર હોય ત્યારે રાહુલ પણ ઘરની બહાર કોઈ પાર્મા કે રેસ્ટોરામાં સમય પસાર કરતો. રીયાના ઘરે પહોંચવાના સમયે પહોંચી રીયાની સાથે ઘરે પહોંચતો જેથી ઘરનાને લાગતું કે બંને સાથે જ હતા. રાહુલ ખાવા - પીવાથી માંડીને રીયાના બધાં જ મોજશોખનો ખ્યાલ રાખતો, રીયાને ક્યારેય રાહુલ પાસે હાથ લંબાવવાની જરૂરિયાત ઉભી ન થવા દેતો, હંમેશા રીયાનું પર્સ રૂપિયાથી ભરેલું જ રહેતું. ક્યાં જાય છે ? શું કરે છે ? કોને મળે છે ? એની જાણકારી મેળવવાનો પ્રયત્ન રાહુલ ક્યારેય ના કરતો. તેમ છતાં રાહુલ રિયાના હૃદયમાં પોતાનું સ્થાન મેળવી શક્યો નહોતો. જ્યારે રિયા હંમેશા વિરેન વિશેજ વિચારતી, વિરેનને મળતી અને એની સાથે જો મોટાભાગનો સમય પસાર કરતી. વિરેન પાસે કોઈ નોકરી નહોતી, સાવ નવરો હતો. રિયાના પૈસે લ્હેર કરતો હતો પરંતુ રિયાને એની નબળાઈ દેખાતી નહોતી.

એકદિવસ એ વિરનને મળી ઘરે પાછી આવતી હતી. ઘરની નજીક પહોંચતા એણે રાહુલને ફોન કર્યો રાહુલ પણ એની સાથે થઈ ગયો. પરંતુ ઘરથી બસ એક કિલોમીટરના અંતરથી દૂર હતો ને રિયાની ગાડીને અકસ્માત નડ્યો જેમાં એને બંને પગે ફેક્ચર થઈ ગયું ઓપરેશન કરાવ્યું. ચહેરા પર ગાડીના કાચ વાગવાથી કપાળ અને ગાલ પર બે-બે ટાંકા લેવા પડ્યા. રિયાનો મિજાજ, અભિમાન ચકચૂર થઈ ગયું. હોસ્પિટલમાંથી સીધું એને પિયર જવાની ઈચ્છા હતી પણ રાહુલ એને પોતાના ઘરે જ લઈ ગયો. ફેક્ટરીનું તમામ કામ પોતાના પિતાને સોંપી દીધું અને પોતે રિયાની સારવારમાં લાગી ગયો. રિયા માટે નર્સને રાખવાની વાત એણે નકારી નાખી. અને રિયાની સારસંભાળ પોતે લેવા લાગ્યો. સતત છ મહિના સુધી એણે રિયાનું પ્રતિ સેકન્ડ ધ્યાન રાખ્યું સેવા કરી તેમ છતાં રિયાને સહેજ પણ ગીલ્ટી ફીલ થાય કે પોતે અહેસાન કરે છે એની સેવા કરીને એવો લેશમાત્ર ભાવ એણે દેખાવા ન દીધો. આ તરફ વિરેન રિયા તરફથી મળતા પૈસા, મોજ મસ્તી, ખાવા પીવાના જલસા બધું જ બંધ થઈ ગયું હતું. એક બે વાર તો રિયા પાસે એણે પૈસા પણ મંગાવ્યા, પરંતુ છેલ્લા બે મહિનાથી રિયાનો ડ્રાઈવર રજા પર જતા એ પણ બંધ થઈ ગયું. વિરેન પોતે ખૂબ જ હેન્ડસમ અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતો પુરૂષ એટલે બીજી પૈસાવાળા બાપની દિકરીને પ્રેમ જાળમાં ફસાવતા વાર ના લાગી ધીરે ધીરે એ રિયાને સાવ ભૂલી જ ગયો. એના તમામ કોન્ટેક્ટ નંબર પણ એણે બદલી નાખ્યા. ધીરે ધીરે રીયાને સારૂ થવા લાગ્યું. પોતે જાતે જ પોતાના કામ કરતી થઈ ગઈ ઘરમાં હરતી ફરતી થઈ ગઈ. એને માત્ર એક જ તાલાવેલી હતી કે પોતે ક્યારે સાજી થઈ જાય ને ક્યારે વિરેનને મળી આવે. વિરેનનો કોન્ટેક્ટ નહી થવાથી એને ખૂબ ચિંતા થતી હતી. એક દિવસ એ ઘરની કામવાળી પર ગુસ્સે થઈ ગઈ. બિચારીનો કોઈ વાંક નહોતો તેમ છતાં એને ધમકાવી નાખી. રાહુલે વિચાર્યું કે રીયા સતત છથી સાત મહિનાથી ઘરમાં ને ઘરમાં છે તો ક્યાંક નજીકમાં એને ફરવા લઈ જાય તો એનું મન હળવું થઈ જશે એટલે ઘરનાની મંડ માંડ રજા મેળવી એ નજીકના પાર્કમાં રિયાને લઈ ગયો. પોતે હાથ પકડીને રિયાને લોન પર ચલાવતો હતો ત્યારે રિયાની નજર એક કપલ પર પડી જે એક ઝાડની થડની આડશે એકબીજાની બાંહોમાં કસોકસ હતા અને એકબીજાને ચુંબન કરવામાં લીન હતા. રિયા એને તાકી રહી. પાંચ - દસ સેકન્ડ પછી બંને થોડા દૂર થયા એ જોઈ રિયાની આંખો ફાટી થઈ. ગુસ્સાથી ચહેરો લાલઘૂમ થઈ ગયો. વિરેનને બીજી છોકરી સાથે સેક્સી રોમાંસ કરતાં જોઈ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેઠી. વિરેન પાસે જઈ એને ઘણાં સવાલો પૂછવા હતા, પણ રાહુલની હાજરીનો અહેસાસ થતા એણે પોતાની જાત પર કંટ્રોલ રાખ્યો. વિરેનનો પરપોટા જેવો સ્વાર્થી પ્રેમનો પડદો હટી ગયો હતો. આંખ આગળ સત્ય હકિકત સામે આવીને ઉભી હતી. વિરેનની લુચ્ચાઈ એને હવે સમજાવવાની જરૂર રહી નહોતી. પોતાનાદિલને ખૂબ કોસતી હતી. વિરેન અને રાહુલ જેવી પ્રેમાળ વ્યક્તિ સાથે અન્યાય કર્યાની પીડા એના હૃદયને કોરી ખાતી હતી. રાહુલ માટે એના હૃદયમાં માન વધી ગયું હતું. દોસ્તીની જગ્યાએ પ્રેમના પુષ્પો ખીલી ચૂક્યા હતા. રાહુલને પ્રેમ કરવા માટે, એને પતિ તરીકે આ માટે એનું હૃદય તડપતું હતું. પરંતુ હિંમત કરી રાહુલને કહી શકતી નહોતી પણ રીયાના ચહેરાના ભાવને જાણી ગયો હતો. એને પણ સમજાઈ ગયુ હતુ.રિયાનો પ્રેમ જીતી લીધો છે. પણ રિયા સામે ચાલીને પહેલ કરે એની રાહ જો તો અને એ દિવસ આવી ગયો.સાંજના છ - સાડા છ વાગ્યા હશે, ને રિયા પોતાના રૂમમાં બેડ પર સુતી ટીવી પર એક મૂવી નિહાળતી હતી, જેમાં નાયક અને નાયિકાના લગ્નની રાતનો રોમેન્ટીક સીન ચાલતો હતો. રિયાને રાહુલ યાદ આવ્યો પોતાની પહેલી યાદ આવી. દેવતૂલ્ય વ્યક્તિને કરેલો અન્યાય અને તિરસ્કાર યાદ આવ્યો હૃદય ભરાઈ આવ્યું અને ડુસ્કા ભરીને ધ્રુસ્કે - ધ્રુસ્કે રડવા લાગી. રાહુલની આવતાની સાથે જ રિયાને રડવાનો અવાજ આવ્યો. એ ગભરાઈ ગયો નજીક પહોંચી ગયો. રાહુલના આવતાની સાથે રિયા એને વળગી પડી. પ્રેમનો એકરાર કર્યો. ખૂબ ખૂબ માફી માંગી, રાહુલના આનંદનો પાર ના રહ્યો સોરી રાહુલ મને માફ કરી દે વારે વારે બોલતી હતી એને રડતી ચૂપ માફ કર્યાનો અહેસાસ કરાવવા રાહુલે એને પોતાની બાહોંપાશમાં જકડી લીધી.રાહુલ માટે એના હૃદયમાં માન વધી ગયું હતું. દોસ્તીની જગ્યાએ પવિત્ર પ્રેમના પુષ્પો ખીલી ચૂક્યા હતા, રાહુલને પ્રેમ કરવા માટે, એને પતિ તરીકે અપનાવવા માટે એનું હૃદય તડપતું હતું. પરંતુ હિંમત કરી રાહુલને કહી શકતી નહતી.

# સદવિચાર ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને કપડાં વિતરણ



પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લામાં સદવિચાર ફાઉન્ડેશન છેલ્લા ૩ વર્ષથી કાર્યરત છે અને સદવિચાર ફાઉન્ડેશન દ્વારા અનેક પ્રકારની સેવાકીય પ્રવૃતિઓમાં આજે પણ મોખરે છે જેવી કે પક્ષીઓને પાણી પીવાના કુંડા વિતરણ, ગરીબ અને જરૂરિયાતમંદોને ઓઢવાના ધાબળા, બુટ મોજા, પુરી જોડી કપડાં અને વૃક્ષારોપણ જેવી પ્રવૃતિઓ સાથે કાર્યરત છે અને આ બધી વસ્તુઓ સોસીયલ મીડિયા જેમ કે વ્હોટ્સએપ, ફેસબૂક,ટ્વીટરના માધ્યમથી એકત્રિત કરવામાં આવે છે.ત્યારે આજ રોજ ધાનેરા તાલુકાના રાજોડા, આલવાડા, નાગલપુર જેવા છેવાડા અને જરૂરિયાતમંદ પરિવારોને અંજલિ કોઈટીયાના જન્મ દિવસ નિમિત્તેની ભેટ સ્વરૂપે સમગ્ર કાર્યક્રમનું આયોજન સદવિચાર ફાઉન્ડેશનના ચેરમેન રાહુલ કોઈટીયા, મનીષ કોઈટીયા, પરેશ કોઈટીયા, તેમજ હિતેષભાઇ રાજપૂત, પારસભાઈ સોની અને મહેશભાઈ ચૌધરી એ કર્યું હતું.

# થરાદ તાલુકાના નર્મદાના પાણીથી વંચિત ગામોને પાણી મળવાની આશા બંધાઇ

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠના સરહદી થરાદ તાલુકામાંથી ગુજરાતની જીવાદોરી નર્મદા પસાર થાય છે પણ તેનું પાણી જમણા કાંઠાના એક પણ ખેડુતને નહી મળતું હોવાના કારણે તાજેતરમાં તાલુકાની ૧૬ પંચાયતના સરપંચોએ કેન્દ્રના કૃષિ અને કિસાન કલ્યાણ તથા પંચાયતી રાજ્યમંત્રીને પાણી આપવા માટે લેખિત રજુઆત કરી હતી.મંત્રીએ રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીને કાર્યવાહી કરવા પત્ર લખતાં સરહદી તાલુકાના ખેડુતોમાં આનંદની લાગણી ફેલાવા પામી છે.

થરાદમાંથી પસાર થતી નર્મદા નહેરના જમણા કાંઠાના એટલેકે પુર્વ પટ્ટાના ખેડુતોને નર્મદાના એક પાણીનું ટીપુ પણ સિંચાઈ કરવા માટે મળતું નથી.આ પુર્વ પટ્ટા માટે રાહથી પસાર થતી સુજલામ સુફલામ કાચી કેનાલથી જળસ્ત્રાવ રિચાર્જ થશે અને ખેડુતોને ઉંચા આવનાર પાણીના તળનો લાભ મળશે એવો આશય હતો.પણ આ કાચી કેનાલનો હેતુ તેમાં પાણી નહી છોડાતાં બર નહી આવતાં પાણીથી વંચિત થરાદ પંથકના આ ગામોના ખેડુતો રાજ્ય સરકાર પાસે યેનકેન પ્રકારે પાણી આપવાની માંગણી કરી રહ્યાછે.

આ અંગે તાજેતરમાં થરાદમાં યોજાનાર કેન્દ્રના કૃષિ અને કિસાન કલ્યાણ તથા પંચાયતી રાજ્યમંત્રી પુરૂસોત્તમ રુપાલાની અધ્યક્ષતામાં ખેડુત શિબીર પહેલાં સોશીયલ મિડીયામાં થરાદ તાલુકામાં પાણીની સમસ્યા દિવસે ને દિવસે વધતી જાય છે ત્યારે સરકાર તરફથી કંઈ મદદ ન મળતી હોવાથી તાલુકાનો ખેડૂત બહુ દુ:ખી છે.વર્તમાન સમયમાં સામાજિક ખર્ચા કરતા પણ પાણી માટેના ખર્ચા વધતા જાય છે. ઘણા એવા ખેડૂતો પણ છે જે પોતાના આખા ખેતરમાં લગભગ ૧૦ થી ૧૫ જેટલા બોર કરાવ્યા છે તેમ છતાં પણ પાણી નહી હોવાના કારણે ખેડૂતોને બહુ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

નેતાઓ દ્વારા ખાલી વાતો કરવામાં આવે છે પણ સમસ્યા નું નિરાકરણ કઈ જ નથી.પાણીની માંગ નહી સંતોષાયતો ચુંટણીનો બહીષ્કાર કરી નેતાઓની શાન ઠેકાણે લાવવાના મેસેજથી ધુમ મચાવી હતી.

ભાજપના અગ્રણીઓ દ્વારા જ સરકારને નર્મદાનું પાણી લિફટીંગ કરીને પણ આપવાની અવારનવાર રજુઆતો કરવામાં આવી હતી.ત્યાર બાદ પુરુસોત્તમ રૂપાલાની સભામાં તાલુકાના વડગામડા, ભીમપુરા, માંગરોળ, કરણાસર, ગગાણા, કોઠીગામ, ભોરડુ, ઘેસડા, કરણપુરા, ઝેટા, પઠામડા, પડાદર, લુણાલ, પીલુડા, વાંતડાઉ અને મલુપુર પંચાયતના સરપંચો તથા થરાદ તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા રજુઆતો કરવામાં આવી હતી.આ અંગે પુરુસોત્તમ રૂપાલાએ રાજ્યના જળસંપત્તિ મંત્રી નાનુભાઈ વાનાણીને પત્ર લખ્યો હતો.જેમાં નર્મદાનુ મુખ્ય નહેરથી પુર્વ દિશાબાજુના નર્મદાના પાણીથી વંચિત રહેતા ગામોને પિયત માટે નર્મદાનું પાણી આપવા યોગ્ય ચકાસણી કરી કાર્યવાહી કરવાની ભલામણ પણ કરી હતી.આથી સરહદી પંથકના ખેડુતોમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

# પાલનપુરમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાલનપુર

જિલ્લાના પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સુચના મુજબ તેમજ હેતલબેન પટેલ (ઈન્ચાર્જ ના.પો.અધિ.પાલનપુર) ના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.યુ.બારડની સુચનાથી પો.સબ ઈન્સ. ડી.જી. ગોહીલ તથા મોટી બજાર પોલીસ સ્ટાફના માણસો સાથે મોટી બજાર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન હાથીખાના ચોક ખાતે એક ઈસમ આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમાડતો હોઈ તે ઈસમને પકડી તેનું નામ પુછતા સાબીર હુસેન ઉર્ફે સાકાર કાળુભાઈ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું. તેની અંગ જડતી કરતાં આંકડા લખવાની પાવતી તથા બોલપેન તથા રોકડ રૂા. ૧૩૧૦ સાથે પકડાઈ જઈ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો નોંધી કાયદેસર કર્યવાહી હાથ ધરી હતી.



# ડીસા સહિત જિલ્લામાં લગ્નોની ભરમાર જોવા મળી



નરસિંહ દેસાઈ

## અનેક જગ્યાએ સમુહલગ્નો સહિત ઠેરઠેર લગ્નોના મંડપ બંધાયા

પ્રતિનિધિ વડાવળ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ વૈશાખ માસને લઈ લગ્નોની મૌસમ જામતા ઠેરઠેર લગ્નો લેવાઈ રહ્યા છે. જેમાં ગઈકાલે રવિવારના દિવસે લગ્નોના શુભમુહુર્ત હોવાથી અનેક જગ્યાએ લગ્નોના મંડપ બંધાયા હતા. આમ તો અખાત્રીજનો દિવસ એ લગ્નો માટે શુભ દિવસ ગણવામાં પણ આ વર્ષે અખાત્રીજની તિથિનો ક્ષય હોવાના પગલે લગ્નોના મુહુર્ત ન હતા. ત્યારે ગઈકાલે વૈશાખ સુદ- ૧૨ ના દિવસનું લગ્નો માટે શુભમુહુર્ત હતુ જેથી રવિવારના શુભ દિવસે જિલ્લાભરમાં લગ્નો લેવાયા હોવાનું જાણવા મળ્યું છે.

અનેક જગ્યાએ આજના દિવસે સમુહ લગ્નોનું પણ આયોજન થયું હતું. આ ઉપરાંત અન્ય લગ્નોની સંખ્યા પણ ખુબ રહી હતી જેથી રવિવારનો દિવસ લગ્નોમય દિવસ રહ્યો હતા. જેના કારણે ઠેરઠેર ડી.જે.ના વરઘોડા શણગારેલી ગાડીઓ સહિત માંડવા રોપાયેલા જોવા મળ્યા હતા.

રવિવારના દિવસે એકીસાથે મોટી સંખ્યામાં લગ્નો હોવાથી ગોગ મહારાજ સહિત કેટરીંગવાળા, ફોટોગ્રાફર, ગાડીઓ, ડી.જે. સંચાલનની દોડધામ વધી ગઈ હતી. જિલ્લાના માર્ગો પર ઠેરઠેર લગ્નોની મૌસમ જામી હોય તેવા દ્દશ્યો જોવા મળ્યા હતા. શહેરો સહિત ગામડાઓ પણ લગ્નોની ભરમાર જોવા મળતા રવિવારના દિવસ લગ્નમય દિવસ બની રહ્યો તેવું જોવા મળી રહ્યું હતું.

# છાપી પોલીસ મથકના ચાર પોલીસ કર્મીઓની સામુહિક બદલી

પ્રતિનિધિ છાપી

જિલ્લા પોલીસ અધિક નિરજ બડગુજર દ્વારા તાજેતરમાં જિલ્લામાં ફરજ બજાવતા વિવિધ પોલીસ મથકના ૧૨૩ પોલીસ કર્મીઓની આંતરિક બદલીઓ કરવામાં આવી હતી. જેમાં છાપી પોલીસ મથકે ફરજ બજાવતા ચાર કર્મચારીઓની પણ સામુહિક બદલીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ વહીવટીય કારણોસર છાપી પોલીસ મથકે ફરજ બજાવતાં એ.એસ.આઈ. મોહનભાઈ ગલાભાઈની બદલી ભાભર પોલીસ મથકે રાઈટર પ્રતાપસિંહ મદારસિંહની બદલી થરાદ ખાતે ગોવિંદભારથી કેશાભારથીની બદલી હેડક્વાટર પાલનપુર અને રમજાનખાન ચાંદખાનની બદલી દિયોદર પોલીસ મથકે કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# વડગામ તાલુકાના નાગરપુરા ગ્રામ પંચાયતમાં ઉપસરપંચની બિનહરીફ વરણી

પ્રતિનિધિ પિલુચા

વડગામ તાલુકાના પિલુચા ગ્રામ પંચાયતમાંથી નાગરપુરા ગ્રામ પંચાયતને અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો આપવામાં આવેલ હતો. જેમાં નાગરપુરા ગ્રામ પંચાયતને અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો આપવામાં આવેલ હતો. જેમાં નાગરપુરા ગ્રામ પંચાયતની સરપંચ અને સભ્યો પદ માટેની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સરપંચ પદે નવા નાગરપુરાના લક્ષ્મીબેન હેમરાજજી ઠાકોરનો વિજય થયો હતો.

ત્યારબાદ તા. ૬/૫/૨૦૧૭ ના રોજ વડગામ તાલુકા પંચાયતના અધિકારી અને તલાટી અલકાબેન પટેલના અધ્યક્ષ સ્થાને સરપંચને વહીવટી ચાર્જ સોંપાયો હતો અને ડે.સરપંચ પદ માટે જૂના નાગરપુરાના તલાજી હેમાજી ઠાકોરની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાગરપુરા ગ્રામ પંચાયતના સરપંચ લક્ષ્મીબેન એચ. ઠાકોર, સભ્યો વાઘેલા શર્મિલાબેન બી. ચેતનાબેન આર. રબારી, સુરેશભાઈ વી. સેનમા, કુંવરબેન એસ.રાવળ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામ તાલુકા ભાજપની કારોબારીની બેઠક યોજાઈ

તા.પ્રતિનિધી વડગામ

વડગામના જલોત્રા નાગરિક શરાફી સ.મં.લી.ના મકાનમાં ગતરોજ રવિવારે તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે. રાણાની અધ્યક્ષતામાં કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે પ્રદેશ કિસાન મોરચા ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલા, તા. પ્રભારી ખુશાલભાઈ અંબાણી, વિસ્તારક કનુભાઈ પરમાર સહિત કાર્યકરો-પદાધિકરીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોરે સ્વાગત પ્રવચન કર્યું હતું, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરીએ બેઠકનું સફળ સંચાલન કર્યું હતું. જિ.યુવા મહામંત્રી ડી.વી. સોલંકી, જિ.પં. ડેલિગેટ મહેન્દ્રભાઈ ચૌધરી, અશ્વિનભાઈ સકસેના, ચિમનલાલ સોલંકી વગેરે પદાધિકારીઓએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. તા. ભાજપ પ્રમુખ પી.જે.રાણાએ સંગઠન મજબુત કરવા અનુરોધ કર્યો હતો.

# વાગડોદ ખાતે રબારી સમાજના નવમા સમુહ લગ્નોત્સવ યોજાયા

## ૨૨ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા




નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

રબારી સમાજ સમુહલગ્ન સમિતિ નકળંગ ધામ વાગડોદ તેમજ સમસ્ત રબારી સમાજ દ્વારા વાગડોદ ખાતે રબારી સમાજનો નવમો સમુહ લગ્નોત્સવનું આયોજન ગતરોજ તા. ૭/૫/૨૦૧૭ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ નવયુગલો પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

નકળંગ ધામ વાગડોદના મહંત શંકરનાથ મહારાજના માર્ગદર્શન હેઠળ રબારી સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા દર વર્ષે સમુહ લગ્નોત્સવનું આયોજન થાય છે. જેમાં રબારી સમાજના અનેક દાનવીર દાતાઓ દ્વારા દાન આપી સમુહ લગનોત્સવને સફળતા અપાવી રહ્યા છે. ત્યારે આ વર્ષે સવંત ૨૦૭૩ ને વૈશાખ સુદ-૧૨ ને રવિવાર તા. ૭/૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ સમુહલગ્નોમાં કુલ ૨૨ યુગલોએ સમાજની હાજરીમાં લગ્ન સંબંધના બંધનમાં બંધાઈ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

આ પ્રસંગે નવદંપતિઓને આશીર્વાદ આપવા રબારી સમાજના રાજકીય સામાજીક આગેવાનો સહિત સરકારી અધિકારી, રાજકીય પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં રબારી સમાજે હાજરી આપી હતી. સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે રબારી સમાજના યુવાનો સહિત સમુહ લગ્ન સમિતિના સભ્યોએ ખુબ સારી એવી જહેમત ઉઠાવી હતી.

# ધાનેરા શહેરમાં રોજનો અંદાજે ૪ કરોડનો સટ્ટો રમાતો હોવાની આશંકા

## સટ્ટાના ચક્કરમાં અનેક યુવાનો દેવાદાર બન્યા તો કેટલાક ઘર છોડી કરી આત્મહત્યા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકામાં અને શહેરમાં એક દિવસમાં રૂા.૪ થી ૫ કરોડના સટ્ટાના સોદા થતા હોવાની અંતે શહેરના અનેક યુવાનો દેવાદાર બન્યા છે તેમજ વ્યાજના ચક્કરમાં ફસાઈ અનેક આત્મહત્યા કર્યા હોવાના પણ બનાવો સામે આવ્યા છે.

**કઈ રીતે રમાય છે ક્રિકેટ મેચ ઉપર સટ્ટો ?**

હાલમાં આઈપીએલની ક્રિકેટ મેચ ચાલતી હોવાથી સટોડીયાની સટ્ટા રમાડવાની સીઝન પણ પુરબહારમાં ખીલી ઉઠી છે. જેમાં સમગ્ર સટ્ટા લાઈનની વાત કરવામાં આવે તો ક્રિકેટ સટ્ટાનું એક નેટવર્ક હોય છે. જેમાં એક ગ્રાઉન્ડ લાઈન હોય છે.જેને બોડી લાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બોબડીલાઈન દ્વારા દરેક રને અને બોલે એક વ્યક્તિ દ્વારાઅલગ અલગ ભાવ આપવામાં આવે છે અને આ ભાવ મુજબ સટ્ટો રમાતો હોય છે અને આઈપીએલ મેચની દરેક મેચમાં પહેલી યાદીમાં ચાર સેશન હોય છે.સેશન અને મેચ પર સટ્ટો રમતા હોય છે.

**ક્રિકેટના સટ્ટામાં નાણાંનો વહીવટ**

સમગ્ર મેચ દરમ્યાન જે વ્યક્તિ મેચ જીતે છે તેમને સવારે ૧૦વાગે બુકીઓ પૈસા પણ આપી દેતા હોય છે પરંતુ જે હારી જાય છે તેમને નિશ્ચિત કરેલા સ્થળે સવારે પૈસા આપી દેવાના હોય છે.

**યુવાનો કઈ રીતે ફસાઈ જાય છે વ્યાજખોરોની જાળમાં ?**

જ્યારે કોઈ વ્યક્તિ સટ્ટામાં હારી જાય ત્યારે બુકીઓ દ્વારા કે સટ્ટાનો વહીવટ કરતા માણસો દ્વારા પૈસાની ભરપાઈ કરવા માટે યુવાનોને ધમકાવવામાં આવે છે અને તે માણસ વ્યાજ વાળા વ્યક્તિ પાસેથી ઉંચા વ્યાજે પૈસા લેવા માટે મજબુર અને પઠાણી વ્યાજના ભરડામાં ફસાઈ જાય છે અને દેવું વધતાં અંતે ગામ છોડવાનો અથવા આત્મહત્યા કરવાનો વારો આવે છે.

ધાનેરામાં વાત કરવામાં આવે તો મળતી માહિતી મુજબ અનેક યુવાનો આવા વ્યાજના ભરડામાં ફસાઈ ગયા હતા અને હાલ પણ તેમની સ્થિતિ એવી છે કે જેમાં કેટલાય યુવાનોએ દેવું વધી જતાં ધાનેરા શહેર છોડી દીધું છે તો યુવાનોએ આત્મહત્યા કર્યાના બનાવો વારંવાર સામે આવ્યા છે. ત્યારે પોલીસતંત્ર દ્વારા આવાં સટ્ટોડીયા તત્વો સામે આકરાં પગલાં લેવાય તે જરૂરી છે.

# પિલુચા ગ્રામ પંચાયતમાં સરપંચ - ઉપસરપંચને વહીવટી ચાર્જ અપાયો



પ્રતિનિધિ પિલુચા

વડગામ તાલુકાના પિલુચા ગ્રામ પંચાયતની સરપંચ પદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરપંચ પદે ચંદ્રિકાબેન એન. મકવાણાનો વિજય થયો હતો.

ત્યારબાદ ગતરોજ તા. ૬/૫/૨૦૧૭ ના રોજ સરપંચ પદનો ચાર્જ અને ઉપસરપંચની ચૂંટણી યોજાઈ હતી. જેમાં વડગામ છાપી સર્કલના એમ.એમ. ચૌહાણ, એ.કે.પંડ્યા તેમજ પીલુચા ગ્રા.પંચાયતમાં ફરજ બજાવતા તલાટી ક.મંત્રી અલકાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ઉપ સરપંચ પદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં પીલુચા ગ્રા. પંચાયતના કુલ આઠ વોર્ડના ચૂંટાયેલા સભ્યોમાંથી ચાર સભ્યો નારાયણભાઈ કે. શ્રીમાળી, નરેન્દ્રભાઈ પી. મકવાણા, મીનાંબેન કે. પરમાર, ગીતાબેન આર. રાજપુત અને સરપંચ ચંદ્રિકાબેન એન. મકવાણાની બહુમતીથી ઉપ સરપંચ તરીકે નરેન્દ્રભાઈ પી. મકવાણાએ સુકાન સંભાળ્યું હતું અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચેખલા ગામે ટેન્કરમાંથી કેમીકલ ચોરતા બે શખ્સ ઝડપાયા



વિજય સીલ્વા

પ્રતિનિધિ શિહોરી

શિહોરી પોલીસે કાંકરેજ તાલુકાના ચેખલા ગામે હોટલના પાછળના ભાગેથી કેમીકલના છ કેરબા તથા બોલેરો ગાડી સાથે બે ઈસમોને ઝડપી પાડયા છે. એક મુખ્ય આરોપી ફરાર થઈ ગયો હતો.

જાણવા મળતી માહીતી મુજબ શિહોરી પી.એસ. આઈ. કે.એચ.મકવાણા તથા પો.કો. ભરતસિંહ જાડેજા તેમજ શૈલેષભાઈ વિગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આધારે કાંકરેજ તાલુકાના ચેખલા ગામે હાઈવે પર આવેલ આશીર્વાદ હોટલના પાછળના ભાગે કેટલાક ઈસમો કેમીકલ ભરેલા ટેન્કરના ડ્રાયવરો સાથે મેળાપીપણું કરી ટેન્કર માલીકની જાણ બહાર ટેન્કરમાંથી કેમીકલ કાઢી ચોરતા હોવાની હકીકત મળતાં પોલીસે હોટલના પાછળના ભાગે તપાસ કરતાં પાછળ બોલેરો ગાડીમાં પ્લાસ્ટીકના કેમીકલ ભરેલા કેરબા મળી આવ્યા હતા. જેના ઢાંકણા ખોલતાં કેમીકલ હોવાનું ભરેલું હોઈ અને ગાડીની બાજુમાં ઉભેલ એક ઈસમ લાલાજી ભુમાજી ઠાકોર રહે. ચેખલા હોવાનું અને મુશ્તાકભાઈ ઈશાકભાઈ સુલીયા ચંગવાડા તા.વડગામ જાણવા મળેલ. જેની પુછપરછ કરતાં તેઓએ કેમીકલ તેમજ ગાડી કીર્તિજી પ્રહલાદજી ઠાકોરની હોવાનું જણાવેલ. શિહોરી પોલીસે બે આરોપી લાલાજી ભુમાજી તેમજ મુસ્તાકભાઈ સુલીયાને પકડી પાડી કોર્ટમાં રજુ કરેલ અને ૨૯૦ લીટર કેમીકલ જેની કિં.રૂા.૧૪૫૦૦ અને બોલેરો ગાડી નં.જી.જે.૨ એ.૩૫૧૪ જેની કિં.રૂા.૨ લાખ મળી કુલ રૂા.૨,૧૪,૫૦૦ નો મુદામાલ કબ્જે કર્યો છે. પોલીસે આઈ.પી.સી.કલમ ૩૮૧, ૨૮૬, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરેલ અને મુખ્ય આરોપી કીર્તિજી પ્રહલાદજી રહે. ચેખલા તા.કાંકરેજની ધરપકડ કરવા સહિતની આગળની તપાસ શિહોરી પોલીસ ચલાવી રહી છે.

# મીઠી પાલડી ગામે દિયોદર તાલુકા ભાજપ કારોબારીની મીટીંગ મળી



નવીન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

દિયોદર તાલુકાના પાલડી મીઠી ગામે ગઈ કાલ તા.૭-૫-૧૭ ના રોજ લોકનિકેતન વિનયમંદીરના પ્રાંગણમાં દિયોદર તાલુકા ભાજપ કારોબારીની મીટીંગ મળી હતી. જેમાં રાજ્ય કક્ષાના મંત્રી કેશાજી ચૌહાણ સહીત પક્ષના દરેક કાર્યકર્તાઓ, મહામંત્રીઓ, પ્રમુખ- ઉપપ્રમુખો મોટી માત્રામાં હાજર રહ્યા હતા. સૌ પ્રથમ રાજ્યકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગિક પ્રવચનમાં આવનારી વિધાનસભા (ગુજરાત) ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને દિયોદર તાલુકા ભાજપની ટીમોને અબ કી બાર, ૧૫૦ કે પારના સુત્રને સાર્થક કરવા જણાવ્યું હતું. તદ્ ઉપરાંત પધારેલા દરેક કારોબારી મિત્રોએ પોત પોતાના મંતવ્યો આપ્યા હતા. આ મીટીંગમાં ઉપસ્થિત સભ્યોમાં ઈશ્વરભાઈ પટેલ (મહામંત્રી દિયોદર ભાજપ), પરાગભાઈ જોષી (પ્રમુખ તા.ભાજપ દિયોદર), વનરાજસિંહ વાઘેલા (જિલ્લા કિસાન સંઘ મહામંત્રી), ભરતભાઈ અખાણી (મહામંત્રી દિયોદર ભાજપ), દશરથભાઈ દેસાઈ ડી.કે. યુવા ભાજપ ઉપપ્રમુખ, રમેશભાઈ મોદી (સરપંચ પાલડી), ખેંગારભાઈ રાજપુત (ઉ.પ્રમુખ દિયોદર ભાજપ), નાગજીભાઈ દેસાઈ (યુવા ભાજપ પ્રમુખ દિયોદર) વિગેરે મોટી સંખ્યામાં કારોબારીના દરેક મિત્રો, અગ્રણીઓ જોડાયા હતા.

# નવા નેસડા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

પ્રતિનિધિ ભીલડી

ગુજરાત સરકાર દ્વારા દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે. છતાંય પણ ભીલડી પંથકમાં દારૂબંધીના ધજીયા ઉડી રહ્યા છે.

જ્યાં કડક કાયદાઓનો અમલ ન થતાં ખુલ્લેઆમ દારૂની હાટડીઓ ચાલી રહી છે. જે જુના બુટલેગરો દારૂના ધંધાઓ ફરીથી શરૂ કરી દીધા છે. ત્યારે ભીલડી પોલીસને મળેલ બાતમીના આધારે નવા નેસડા ગામના રાઠોડ રણજીતસિંહ ગાંડાજી પોતાની સીમેન્ટની ઈંટો બનાવવાની ફેક્ટરીમાં વિદેશી દારૂ રાખી વેચાણ કરી રહ્યો છે. જેથી પી.એસ.આઈ બી.એમ. મોઢવાડીયા તેમજ સ્ટાફ સાથે રેડ કરતાં સીમેન્ટની ફેક્ટરીમાંથી વિદેશી દારૂ બોટલ નં. ૧૬ ની કિંમત રૂા. ૧૬૦૦ નો મળી આવેલ પોલીસે આરોપી રાઠોડ રણજીત ગાંડાજીને ઝડપી લઈ સળીયા પાસે ધકેલી દીધો હતો. ભીલડી પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહના નિઃશુલ્ક વર્ગો શરૂ થવા અંગે...**
**શ્રી ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ એસ.એન.ડી.ટી.ઉ.મા. શારદા વિદ્યા મંદિર, ઉણ (કાંકરેજ)**

આથી ધોરણ ૧૦ એસ.એસ.સી.ની પરીક્ષા માર્ચ - ૨૦૧૭ માં આપેલ વિદ્યાર્થી ભાઈ - બહેનોને જણાવવાનું કે, ઉપરોક્ત ઉણની સંસ્થામાં ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહના નિઃશુલ્ક વર્ગો તા.૮/૫/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૮-૦૦ કલાકથી શરૂ થાય છે.

નોંધ : ધોરણ ૧૧-૧૨ સાયન્સ તથા સાયન્સ કોલેજના પ્રવેશ અંગે માહિતી માટે રૂબરૂ મળો.

આચાર્યશ્રી
મો.૯૮૯૮૯૧૮૯૮૧, ૯૬૬૨૭૫૫૦૭૭

હોટેલ મેનેજમેન્ટ (AP-IHM)
ASIA PACIFIC INSTITUTE OF HOTEL MANAGEMENT
1997 થી કાર્યરત | 2 કેમ્પસ ગુજરાતમાં
COURSES OFFERED
1. MBA (Hotel Mgt. & Tourism) ► 2 Yrs.
2. BE-BHMCT ► 4 Yrs.
3. BBA(Hotel Mgt. & Tourism) ► 3 Yrs.
4. BBA (Tourism & Airlines Mgt.) ► 3 Yrs.
5. Diploma/Certificate in Hotel Mgt. ► 1 Yr.
Asia Pacific Institute of Management
એડમીશન ઓપન 2017
1st Rank CSR-GHRDC Survey 2010
100% તાલીમ નોકરી
• India • Germany
• USA • China
• France • Malaysia વગેરે માં...
BBA / B. Com Gujarat University
Student Exchange Program in Poland, USA & New Zealand*
English Coaching | Scholarship | Bank Loan | Installments | Free Hostel
www.apimindia.net
HELPLINE : 08511194885 - 08347494800 - 079-27556140/41

## તંત્રી સ્થાનેથી ...

**સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.**

# હવેલી લેવા જતાં કેજરીવાલે દિલ્હી ગુમાવ્યું !

ગુજરાતીમાં એક કહેવત છે કે 'હવેલી લેવા જતા ગુજરાત ગુમાવ્યું.' દિલ્હી પ્રદેશની સરકાર પર વર્ચસ્વ ધરાવતી આમ આદમી પાર્ટી અને તેના નેતા અરવીંદ કેજરીવાલની આ સ્થિતિ થઈ છે. ૨૦૧૫માં દિલ્હીવાસીઓએ ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે આમ આદમી પાર્ટી (આપ)ના ૬૭ ઉમેદવારોને ચૂંટી મોકલ્યા હતા. પરંતુ ગયા અઠવાડીયે દિલ્હી શહેરના ત્રણે ત્રણ મહાનગર નિગમો (મ્યુનિસીપલ કોર્પોરેશનો)માં દિલ્હીવાસીઓએ આમ આદમી પાર્ટીને ભારે પછડાટ આપીને નિગમોનો વહિવટ ફરી ભાજપને સુપ્રત કર્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં દિલ્હીવાસીઓએ ભાજપને માંડ ત્રણ બેઠકો આપી હતી. પાછળથી ચાલુ વર્ષે યોજાયેલી પેટા ચૂંટણીમાં 'આપ'ની બેઠક છીનવીને દિલ્હીવાસીઓએ ભાજપને એ બેઠક ધરી દીધી હતી. અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન થકી અપાર લોકપ્રિયતા મેળવી રાજનીતિમાં આવેલા અરવીંદ કેજરીવાલને દિલ્હી (વિધાનસભા) વિજયનો એવો નશો ચડ્યો હતો કે તેઓ સમગ્ર દેશમાં છવાઈ જઈ વડાપ્રધાનની ખુરશી કબ્જે કરવાના સપના જોતા થઈ ગયા હતા. આ સપના સર કરવા તેમણે હાલમાં જ યોજાઈ ગયેલી પંજાબ અને ગોવા રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં સત્તા કબ્જે કરવાના ઉદેશથી ઝૂકાવ્યું હતું. કેજરીવાલ એવા સપના જોતા હતા કે બન્ને રાજ્યોની મતદારો તેમના પક્ષને યારી આપશે અને ત્યાં 'આપ'ની સરકારો રચાશે. પરંતુ પંજાબમાં કોંગ્રેસ વિજયી થઈ અને આમ આદમી પાર્ટીને માત્ર ૨૨ બેઠકો જ મળી. ગોવામાં તો મતદારોએ તેમના પક્ષના ભૂંડા હાલ કરી નાખ્યા. 'આપ'નો એકે ઉમેદવાર જીત્યો તો નહીં પણ તમામે તમામ ઉમેદવારોએ અનામત પણ ગુમાવી. એ પછી આવેલી દિલ્હી વિધાનસભાની પેટા ચૂંટણીમાં પણ 'આપ'ના ઉમેદવારની અનામત (ડીપોઝીટ) ડુલ થઈ ગઈ. જો પંજાબ અને ગોવામાં 'આપ'ની સરકાર રચાય તો કેજરીવાલનું લક્ષ તમામ રાજ્યોમાં આગળ વધવાનું હતું. ચાલુ વર્ષે નવેમ્બરમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણી સર કરવાના સપના પણ તેમણે જોયા છે પણ હવે ગુજરાત વિશેની રણનીતિમાં ફેરફાર કરવાનું 'આપ' નોગીરી વિચારી રહ્યાના અહેવાલ છે. કેજરીવાલના એક વખતના ગુરૂ અણ્ણા હજારેએ દિલ્હી પરજયના પ્રત્યાઘાત આપતાં જણવ્યું હતું કે, 'અરવીંદ કેજરીવાલે મારૂં ન સાંભળ્યું એટલે આ ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો છે. મેં કેજરીવાલનને કહ્યું હતું કે, 'પહેલાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં જે વચનો આપ્યા છે તેમ પુરા કરવા તરફ ધ્યાન આપો અને પુરા દેશમાં દિલ્હી મોડલને પ્રેરણાદાયક બનાવો. પણ કેજરીવાલ મારૂં ન સાંભળ્યું, જેથી આ પરિણામ આવ્યું છે.' હજારેએ વધુમાં જણાવ્યું છે કે 'અરવીંદ અન્ય રાજ્યોમાં ચૂંટણી લડવા ગયા પણ દિલ્હીને ભૂલી ગયા. જેના પગલે તેમણે હાર ખમવી પડી.' પંજાબ-ગોવાની હારમાંથી કેજરીવાલે કોઈ બોધપાઠ લીધો નહીં અને મહાનગર નિગમોની ચૂંટણીમાં ભાજપને હરાવવા નીકળી પડ્યા. ભાજપને લૂંટવા ગયા અને પોતે લૂંટાઈ ગયા. ૨૦૧૫માં દિલ્હીવાસીઓના દિલમાં મેળવેલું સ્થાન તેમણે ગુમાવી દીધાનું આ ચૂંટણીએ સાબિત કરી દીધું છે. આ જોતાં હવે કદાચ દિલ્હીમાં તેમની આ પહેલી ને છેલ્લી સરકાર હોઈ શકે છે. કેજરીવાલે દેશવાસીઓમાં બહુ આશા જગાવી હતી. કોંગ્રેસ અસ્તાચલે છે, ત્યારે દેશને મજબૂત વિપક્ષની ખોટ ઉભી થવાનો ભય ઉભો થયો છે. ત્યારે લોકોને કયાંક એવી આશા હતી કે કેજરીવાલનો પક્ષ ધીમે ધીમે મજબૂત વિપક્ષ તરીકે કેન્દ્રમાં ઉભો થશે. પરંતુ દિલ્હી જીતીને ત્યાં પાયો મજબૂત કરવાના બદલે તેમણે કાચા પાયા પર જ જીતની ઈમારત ચણવા માંડી. કામગીરીનું કોઈ ભાથું તેમની પોતા પાસે કંઈ હતું નહીં, એટલે ભાજપના વિજયી વેગને ખાળવા માટે ભાજપ અને તેના અતિ લોકપ્રિય નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપર શાબ્દીક આક્રમણો કરવા માંડ્યા. સાચા ખોટા આક્ષેપોનો તેમણે મારો ચાલાવ્યો. પ્રજા આવી હરકતો કદી સહન કરતી નથી. રાજનીતિના બિનઅનુભવી અરવીંદ તેમાં માત ખાઈ ગયા છે. દિલ્હીના વિકાસ તરફ ધ્યાન આપવાના બદલે સત્તાની શરૂઆતમાં જ દિલ્હી પ્રદેશના ઉપરાજ્યાપાલ અને કેન્દ્ર સરકાર સામે શાબ્દિક યુદ્ધ ચલાવ્યું હતું. પંજાબ-ગોવામાં હાર થઈ તેને પચાવવાના બદલે કેજરીવાલે ચૂંટણીમાં એવીએમ (મતદાન મશીનો)માં ગરબડ કરીને ભાજપે આમઆદમી પાર્ટીને હરાવ્યાના આક્ષેપો કર્યા હતા. દિલ્હી વિધાનસભામાં તેઓ જીત્યા ત્યારે આ જ એવએમ હતા. બિહારમાં ભાજપની કરારી હાર થઈ ત્યારે પણ આ જ એવીએમ હતા. કેજરીવાલે દિલ્હી મહાનગર નિગમોની ચૂંટણી એવીએમના બદલે મતપત્રકથી કરાવવાની માગણી સુપ્રીમ કોર્ટમાં કરી જોઈ હતી પણ તેમાં ફાવ્યા નહોતા. ચૂંટણી પંચમાં પણ તેમણે આ અંગે કરેલી અરજી ખારીજ થઈ હતી. ચૂંટણી પંચે તો એવીએમ સામે વાંધો ઉઠાવનાર તમામને પડકાર ફેંક્યો હતો કે, 'આવો અને અમારી સામે એવીએમમાં ગરબડ કરી બતાવો.' આપ સહિત કોઈ પણ રાજકીય પક્ષે આ પડકાર ઝીલ્યો નહોતો. એવીએમના ગરબડ અંગે સૌ પહેલાં આક્ષેપ કરનાર બહુજન સમાજ પક્ષના માયાવતીએ પણ આ પડકારનો જવાબ હજુ આપ્યો નથી. ખુદ આમ આદમી પાર્ટીમાંથી જ એક વર્ગ ઉભો થયો છે, તે કેજરીવાલની આક્ષેપબાજી પ્રત્યે અ સહમતી દર્શાવવા લાગ્યો છે. પક્ષમાં આ મુદ્દે મતમતાંતર જોવા મળી રહ્યા છે. આમ આદમી પાર્ટીના પંજાબમાંથી ચૂટાયેલા સાંસદ ભગવંત માને કહ્યું છે કે, 'અમારા નેતાઓ મહોલ્લા ક્રિકેટ ટીમના જેવું વર્તન કરે છે. દિલ્હી મહાપાલીકાની ચૂંટણીમાં કરારી હાર થઈ છે તે સ્વીકારવાના બદલે એવીએમના બહાને હારની જવાબદારી ખંખેરી નાખવી ઉચિત નથી. પહેલાં તો પાર્ટીએ જ આત્મ નિરક્ષણ કરવું જોઈએ કે, લોકોએ પક્ષને સત્તાથી દૂર કેમ રાખ્યો ?' 'આપ'ના અન્ય એક વરિષ્ઠ નેતા કુમાર વિશ્વાસે તો દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર સામેની નીતિ અંગે આકરા પ્રહારો કર્યા છે. કેજરીવાલનું નામ બોલ્યા વિના કુમારે કહ્યું છે કે, 'દિલ્હીમાં સરકાર રચતી વખતે તમે લોકોને ભ્રષ્ટાચાર મુક્ત દિલ્હીનું વચન આપ્યું હતું. પરંતુ તમારી નજીકના કેટલાક સાથીઓ ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો થયા ત્યારે તમે તેમને બચાવવાના પ્રશયાસો કર્યા હતા અને કોઇ નિવેદન આપવાનું પણ ટાળ્યું હતું. હવે લોકો તમને ટાળે તેમાં કોઇ નવાઇ નથી. દિલ્હીમાં પ્રચંડ બહુમતી સાથે સરકાર રચાતાં જ કેજરીવાલ હવામાં ઉડતા થઇ ગયા હતા. ચાપલુસી ન કરે તેવા સાથીઓને તેમણે ઢીંકે ચઢાવ્યા હતા. પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવ જેવા નજીકના નેતાઓન તેમને સલાહ આપવા ગયા તો તેમને ત્પક્ષનો દરવાજો બતાવીને હાંકી કાઢ્યા હતા. કોઈ પ્રતિભા નહીં ધરાવતા અને માત્ર કેજરીવાલની ચાપલુસી કરનારઓ માટે જ પક્ષમાં સ્થાન રહ્યું હતું. આજે દિલ્હીવાસીઓએ કેજરીવાલ અને તેમના પક્ષને દરજાજો બતાવી દીધો છે.

# કર્મ કરતાં રહો, કાલસર્પ દોષ અપાવી શકે છે રાજયોગ

કાલસર્પ દોષ વિશિષ્ટ વ્યક્તિઓને જ હોય છે. તેથી કાલસર્પ દોષને લઇને ચિંતા કરવાની જરૂર નથી. એક જૈન જ્યોતિષીએ કહ્યું હતું કે કૃષ્ણ પોતાની કુંડળીમાં રહેલા કાલસર્પ યોગના અશુભ પ્રભાવોને દૂર કરવા માટે મોર મુકુટ ધારણ કરતાં હતાં

એવા જાતકો જેમની જન્મ કુંડળીમાં કાલસર્પ દોષ છે તેમને આ રાજયોગ પણ અપાવી શકે છે. ઈતિહાસમાં એવા અનેક ચર્ચિત વ્યક્તિ હતાં જેમની જન્મ કુંડળીમાં કાલસર્પ યોગ હોવા છતાંય તેમને રાજયોગ મળ્યો. ઈતહિાસમાં ડોકિયુ કરીએ તો કાલસર્પ દોષ મોગલ બાદશાહ અકબર, ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ, મોરારજી દેસાઇ, ચંદ્રશેખરસિંહ, અમિતાભ બચ્ચન, દેવઆનંદ, સચિન તેંડુલકર, રાજકપૂરની જન્મ કુંડળીઓમાં હતો. કાલસર્પ દોષ વિશિષ્ટ વ્યક્તિઓને જ હોય છે. તેથી કાલસર્પ દોષને લઇને ચિંતા કરવાની જરૂર નથી. જ્યોતિષીઓના મતાનુસાર કાલસર્પ એક યોગ છે જે જાતકના પૂર્વ જન્મના કોઇ જઘન્ય અપરાધના દંડ કે શાપના કારણે તેની જન્મ કુંડળીમાં હોય છે. આવા જાતક વ્યક્તિ આર્થિક અને શારીરિક રીતે પરેશા તો હોય જ છે, મુખ્ય રીતે સંતાન સંબંધ કષ્ટ હોય છે. શાસ્ત્રો અનુસાર ૧૯૬૭મા સોલનમાં આયોજિત એક જ્યોતિષીય સમ્મેલનમાં કૃષ્ણના કુંડળી દોષ પર વિસ્તારપૂર્વક ચર્ચા થઇ હતી. ત્યાં એક જૈન જ્યોતિષીએ કહ્યું હતું કે કૃષ્ણ પોતાની કુંડળીમાં રહેલા કાલસર્પ યોગના અશુભ પ્રભાવોને દૂર કરવા માટે મોર મુકુટ ધારણ કરતાં હતાં. જ્યોતિષિઓનું માનવું છે કે કાલસર્પ યોગના તમામ લક્ષણો કૃષ્ણના જીવનમાં જોવા મળે છે. જેલમાં જન્મ થવો, ત્યારબાદ માતા-પિતાથી દૂર રહેલું કાલસર્પનો પ્રભાવ છે. કાલસર્પનો એક પ્રભાવ એ પણ હોય છે કે વ્યક્તિ ૩૬ વર્ષ બાદ તમામ પ્રકારનું એશ્વર્ય તો પામી લે છે પરંતુ તેનો ઉપભોગ નથી કરી શકતો. શ્રીકૃષ્ણ સાથે પણ આવું જ બન્યું હતું.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ક્રોધ

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

કહેવાયું છે કે, ક્રોધ એ આપણા શરીરનો અંદરનો શત્રુ છે. ક્રોધ કરવાથી ખુબ જ નુકશાન થાય છે. ક્ષણિક ક્રોધ થઈને બંધ થઈ જાય તો બરાબર પણ આખો દિવસ મોઢુ ચઢાવીને ફરીએ તો અંતે નુકશાન સહન કરવાનો વારો આવે જ. જીવન મળ્યું છે તો આનંદથી પસાર કરવાનું હોય અને કંઈ પણ કારણ વગર અમથા બીજાની ઉપર વારંવાર ગુસ્સે થઈએ તેનું પરિણામ ભયંકર આવે છે. સાધુ સંતોનો ક્રોધ ક્ષણિક હોય.. પણ સંસારીના ક્રોધનું કંઈ કહેવાય નહીં. જગતના સુધારા માટે સંતો ક્રોધ કરે તે વ્યાજબી છે. પણ આપણા જેવા લોકો સ્વાર્થ ખાતર ગુસ્સે થાય તે નકામું છે. વ્યસનો દૂર કરવા, વ્યાભિચાર હટાવવા માટે સજ્જન પુરૂષો ક્રોધ કરી શકે છે. જેમાં જગતનું કલ્યાણ રહેલું છે તે માટે આવેશમાં આવવું હીતાવહ છે. જે પુરૂષ સતત ગુસ્સે થતો હોય છે. તેનું અહીં કોઈ ભાવ પણ પુછતું નથી અને જે પુરૂષ સતત આનંદમાં હોય, હસતો હોય ને હસાવતો હોય તેના મિત્રો પણ ઘણા બધા હોય છે. તે જ્યાં જ્યાં જાય ત્યાં તેને સ્થાન મળી જાય છે. પણ ક્રોધવાળા વ્યક્તિથી લોકો દૂર ભાગે છે. ઘરમાં પણ લોકો ક્રોધવાળાથી ફફડતા હોય ત્યાં શાન્તિ ક્યાંથી આવે...! હા, જરૂર પડે ત્યાં આવેશમાં આવવું જોઈએ.. પણ ક્ષણિક. કંઈક હોદ્દા ઉપર હોઈએ ત્યારે નીચલા સ્તરના લોકો યોગ્ય કામ ન કરતા હોય ત્યાં તેને આવેશમાં આવવું પડે તો આવવું જોઈએ. તેના ક્રોધથી કામ સુધરતું હોય તો થોડોક રોષ બતાવી શકાય. પણ એ સમયે તેને તેના હૃદયમાં પ્રેમનો ભાવ તો હોવો જ જોઈએ. સામેના માણસનું અહિત ન થાય તે જોવું જોઈએ. પણ સંસારમાં તો બધાયે હળીમળીને રહેવાની જરૂર છે. હમણાં ડીસાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી શ્રીમદ ભગવદ ગીતા શાંતિનો માર્ગ એ વિષય ઉપર પાંચ દિવસીય શ્રી બ્રહ્મદર્શન સ્વામીનું અદભુત પ્રવચન યોજાયું હતું. જેમાં તેમને ક્રોધથી કેટલું નુકશાન થાય તે સંદર્ભ ઘણું બધું જણાવ્યું હતું.તેમાં તેમને એક દૃષ્ટાંત આપ્યું હતું કે સામાન્ય ક્રોધથી કેટલુ નુકશાન થાય છે..? તેમને જણાવ્યું હતું કે, પહેલાના સમયમાં લોકો પોતાના ખેતરમાં જે જે શાકભાજી વાવે તે વેચી ના નાખે. ગામમાં રહેતા દરજી, લુહાર, વાળંદ, મોચી, સુથાર વગેરેને આપતા અને અસરપરસ ધંધા પણ જળવાઈ રહેતા. પેલા વ્યવસાયકારો પણ મજૂરી ન લેતા. બદલામાં ખેતીનો પાક કે શાકભાજી લઈ લેતા. બસ આ રીતે ગામમાં સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહેતી. આવું જ એક ગામ હતું. એ ગામમાં પણ આ રીતે લોકો અરસપરસ જોડાયેલા હતા. તેમાં એક લવજીભાઈ દરજી પણ રહેતા હોય છે, તેમને રીંગણનું શાક ખાવાનો ખુબ જ શોખ હોય છે. રીંગણનું શાક દેખે ને આનંદમાં આવી જતા. એકવાર એવું બન્યું કે, આ લવજીભાઈ દુકાને કામ કરી રહ્યા હતા. ત્યાં ગામમાંથી કોઈક તાજાં તાજાં રીંગણાં આપીને ગયું. લવજીભાઈ તો ખુશ થઈ ગયા. તે રીંગણાં લઈને એકદમ ઘરે ગયા અને પોતાની પત્નિને રીંગણાં આપ્યા ને કહ્યું કે, આજે રીંગણનું શાક અને બાજરીના રોટલા બનાવજે. હું બપોરે જમવા આવું છું. એટલું કહીને લવજીભાઈ દુકાને જઈને કામ કરવા લાગ્યા. કામ કરતાં પણ તેમને તો રીંગણનું શાક જ યાદ આવે. મનમાં વિચારે કે, ક્યારે બપોરે જમવાનો સમય થાય ને ઘેર જઈને રીંગણનું શાક જમું. અને સતત આનંદમાં આજે વહેલા ઘેર જમવા માટે જતા રહ્યા. તેની પત્નિએ કહ્યું કે, આજે વહેલા કેમ આવ્યા...? કાયમ તો બે વાગે આવતા પણ આજે તો સાડા અગિયાર વાગે ઘેર આવી ગયા.. લવજીભાઈએ કહ્યું કે,મને આજે વધારે ભૂખ લાગી છે. લાવ ઝડપથી રીંગણનું શાક અને બાજરીનો રોટલો આજે તો હું ધરાઈને ખાવું.

લવજીભાઈની પત્નિએ કહ્યું કે, આપણી પરિસ્થિતિ બરાબર નથી. અને આ મોંઘવારીમાં બે શાક બનાવવાં પરવડે નહી એટલે તમે જ્યારે મને રીંગણાં આપવા આવ્યા હતા ત્યારે મેં અડદની દાળ બનાવી દીધી હતી. રીંગણા મેં મૂકી રાખ્યા છે.

સાંજે આપણે તેનું શાક કરીશું. ને પેલા લવજીભાઈને ક્રોધ ચડ્યો. ના બોલવાનું બોલી નાખ્યું.. બે ચાર થપ્પડ પણ મારી દીધી ને કહ્યું પણ ખરૂ કે ''આના કરતાં તો તું મરી ગઈ હોત તો સારૂં'' આ શબ્દો પત્નિના માનસ ઉપર અંકાઈ ગયા. પત્નિએ વિચાર્યું કે, હું જેમ તેમ કરીને ઘર ચલાવું છું, તો પણ આ માણસ મારી કદર કરતો નથી. એક ટાઈમે બે શાક બનાવવા પોષાય તેમ નથી. એક દાળ બનાવી તો પણ એને મારા તરફી આટલો ક્રોધ કર્યો.. આના કરતાં તો મરી જવું સારૂં એમ કહીને માથે બેડું લઈને પાણી ભરવાના બહાને એક ખેડૂતના ખેતરમાં ગઈ. કૂવાની પાળે બેડુ મૂકીને કૂવામાં પડીને મરી ગઈ. ખેડૂતને જ્યારે ખબર પડી કે કૂવામાં મડદું તરે છે ત્યારે પાળ ઉપર મુકેલ બેડા ઉપર લખેલા નામના આધારે ખબર પડી કે આ સ્ત્રી તો લવજીભાઈ દરજીની છે. તે ખેડૂતે તુરત જઈ લવજીભાઈને સમાચાર આપ્યા કે, તારી પત્નિ મારા ખેતરના કૂવામાં પડીને મરી ગઈ છે. આ સાત જ્યારે લવજીભાઈએ જાણી ત્યારે તેને પસ્તાવાનો પાર ન રહ્યો. ચિડીયા ચણ ગઈ ખેત, અબ પસ્તાવે કયા હોગાની જેમ સમય નીકળ્યા પછી તે સમય પરત આવતો નથી. ''આના કરતાં તો તું મરી ગઈ હોત તો સારૂ...' આ વાક્યે તો લવજીભાઈએ પત્નિ ગુમાવી અને હર્યાભર્યા સંસારને વેડફી નાખ્યો. સામાન્ય રીંગણના શાકે ભોળી પત્નિનો જીવ લીધો.

એટલે જ કહેવાયું છે કે, ક્રોધ એ માણસને જડમૂળથી કાઢી નાખે છે. ઘરમાં પણ કોઈક એકાદ માણસ ક્રોધ કરતો હોય ને બીજા લોકો પારેવડાની જેમ ફફડતા હોય ત્યારે ઘરમાં શાન્તિ ક્યાંથી આવવાની...! ઘરમાં શાન્તિ લાવવી હશે તો અંતર હૃદયમાં રહેલો ક્રોધ રૂપી શત્રુને દૂર કરવો પડશે. લવજીભાઈએ આ વાત એક ઉદાહરણ પુરૂ પાડે છે કે જીવનમાં ક્રોધ કરવાથી કેટલું નુકશાન થઈ શકે...! જીવનમાં શાન્તિ લાવવી હશે તો આ ક્રોધાગ્નિને પણ દૂર કરવી પડશે. ક્રોધાગ્નિ પોતાના શરીરને તો બાળે સંસારને પણ બાળી નાખે છે.

અને અંતમાં,

''મા'' સામે તો ક્રોધ કરવો જ ન જોઈએ. જે વ્યક્તિ ''મા'' સામે ક્રોધી બને છે તેને ભગવાન પણ માફ કરી શકતો નથી.

**પ્રવિણ એમ.નાઈ રતનગઢ**
**(તા.કાંકરેજ)**

# ભૂલ થાય ત્યારે સાથ છોડવાવાળા વધારે મળશે પણ

**ભૂલ સમજાવી, સુધારીને નિભાવવાવાળા બહુ ઓછા : વાત પ્રિતેશની.**

'વાહ.. દોસ્ત તું સરસ લખે છે. તું બહુ મોટો લેખક બનીશ...' અવનીશે પ્રિતેશને જ્યારે આ શબ્દો કહ્યા.. ત્યારે પ્રિતેશના બે પગ જમીનથી થોડા અધ્ધર ચાલતા હોય તેમ લાગ્યું.

અવનીશે પ્રિતેશને સાવ ખોટું નહોતું કહ્યું.. કોમ્પ્યુટર સાયન્સનું ભણતા ભણતા પ્રિતેશને લેખન પ્રત્યે લગાવ જાગ્યો હતો અને શહેરની જુદી જુદી સાહિત્ય સંસ્થામાં જવા લાગ્યો હતો.

એકડો ઘૂંટતા ઘૂંટતા તે ઝડપથી સારી કૃત્તિ રચવા લાગ્યો હતો. એમાં વળી નાટ્યક્ષેત્રે પણ ઝળકી ગયો. ઓછા સમયમાં વધુ સાફળતાનો સ્વાદ ચાખનારા પ્રિતેશને પોતાની નાની નાની ભૂલ દેખાવાનું બંધ થવા લાગ્યું હતું.




કોઈ સંસ્થામાં કોઈ જવાબદારી સોંપાય તો તે સ્વીકારે પછી તેને પૂર્ણ કરવા જેટલી તમીઝ તે ભૂલવા લાગ્યો હતો.

તેથી ક્યારેક પ્રિતેશનો મિત્ર મનન તેને કહેતો પણ ખરો- સફળતાની સાથે આવતી

કેટલીક ન ગમતી બાબતો તારામાં દેખાય છે દોસ્તી પણ... પ્રિતેશ તેને હસવામાં કાઢી નાખતો.

ભાઈ પ્રિતેશ ત્યારે તારે એટલું જ યાદ રાખવું રહ્યું કે 'ભૂલ થાય ત્યારે સાથ છોડવાવાળા વધારે મળશે પણ ભૂલ સમજાવી, સુધારીને નિભાવવાવાળા બહુ ઓછા મળશે.

રાવણ સાથે દુશ્મનાવટ હોવા છતાં જો રામ, લક્ષ્મણને/ રાવણ પાસે જ્ઞાન લેવા મોકલતો હોય અને લક્ષ્મણ પણ તે આજ્ઞા પાળતો હોય તો આપણે તો હજુ પાશેરમાં પ્રથમ પૂણી જેવા જ કહેવાઈએ

ઘૂસી જવાની આવડત વર્તમાન સમયમાં આવડવી જરૂરી છે. તેનાથી સફળ જરૂર થવાશે પરંતુ સતત એ જગ્યા પર ટકી નહીં રહેવાય દોસ્ત..

ત્યારે પુનઃ તારી જાતનું મુલ્યાંકન તારે કરવું જ રહ્યું.. અન્યથા સફળતા મળશે પરંત સાલસતા નહીં મળે તે નક્કી છે..

આપ શું માનો છો? એ મને મેઘ વર્ષા -૧૪- સપ્તગિરિ સોસાયટી નં. ૩ સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા ૩૯૦ ૦૧૧- અથવા મો. ૯૯૨૫૬- ૨૮૪૯૮ પર જણાવશો હોં કે!

સંવેદનાઃ નીચે બેસનારને ક્યારેય પડી જવાનો ભય લાગતો નથી.

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

# કથાસાગર-આચરણ જ સત્સંગ

એક શિષ્ય ગુરુ પાસે જઈને બોલ્યો, 'ગુરુજી, લોકો હંમેશાં પ્રશ્ન કરે છે કે સત્સંગની અસર કેમ નથી થતી? કૃપા કરીને તેનો ઉત્તર સમજાવો.' ગુરુજીએ તરત તો કોઈ પ્રતિક્રિયા ન આપી, પણ થોડી વાર પછી બોલ્યા, 'વત્સ, જા એક ઘડો મદિરા લઈ આવ.'

શિષ્ય મદિરાનું નામ સાંભળતાં જ અવાક રહી ગયો. ગુરુજી અને શરાબ? તે વિચારતો જ રહી ગયો. ગુરુજીએ ફરીથી કહ્યું, 'શું વિચારી રહ્યો છું? જા, એક ઘડો મદિરા લઈ આવ.' તે ગયો અને મદિરાનો ઘડો લઈ આવ્યો. પછી ગુરુજીએ શિષ્યને કહ્યું, 'આ બધી મદિરા તું પી જા.' શિષ્ય આ વાત સાંભળીને અચંબિત થયો. ગુરુજીએ ચેતવતાં કહ્યું, 'વત્સ, એક વાતનું ધ્યાન રાખજે, મદિરા મોંમાં લેજે પણ તેને ગળે ન ઉતારતો. જલ્દી તેને થૂંકી નાખજે. મદિરાને ગળાની નીચે ન ઉતારતો.

શિષ્યએ એ જ કર્યું. મદિરા મોંમાં ભરીને તાત્કાલીક થૂંકી કાઢતો, જોતજોતાંમાં ઘડો ખાલી થઈ ગયો. પછી આવીને તેણે ગુરુજીને કહ્યું, 'ગુરુદેવ ઘડો ખાલી થઈ ગયો.'

ગુરુજીએ કહ્યું, 'તને નશો ચડ્યો કે નહીં?' શિષ્ય બોલ્યો, 'ગુરુદેવ, નશો તો બિલકુલ ન ચડ્યો.' ગુરુએ કહ્યું, 'અરે, મદિરાનો આખો ઘડો ખાલી કરી દીધો અને નશો ન ચડ્યો? એ કઈ રીતે સંભવ છે?' શિષ્યએ કહ્યું, 'ગુરુદેવ, નશો તો ત્યારે આવે જ્યારે મદિરા ગળેથી નીચે ઉતરે, ગળા નીચે તો એક ટીપું પણ નથી ઉતાર્યું, પછી નશો કઈ રીતે ચડે?'

ગુરુજીએ સમજાવ્યું, 'સત્સંગને ઉપર-ઉપરથી જાણી લો છો, સાંભળી લો છો પણ ગળા નીચે ઉતારતા જ નથી, વ્યવહારમાં લાવતા નથી તો પ્રભાવ કઈ રીતે પડશે? સત્સંગ વચનોને કાનથી જ નહીં, મનના ઊંડાણથી સાંભળવાં પડે છે. એક-એક વચનને હૃદયમાં ઉતારવું પડે છે. એના પર આચરણ કરવું એ જ સત્સંગનાં વચનોનું સન્માન છે.'

# જ્યારે શિવજીએ કરી હતી બ્રહ્મ હત્યા અને નંદીને ગુરૂ માની લીધા

નાસિક ભારતના મહારાષ્ટ્ રાજ્યનું એક શહેર છે. આ શહેર કુંભ મેળાના કારણે પણ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે પરંતુ આ શહેરની વધુ એક ઓળખ પણ છે અને તે છે અહીંનું પ્રસિદ્ધ કપાલેશ્વર મંદિર જે ગોદાવરી તટ પર આવેલું છે.

એવું માનવામાં આવે છે કે સંસારનું આ એક માત્ર શિવ મંદિર છે જ્યાં તેમનું વાહન નંદી મંદિરમાં નથી. હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે કે કપાલેશ્વર મહાદેવ મંદિરમાં એક સમયે ભગવાન શિવજીએ નિવાસ કર્યો હતો. આ એ સમયની વાત છે જ્યારે બ્રહ્મદેવના પાંચ મુખ હતાં. ચાર મુખ વેદોચ્ચારણ કરતાં હતાં અને પાંચનું નિંદા કરતું હતું. નિંદા વાળા મુખથી શિવ નારાજ થઈ ગયા અને તેમણે એ મુખને બ્રહ્માજીના શરીરથી અલગ કરી નાંખ્યું. આ ઘટનાના કારણે શિવજીને બ્રહ્મ હત્યાનું પાપ લાગ્યું. આ જ પાપથી મુક્તિ પામવા માટે શિવજી બ્રહ્માંડમાં દરેક જગ્યાએ ફર્યા પરંતુ તેમને મુક્તિનો ઉપાય ન મળ્યો. એક વખતે જ્યારે તેઓ સોમેશ્વરમાં બેઠા હતાં ત્યારે એ વાછરડા દ્વારા તેમને આ પાપથી મુક્તિનો ઉપાય જણાવવામાં આવ્યો. વાછરડાના રૂપમાં નંદી હતાં.

તે શિવજી સાથે ગોદાવરીના રામકુંડ સુધી ગયા અને કુંડમાં સ્નાન કરવા કહ્યું. સ્નાન બાદ શિવજી બ્રહ્મ હત્યાના પાપમાંથી મુક્ત થઇ ગયા. નંદીના કારણે જ શિવજીની બ્રહ્મ હત્યાથી મુક્તિ થઇ હતી. તેથી તેમણે નંદીને ગુરૂ માની લીધા અને અહીં શિવલિંગના રૂપમાં સ્થાપિત થઇ ગયા. નંદી હવે મહાદેવના ગુરૂ બની ગયા તેથી તેમણે આ મંદિરમાં તેમણે સ્વયં સામે બેસવાનો ઈન્કાર કરી દીધો.

# અનંત નેશનલ યુનિવર્સિટી અજોડ,અનિસ્નાતક ફેલોશિપ પોગ્રામ જાહેર કરી રહ્યા છે




અમદાવાદ

અમદાવાદ સ્થિત અનંત નેશનલ યુનિવર્સિટી (એએનયુ) દ્વારા આજે એક અજોડ,એક વર્ષ માટેના ,અનુસ્નાતક ફેલોશિપ પોગ્રામ જાહેર કરી રહ્યા છે જેમનુ લક્ષ્ય સશક્ત ઉકેલ મેળવનાર તૈયાર કરવાકે જેઓ ભારતમાં વધુ યોગ્ય અને ટકાઉ આવાસોની ડિઝાઈન ,રચના, અને સાચવણી કરે. એએનયુ ગુજરાત રાજ્યના વિધાનસભા અધિનીય હેઠળ ,ભારતીય મૂળ અને વૈશ્વિક સ્થાયીત્વ સાથે ભારતમાં ટોચનીપાંચ યુનિવર્સિટી માંથી એકનું લક્ષ્ય રાખી ૨૦૧૬માં એક ખાનગી યુનિવર્સિટી તરીકે સ્થાપવામાં આવી .ભારતનાસૌથી અગ્રણી વ્યવસાયિકો , કેળવણીકારો , અને વિવિધ ક્ષેત્રોના ઔધોગિક નેતાઓ એક સાથે આવીને આ લક્ષ્યનીદિશામાં એએનયુ ને લઈ જવાની સુકાન સંભાળેલ છસ્થાપના વર્ષ (૨૦૧૭-૧૮)માં ,એએનયુ ૧૦૦ વિદ્યાર્થી ઓની શોધમાં છે , જેઓ તમામને ટ્યુશન અને વસવાટ ખર્ચ માટે વાર્ષિક ૭ લાખની સ્કોલરશીપ આપવામાં આવશે. કાર્યક્રમ બહુવિધ શિક્ષણ ,અનુભવ વિશે ડિઝાઈન કરવામાં આવેલ છે, અનંત ફેલોશિપ ,સામાજિક રીતે પ્રતિબદ્ધ વ્યવસાયિકો અને નવા વિચારો,જ્ઞાન અને પ્રશ્નોપુછવાની આવડત ધરાવતા , મૂલ્યાંકન કરી શકે , શોધ કરા શકે અને નિર્મિત બાંધકામને ફરી નિર્ધારિત કરી શકે એવા યુવાઓને સક્રિય રાખે છે. ૧૦૦% સ્કોલરશીપ અને બહુવિધ શિક્ષણ સાથે જોડાયેલ લક્ષ્ય સિવાય ,એએનયુ તેમના વિદ્યાર્થીઓને પોતાની જાતઅને તેમની સંબંધ કુશળતાની અસરને રુપાંતરીત રાખી કાયમી રાખવા પ્રખર કરી સતત કાર્યરત રહેવા ગાંધીફેલોશિપ (ભારતમાં સૌથી પ્રતિષ્ઠિત ફેલોશિપ )ના ભાગીદાર છે.અનંત ફેલો સિદ્ધાંત અને વાસ્તવિકતાના સંબંધનેસ્થાપિત કરવા ,નવા વિચારોને ચકાસવા , સંશોધનાત્મક ઉકેલો મુકવા કે જે સ્પષ્ટપણે સ્થાનિક જ્ઞાન , આબોહવા અનેવપરાશકર્તાઓની જીવનશૈલીને વિકસાવવા સ્થાનિક મ્યુનિસિપાલિટિસ સાથે મળીને જીવંત પ્રોજેક્ટસ પર કામ કરશે.વિશ્વના સૌથી શ્રેષ્ઠ શિક્ષણકારો,વિદ્વાનો અને વ્યવસાયકારો ફેલોશિપ માટે શિક્ષક તરીકે જોડાયા છે.એવી માન્યતા સાથે કે નિર્મિત વાતાવરણમાં બહોળા અને જટિલ પડકારો ને વિવિધ શિક્ષણ સાથે સંકળાયેલ વ્યવસાયિકો સાથે એકત્રિત થઈ કામ કરવાથી ઉકેલી શકાય છે , આ અત્યંત – સ્પર્ધાત્મક ફેલોશિપ તમામ વ્યવસાયિકઅને શૈક્ષણિક પાશ્વાદભૂ ધરાવતા ઉદ્યોગસાહસિક વિદ્યાર્થી આવેદન કરવા આમંત્રિત કરે છે , સ્થાપત્ય , ડિઝાઈનઅને આયોજન એન્જિનિયરીંગ શાખાઓ જેમકે સિવિલ અને બાંધકામ , અને અન્ય ક્ષેત્રોમાં અભ્યાસ કરેલ જેમકે પર્યાવરણ વિજ્ઞાન સાથે સંકળાયેલ શિક્ષણવિંદો ને અગ્રહક આપવામાં આવશે .

અનંત નેશનલ યુનિવર્સિટી આ સમયે અભ્યાસમાં ચાર પ્રોગ્રામ- ઉપસ્નાતક સ્તરે બેચલર ઓફ આર્કિટેક્ચર,બેચલરઓફ ઈન્ટિરીયર ડિઝાઈન, અને બેચલર ઓફ પ્લાનિંગ અને અનુંસ્નાતક સ્તરે અનંત ફલોશિપ ઓફર કરી રહ્યાં છે.તમામ પ્રોગ્રામ યુજીસી ગાઈડલાઈન્સ હેઠળ અનુસરવામાં આવે, બી.આર્ક. કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર દ્વારામાન્યતા પ્રાપ્ત છે. તમામ ચાર પ્રોગ્રામમાં અભ્યાસ કરવા પ્રવેશ હાલમાં ચાલુ છે. બી.આર્ક અને બી.પ્લાનમાં પ્રવેશએસીપીસી મારફતે હાથ ધરવામાં આવશે, જ્યાં બી. આઈડી અને અનંત ફલોશિપમાં પ્રવેશ એએનયું દ્વારા પ્રત્યક્ષ રીત હાથ ધરાવમાં આવશે.

## ઓપ્પો કેમેરા ફોન પ્રસ્તુત ઈન્ડિયા બનેગા મંચ સાથે કલર્સ લાઈવ ઓડિયન્સ એન્ગેજમેન્ટમાં વધુ એક ડાયમેન્શનનો ઉમેરો કરે છે



કોઈ જજ નહીં, કોઈ વોટ નહીં. શેરી જ મંચ છે અને તમારે બસ ભીડનું હૈયું જીતી લેવાનું છે. રાઈઝિંગ સ્ટારની સફળતાનો સ્વાદ ચાખ્યા પછી કલર્સ ઓપ્પો કેમેરા ફોન પ્રસ્તુત ઈન્ડિયા બનેગા મંચ સફળ ઈઝરાયેલી ફોર્મેટ, વિન ધ ક્રાઉડનું ઈન્ડિયન વર્ઝન સાથે લાઈવ ઓડિયન્સના જોડાણને નવી ઊંચાઈઓ પર લઈ જવા તૈયાર છે. સ્ટુડિયોની સીમા તથા સેલિબ્રિટી જજિસથી દુર જઈ, કૃષ્ણા અભષેક તથા મોના સિંઘ દ્વારા હોસ્ટ કરવામાં આવી રહેલ ઈન્ડિયા બનેગા મંચ, પોતાના ૫ મિનિટના પરફોર્મન્સમાં ભીડને ચમત્કૃત કરી નાંખે તેવા હુનરબાઝને પસંદ કરવા લાઈવ ઓન- ગ્રાઉન્ડ ઓડિયન્સને સશક્ત બનાવશે. નામ લેવા પૂરતાં દિલ્હીમાં રેડ ફોર્ટ અને દિલ્હી હાટ, મુંબઈમાં જુહુ બીચ અને કાલા ઘોડા, તથા કોલકાતામાં ન્યૂ માર્કેટ અને પ્રિન્સેપ ઘાટ જેવા આઈકોનિક લોકેશન્સ પર શોટ કરવામાં આવેલ. ઈન્ડિયા બનેગા મંચ શેરીઓને દરેક હુનરબાઝ માટે રમતનું મેદાન બનાવશે. તેઓનો સ્કોર પોતાના પરફોર્મન્સ દ્વારા તેઓ કેટલાં લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરે છે તેના આધારે દરેક લોકેશનના ટોચના પરફોર્મરને જીત કી સીટ પર લાવવા ગણવામાં આવશે. બીબીસી વર્લ્ડ વાઈડ એન્ટરટેનમેન્ટ દ્વારા પ્રસ્તુત ઈન્ડિયા બનેગા મંચ ૭ મી મે ૨૦૧૭ થી શરૂ થઈ, દર શનિવાર અને રવિવાર રાત્રે ૯:૦૦ કલાકે ટેલિવિઝનના પડદાઓ પર પાવર- પેકડ ટેલેન્ટ અને પરફોર્મન્સિસ લઈને આવશે.

# સમયનો સદુપયોગ

દરેક વ્યક્તિ પાસે સફળ જીવન જીવવા માટે એક અમૂલ્ય વસ્તુ છે 'સમય'. જે દરેક પાસે એકસરખા પ્રમાણમાં છે. જે સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે તે પ્રમાણમાં સફળ જાય છે. એક વાર ત્રણ-ચાર મિત્રો બેઠા હતાં ત્યારે અચાનક એક મિત્રે કહ્યું કે અનાજની ત્રણ સ્થિતિ છે : વાવવું, ચાવવું અને વેડફી નાખવું. તેનો કહેવાનો અર્થ એ હતો કે જો અનાજને વાવીએ તો વધારો થાય, ચાવીએ તો આનંદ મળે અને સંઘરીએ કે વેડફીએ તો બગાડ કે સડાને લીધે બગડી જાય. સમયનું પણ આવું જ છે. સમયને વાવે કે ઉપયોગ કરે તો તે વાવેલા દાણાની જેમ ઊગી નીકળે છે. જે સમય માણસ અભ્યાસ પાછળ ગાળે છે તે પોતાની જાતને સુધારવા પાછળ સમય ગાળે છે. પોતાના સંબંધો વિકસાવે છે તે સમયને વાવે છે. એવી જ રીતે સમયને ઉત્તમ રીતે સમયને ચાવે છે, એટલે કે જીવનમાં આનંદ પ્રાપ્ત કરે છે અને જે સમય ગાળેલો નકામો જતો રહે છે તે સમય વેડફાઈ જાય છે. જેનું કાંઈ જ ઉપજતું નથી. વાવેલો સમય વળતર અને લાભ આપે છે. ચાવેલો સમય આનંદ આપે છે. બાકી નકામો સમય વેડફાઈ ગયેલો સમય નિષ્ફળતાને આવકારે છે




# ઘૂંટણની સમસ્યા માટે વરદાનરૂપ ઝીરો એરર ટેક્નિક

આધુનિક ઝીરો એરર ટેક્નિક વડે માનવીય સંરચનાને હાનિ પહોંચાડયા સિવાય ફકત અડધા કલાકમાં ઘૂંટણ પ્રત્યારોપણ થઈ શકે છે. લોકોને આ ઓપરેશનની સંપૂર્ણ જાણકારી ન હોવાને કારણે કે સાચી જાણકારીના અભાવે લોકો ઓપરેશનના ડરથી ભયભીત બની જાય છે અને ઓપરેશન કરાવતા નથી અને કષ્ટદાયક જીવનજીવવું પસંદ કરે છે, પણ ઓપરેશન કરાવીને પીડામુકત થવા વિશે કદી વિચારતા નથી

ચિકિત્સા જગતમાં નિરંતર થતા સંશોધનના પરિણામે ક્ષતિરહિત ઘૂંટણ પ્રત્યારોપણ શકય બન્યું છે. આધુનિક ઝીરો એરર ટેક્નિક વડે માનવીય સંરચનાને હાનિ પહોંચાડયા સિવાય ફકત અડધા કલાકમાં ઘૂંટણ પ્રત્યારોપણ થઈ શકે છે. લોકોને આ ઓપરેશનની સંપૂર્ણ જાણકારી ન હોવાને કારણે કે સાચી જાણકારીના અભાવે લોકો ઓપરેશનના ડરથી ભયભીત બની જાય છે અને ઓપરેશન કરાવતા નથી અને કષ્ટદાયક જીવનજીવવું પસંદ કરે છે, પણ ઓપરેશન કરાવીને પીડામુકત થવા વિશે કદી વિચારતા નથી. જો ઘૂંટણ સંબંધી રોગોથી પીડાતા લોકો આ ઓપરેશન કરાવી લે તો તેઓ બાકીનું જીવન સારી રીતે જીવી શકે છે. ઘૂંટણ પ્રત્યારોપણની ઝીરો એરર ઓપરેશન ટેક્નિકની પાંચ વિશેષતાઓ છે

જે ઘૂંટણ પ્રત્યારોપણની અન્ય પદ્ધતિઓની સરખામણીમાં વધારે સુરિક્ષત અને સર્વોચ્ચ છે. (૧) ઓપરેશન દરમ્યાન કોઈપણ માંસપેશીને કાપવામાંઆવતી નથી

અનુસંધાન પાના નં.૬ ઉપર



# ટોન્સીલ્સ કાકડાની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — ડૉ. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

અત્યારે ઉનાળાનો ધોમધખતો તાપ પડી રહ્યો છે આકાશમાંથી અગ્નિ ગોળા વરસી રહ્યા છે. અનેક વર્ષોનો ગરમીનો રેકોર્ડ તુટી રહ્યો છે. અત્યારે ગરમીનો પારો ૪૪-૪૫ ની આસપાસ ચડી ગયો છે.

જેમ જેમ ગરમી વધારે પડે ત્યારે લોકો ઠંડી વસ્તુનું સેવન કરવા લાગી જાય છે. સામાન્ય રીતે કુદરતી રીતે શરીરને કે પેટને ઠંડક આપતી વસ્તુ લેવામાં આવે તો ગરમી સામે રક્ષણ મેળવી શકાય છે. જેમ કે માટલાનું પાણી પીવું, વરીયાળી, દુધી, ગુલાબનું શરબત પીવું, કાકડીના પતીકાં આંખો ઉપર લગાવવા, ખસનું શરબત પીવું, દહીં, છાશ લેવાં, તરબુચ, ટેટી વિગેરે ખાવું, શેરડીનો રસ પીવો આ સિવાય પણ અનેક ખાદ્ય પદાર્થો કે ઉપાયો છે જે શરીરને તેમજ પેટને ટાઢક આપે છે.

પણ અત્યારે કૃત્રિમ રંગોથી તેમજ અનહાઈજેનિક રીતે બનાવવામાં આવતી કુલ્ફી, ગોળા, આઈસ્કીમ તેમજ ઠંડા પીણાં જેમાં એસ્ટેડ વોટર આવે છે. કૃત્રિમ રંગો આવે છે, જલદ રસાયણો નાખવામાં આવેલા છે

તેવાં પીણાઓ તેમજ ફ્રીજનું પાણી વિગેરે આખો દિવસ લેવામાં આવે તે થોડા સમય માટે ઠંડક આપે છે પણ લાંબે ગાળે શરીરને તેમજ પેટને ખુબ જ નુકશાન કરે છે. ઠંડા પીણાં, આઈસ્ક્રીમ, કુલ્ફી, બરફ ગોળાથી ઘણી વાર શરદી, ખાંસી તેમજ કાકડાના રોગો થાય છે. આજે આપણે ગળાનાં કાકડા એટલે કે ટોન્સીલ વિશે જાણીશું તથા તેના ઉપચારો જાણીશું.

ગળામાં ટોન્સીલ્સ કે કાકડાની ગ્રંથિ જન્મથી જ હોય છે પણ તેના ઉપર સોજો આવે, ફુલી જાય, રસી થાય, સેપ્ટીક થાય ત્યારે ખુબ જ તકલીફ આપે છે. આજે આપણે ટોન્સિલ્સ કે કાકડાની દવા વિશે માહિતી મેળવીશું. ટોન્સીલ્સ નાનાં બાળકો તેમજ મોટી ઉંમરના લોકોને થાય છે. એમ કહેવાય છે કે નાની ઉંમરના બાળકોને ટોન્સીલ્સ થાય તો તેનો વિકાસ જલદી થતો નથી, ઉંચાઈ વધતી નથી તેમજ આંતરિક શક્તિ ઓછી થાય છે, જે બહારના રોગો સામે શરીરને રક્ષણ આપી શકતું નથી તથા બાળક થાકેલું, નિસ્તેજ, નબળુ તેમજ શક્તિહીન રહે છે.

### ટોન્સીલ્સ કાકડાની દવાઓ :

**૧.બાર્યાટાકાર્બ :** સામાન્ય રીતે બાળકો કે યુવાનોને કાકડા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. જે લોકોને શરદી લાગીને કાકડા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. ગળામાં દુઃખાવો થાય, જમણી બાજુ વધારે થાય, પાણી પીવાથી કે થુંક ગળામાં ઉતારવાથી ગળામાં વિશેષ દુઃખાવો થાય, આ સિવાય કાકડા ઉપર ચાંદા પડે, કાકડામાં પરૂ થાય ત્યારે આ દવા વિશેષ ઉપયોગી બને છે.

આ સિવાય આ દવા જે બાળકો મંદબુધ્ધિના હોય, બાળકો તેમજ યુવાનોની સ્મરણશક્તિ ઓછી હોય તેમને પણ આ દવા ઉપયોગી થાય છે. જે બાળકો ભરપેટ ભોજન લે ખુબ જ ભુખ લાગે છતાં શરીર સુકાવા લાગે, વજન ઘટવા લાગે, દુબળું થાય.

**૨. હીપારસલ્ફ:**ટોન્સીલ્સ કાકડાની આ ખાસ દવા છે. જે લોકો બરફ,ગોળા, કુલ્ફી, આઈસ્કીમ, ઠંડા પીણાનું વિશેષ સેવન કરે છે, જેને વારંવાર શરદી, ખાંસી થાય છે અને કાકડા થાય છે ત્યારે આ દવા ઉપયોગી બને છે.

કોઈપણ ખોરાક ખાવાથી કે પ્રવાહી પીવાથી ગળામાં ઉતારતા તકલીફ પડે, ગળામાં કોઈએ બુચ માર્યું હોય તેમ અવરોધ થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે. ગળામાં સોજો આવે રસી થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે. ઘણીવાર કાકડાને લીધે ગળામાં તો દુઃખાવો થાય, પણ કાનમાં પણ દુઃખાવો થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ફળોનો રાજા કેરી

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

ફલોતમા દ્રાક્ષ કહોય, સર્વગુણ સંપન્ન આમળાં કહેવાય, ઘર ઘરનું માનીતું આહાર અને ઔષધ લીંબુ સમજાય, મોસંબી, સંતરાનું નામ સાંભળીનેય મોંમાં પાણી છુટે પરંતુ કેરી તો સૌનો રાજા કહેવાય. કેરી વિના બધા જફળોની શોભા છીનવાઈ જાય પરંતુ આજે તો એવી મીઠી, મધુરી,ખટમીઠી, મઘમઘતી કેરીની મજા વનવાસીના બાળકો જ લઈ શકે છે. કારણ કે વનવાસીની પાસે ભલે જમીન ઓછી છે પરંતુ આંગણે આંબો, ચીકુ, જામફળી તો હોય જ.

અમદાવાદમાં આંબાવાડીમાં આંબા કયાંય નજરે પડતા નથી. વડોદરા એક જમાનામાં વડથી શોભાયમાન હતું તેમ આંબાવાડીયું અને આંબો કે વડ, પીંપળ, પીંપળો, લીમડો, ગરમાળો એ માનવીથી માંડી પશુ પક્ષી સૌને માટે શીતળ છાયા, હરીયાળી શાંતિ, સૌના આશ્રયદાતા તરીકે ખ્યાતનામ છે, આશીર્વાદ રૂપ છે પરંતુ આ બધામાં આંબાની વિશેષતા જુદી જ છે. કારણ કે તે તો પત્થર મારનારને ફળ આપનાર, સૌ પ્રતિ પ્યાર, વ્હાલ અને એકસરખો આશિષની ધારા વહેવનાર ઋષિતુલ્ય કહી શકીએ કે જે રાજા મહારાજાને ય ઉપકાર કરવાની શીખ આપે છે.

આજે શહેરમાં ને ગામડામાં કહેવાતી પાકી કેરી કાર્બેટ વિના તૈયાર થતી જોવા મળતી નથી. જે કાર્બેટ શરીરની સાતેય ધાતુ બગાડનાર, દોષોનો પ્રકોપ કરનાર, શ્વાસરોગ કરનાર, આંખ અને હૃદયને નુકશાન કરનાર છે. તેથી પોતાનું, પરિવારનું વિશેષ કરીને બાળકોનું આરોગ્યનું હિત ઈચ્છનારે કાર્બેટ વિના જ તૈયાર થતી કે ઘરે તૈયાર કરવામાં આવતી પાકી કેરી જ ઉપયોગમાં લેવી જોઈએ.

કાર્બેટથી તૈયાર થતી કેરીનું નુકશાન દુર કરવા માટે કેરીના રસમાં ગાયનું ઘી ઉમેરીને ખાવું જોઈએ. કારણ કે ઘી એ ઝેરનું મારણ છે, ઘીનું પાચન ન થાય તો ઉપર છાશ લઈ શકાય.

કુદરતી રીતે તૈયાર થતી પાકી કેરી, તેવી કેરીને, ચુસીને લેવાથી તે રસ પચવામાં હલકો, બળ આપનાર, હૃદયને તાકાત આપનાર, વજન વધારનાર, વજન વધુ હોય તેમણે ગભરાવાની જરૂર નથી. કેરી ચુસી શકાય અથવા રસમાં મધ અને સુંઠ ઉમેરી શકાય. શરીરમાં કાંતિને તેજ લાવનાર, સાતેય ધાતુ વધારનાર, વિષયઈચ્છા વધારનાર, વાયુ, પિત્તનો નાશ કરનાર, ભુખ લગાડનાર, આયુષ્ય વધારનાર, બળ, લોહી, માંસ અને શુક્રધાતુ વિશેષ વધારનાર છે. શરીરનો વર્ણ સુધારે છે.

**બાફલો :** બાફેલી કાચી કેરીનું પાણી, ગોળ, કાળી મરી જેવા મસાલા મેળવીને બનાવાતું સરબત બાફલો ઉનાળાની ગરમી લુ દુર કરનારૂં ઉત્તમ ઔષધ છે.

**કેરીનું શરબત:** સારી રીતે પાકી ગયેલ કેરીનો રસ પાણી મેળવી તેમાં ખાંડ, ઈલાયચી, લવીંગ, આદુ વગેરે ઉમેરીને જે સ્વાદિષ્ટ સરબત બને છે તે પીવાથી પિત્તનું શમન થાય છે, વાયુ મટે છે, ગરમી ઘટે છે, રૂચિ ઉત્પન્ન થાય છે, બળ અને વર્ણ વધે છે, તેનાથી થોડો કફ થાય છે, કફ દુર કરવા મધ ઉમેરી શકાય છે. આવું સરબત આખું વર્ષ ચાલે તેવું ખાંડની ચાસણીમાં વિધિ પ્રમાણે બનાવીને રાખી શકાય છે.

**કેરીની ગોટલીનો ગર્ભ :** તુરો, થોડોક મીઠો તેવો ગોટલીનો ગર્ભ ગુણમાં ઠંડો છે, ઉલટી ઝાડા મટાડનાર છે, ગરમી કફની ખાંસી, હૃદયનો દુઃખાવો મટાડનાર, મુખવાસ તરીકે પણ ઉપયોગી છે.

**કેરીનું પાપડ :** પાકી સુગંધી કેરીનો રસ કાઢી પાપડની પેઠે પાટલી ઉપર પાથરી, તડકે સુકવી રાખી મુકવામાં આવે, તેને કેરીનું પાપડ કહે છે. તે વાયુ નાશક, રૂચિ ઉત્પન્ન કરનાર, પચવામાં હળવા, મળ વાયુને બહાર કાઢનાર, તરસ અને ઉલટી મટાડનાર છે.

આવી છે ઋતુ ફળોનો રાજા કેરીની, હોંશે હોંશે અપનાવીએ.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# અમ્લપિત્ત (હાઈપર એસીડીટી) આયુર્વેદ મુજબ

**સાઈકોથેરાપીસ્ટ**

અમ્લપિત્ત (એસીડીટી) વાળા દર્દીઓને ઉનાળાની ઋતુ થતાં જ અમ્લપિત્તની તકલીફ વધી જાય છે. અમ્લપિત્તને સામાન્ય રીતે એસીડીટી કરે છે. જ્યારે આયુર્વેદમાં અમ્લપિત્ત કહેવાનું કારણ એ છે કે જઠરાગ્નિ મંદ થવાના કારણે ખોરાકનું પાચન કરનાર પિત્ત અપ્રાકૃત થઈ અમ્લરસયુકત (ખાટો) બની ન પચેલા ખોરાક સાથે ભળી એને અમ્લ બનાવે છે.

મોર્ડન મુજબ જઠરાગ્નિમાં એચસીએલ (હાઈડ્રોકલોરીક એસીડ)નું પ્રમાણ વધતાં કાર્બોહાઈડ્રેટ નું બરાબર પાચન ન થતાં ફર્મેન્ટેશન (આજીવન) આવતા અમ્લતાની ઉત્પત્તિ થાય છે. જેને તેઓ 'હાઈપર એસીડીટી' કહે છે.

અમ્લપિત્ત (એસીડીટી) થવાનાં કારણો

વધુ પડતું ભોજન, ભોજન વચ્ચે વધુ પડતું પાણી પીવાની આદત, ખુબ ગરમ તીખું, તળેલું ચીકાશયુકત ભોજન લેવાની આદત, વધુ પડતું ખાટું ખાવાની ટેવ, સીગારેટ, દારૂની આદત, પેશાબ, મળમૂત્રના વેગોને રોકવાની ટેવ બપોરે ઉંઘવાની ટેવ આ બધા જ કારણોથી એસીડીટી થઈ શકે છે. આમાંથી કોઈપણ એક કારણનું સેવન થવાથી પિત્તદોષ પ્રકુપિત થઈ જઠરાગ્નિ મંદ પડે છે અને ભોજનનું પાચન ન થતાં અમ્લભાવમાં પરીણમે છે. માટે અમ્લપિત્તની તકલીફ સર્જાય છે.

લક્ષણો : સામાન્ય રીતે ખાટા અથવા કડવા ઓડકાર અથવા ખાટી, કડવી ઉલટી થવી, મુખ્ય લક્ષણ છે. પરંતુ બીજા લક્ષણો પણ સાથે જોવા મળે છે. જેમ કે છાતી અને ગળામાં બળતરા, પેટમાં દુઃખાવો, માથાનો દુઃખાવો, હાથ પગમાં બળતરા, પરિશ્રમ વગર થાક લાગવો, આખું શરીર ગરમ લાગે, ભોજનની ઈચ્છા જ ન થવી, વધુ પડતી તરસ લાગવી, બેભાન થઈ જવું, ચક્કર આવવા.

ચિકિત્સા : સામાન્ય રીતે આયુર્વેદમાં સૌ પ્રથમ શોધન ચિકિત્સા કરવાનું કહ્યું છે. કારણ કે શોધન ચિકિત્સાથી શરીરનું શુદ્ધિકરણ થઈ જાય છે. શોધન ચિકીત્સામાં પંચકર્મનો સમાવેશ થાય છે. અમ્લપિત્તમાં સૌ પ્રથમ પંચકર્મ માત્રા એક કર્મ વમનકર્મ સૌ પ્રથમ કરાવવાનું કહેલ છે.જેનાથી હોજરીમાંના દુષિત કફ કે પિત્તનું શોધન થતાં હોજરી (આમાશય) શુદ્ધ થઈ જાય છે અને પછી વધેલા દોષો માટે વિરેચન કર્મ કરાવવાનું કહ્યું છે.આ વામનકર્મ અને વિરેચન કર્મમાં શાસ્ત્ર અનુસાર ત્રણથી સાત દિવસ સાદુ ગાયનું ઘી અથવા ઔષધસિદ્ધથી પીવરાવવામાં આવે છે. જેનાથી દોષોનો ઉત્કલેશ થઈ હોજરીમાં આવી જાય છે અને પછીના દિવસે (અભ્યંગ માલીશ), સ્વેદન (શેક) કરવામાં આવે છે. જેનાથી વધેલા દોષો હોજરી (આમાશય)માં આવી જાય છે. મન અથવા વિરેચન કર્મના દિવસે વમન અથવા વિરેચન થાય એવી ઔષધ આપવામાં આવે છે. જેનાથી કોઈપણ જાતના પ્રયત્ન વગર શરીરમાંથી દોષો વમન (ઉલટી) અથવા વિરેચન (ઝાડા) દ્વારા બહાર ફેંકાય છે અને શરીરનું શોધન (શુદ્ધિકરણ) થાય છે.

શમન ઔષધો : પંચકર્મ કરાવ્યા પછી તે ઔષધનું સેવન કરવામાં આવે તો તરત જ અસર કરવા લાગે છે. ખુબ જ ઝડપથી ફાયદો થાય છે. આમળાના રસનું અથવા આમળા ઘનવટીનું સેવન નિયમીત કરવાથી અમ્લપિત્તનું શમન થાય છે. સાથે ગુડુચીના પાનનો રસ અથવા ગુડુચી ઘનવટીનું સેવન કરાવવું.

એલાદિચૂર્ણ, અવિપત્તિકર ચૂર્ણ, દ્રાક્ષાદિ ચૂર્ણ આ ત્રણેય ચૂર્ણમાંથી કોઈપણ ચૂર્ણનો ઉપયોગ કરી શકાય.શતાવરી, જેઠીમધ, ગુડુચી ચૂર્ણનું મિશ્રણ કરી દુધ સાથે નિયમિત સેવન કરવાથી અમ્લપિત્તનું શમન થાય છે.

નીયમિત સવાર સાંજ દુધની અંદર શતાવરી ઘૃત એક ચમચી મીક્ષ કરી પીવું.

ગરીબ દર્દી હોય તો સોડાબાય કાર્બ (સર્જક્ષાર) ના સાદા પ્રયોગથી પણ અમ્લપિત્તમાંથી છુટકારો મેળવી શકાય છે.

જ્યારે રસઔષધીનાી પ્રયોગમાં સુતશેખર રસ, કામદુધા રસ, પ્રવાલ પંચામૃત, પ્રવાલપિયરી, મુકતાપીપરીમાંથી કોઈપણ ઔષધનો પ્રયોગ કરી શકાય.

કોઈપણ ઔષધનો પ્રયોગ કરતા પહેલાં પોતાની પ્રકૃતિને કઈ દવા ઔષધ માફક આવશે એનું માર્ગદર્શન નિષ્ણાંત વૈદ્ય ચિકિત્સક પાસેથી લેવું.

**અપથ્ય આહાર વિહાર:**

દહીં, ટામેટા બિલ્કુલ બંધ કરી દેવું.આથાવાળી ચીજવસ્તુ, બેકરીની આઈટમ, મેદાની આઈટમ બિલકુલ બંધ કરવી.તીખી તળેલી ચીજવસ્તુઓ, બહારના નાસ્તા બિલકુલ બંધ કરી દેવા, દારૂ, સીગારેટ બંધ કરવા. પથ્ય આહાર વિહારનિયમિત તાજું ભોજન જ લેવું.દાળ, ભાત, શાક, રોટલી લઈ શકાય.

નિયમિત સવાર સાંજ દુધ પીવું. ક્રોધ, ચિંતા ના કરવી.

મનને પ્રસન્ન રાખવું.

# સહનશીલતાનો ગુણ કેળવ્યા વિના જીવનમાં એક પણ સફળતા મળતી નથી

**મન બિલોરી કાચ** — મંજુ પ્રજાપતી

સહન કરવું એટલે કોઈ પ ફરિયાદ વિના સહર્ષ સ્વીકારી લેવું. આપણે જીવનમાં દરેક ક્ષેત્રે સહનશીલતા કેળવીને, ઠોકરો ખાઈને જીવનનું ભાથું બાંધીએ છીએ જેમ સોનાને ટીપવાથી અને લોખંડને તપવાથી કિમતમાં વધારો થાય છે તેમ આપણા જીવનમાં સહનશીલતાના ગુણ દ્વારા આપણે પર્વત જેવા અડગ મનોબળવાળા બનીએ છીએ. જેમ હીરાને જેટલો ઘસીએ એટલી વધારે ચમક આપે છે એમ મુશ્કેલીઓ, દુઃખોને તથા ઠોકરોને સહન કરી કરીને માનવી સો ટચના સોના જેવો બની જાય છે. આપણું હૃદય ચોખ્ખું નિર્મળ બને છે. આ બધું જ સારા પણાના ગુણ માત્ર સહનશીલતાના ગુણથી જ કેળવાય છે. ભૂતકાળ તરફ દ્રષ્ટિપાત કરીએ તો સંતો મહાત્માઓ, મહાન વિભુતિઓને આપણે યાદ કરીએ છીએ, હજી આજે પણ જેઓ અમર છે તેઓ સહનશીલતાનો ગુણ દ્વારા જ ઉચ્ચ સ્થાને બિરાજ્યા છે. ભગવાન રામ, સતી સીતા, ઉર્મિલાને આપણે શા માટે યાદ કરીએ છીએ કારણકે એમને ખુબ સહન કર્યું. સમસ્ત વિશ્વના ઘડનાર ભગવાન રામને પણ દુઃખો મુશ્કેલીઓ વેઠવી પડી હતી અને એટલે જ આજે આદર્શ ઈશ્વર તરીકે આપણે એમની પૂજા કરીએ છીએ. કૃષ્ણ વિરહિણી રાધાએ વિયોગના દુઃખમાં વર્ષો ગાળ્યા ત્યારે ભગવાન કૃષ્ણની સખા બની. હરિશ્ચંદ્રે સત્ય ખાતર રાજ્ય, પત્ની, બાળક રોહિતને ત્યજ્યા ખુબ કષ્ટ સહન કર્યું ત્યારે ઈશ્વર પ્રસન્ન થયા. પ્રહલાદે પોતાના રાક્ષસ પિતાના અપાર દુઃખો સહન કર્યા ત્યારે 'ભક્ત' પ્રહલાદ બન્યો ઈશ્વરના ખોળામાં બિરાજ્યો. ધ્રુવે એક પગે ઉભા રહી તપ કર્યું ત્યારે ભગવાન વિષ્ણુના હૃદયમાં સ્થાન મેળવ્યું. ભગવાન ઈસુને યહૂદીઓની અનેક યાતનાઓ વેઠી જીવતા ખીલાથી ક્રોસ પર જડી દેવામાં આવ્યા હતા પ્રેમમૂર્તિ ઈસુએ લોકોને માફ કર્યા. પ્રાર્થના કરી કે હે પ્રભુ આ લોકોને તું માફ કરજે કારણકે એ અબુધ છે એમને ખબર નથી કે અમે શું કરીએ છીએ. કેટલી સહનશીલતા, ત્યાગ ભાવના, વાત્સલ્ય અને એટલે જ આજે ભગવાન ઈસુની પૂજા કરે છે સમાજ.વ્યક્તિ જન્મે છે ત્યારથી માંડીને એ ઘરડો થાય મૃત્યુ પામે ત્યાં સુધી બાળપણ(શૈશવ) યુવાની, ઘડપણ એમ ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. જેમાં અનેક પ્રકારના સંકટોનો સામનો કરવો પડે છે. મુશ્કેલી, દુઃખો તો માણસની અંદર રહેલા સહનશીલતાના ગુણને ઉજાગર કરે છે પણ આ ગુણ દરેકનામાં જોવા નથી મળતો કારણકે આ ગુણને કેળવવો ખુબ જ અઘરો છે પરંતુ એકવાર અપનાવ્યા પછી તેને જીવનમાં, સ્વભાવમાં વણવામાં વાર નથી લગતી. ગમે તે પરિસ્થિતિને એટલે કે અણગમતી હોય કે ગમતી હોય પરંતુ એને સહન કર્યા વગર તો ચાલવાનું જ નથી તો પછી ના છુટકે શા માટે? હસતાં મુખે કેમ નહિ? રોજ સવારે ઉઠીને પથારીમાં જ નક્કી કરી લેવું આજે દરેક પરિસ્થિતિને સહર્ષ સ્વીકારી લઈશ. એને ઈશ્વરની મરજી ગણી હસતાં મુખે સહન કરી લઈશ. આમ કરવાથી આત્મ વિશ્વાસ ખીલશે ધીરજનો ગુણ કેળવાશે આંતરિક બળમાં વધારો થશે. કુંભાર કાચી માટીના પીંડામાંથી સરસ મજાનું માટલું બનાવે છે ત્યારે એ માટીને એ આકાર પામવા માટે કુંભારના ટપલાના ઘા ઠોકર સહન કરવા પડે છે. નિર્માણની આગમાં તપવું પડે છે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# વાળ ખરવા (હેર ફોલીંગ)

**આરોગ્ય સંહીતા**

**વાળ ખરવાનાં કારણો :**

લાંબી બીમારી, ડીલીવરી પછી વાળ ખરી શકે છે, કોઈ મોટી સર્જરી ઓપરેશન, વધુ પડતી ચિંતા અને અપુરતી ઊંઘ, ડેન્ડ્રફ (ખોડો), વધુ પડતા બહારના નાસા (ફાસ્ટફુડ) અને અપુરતો પોષણક્ષમ આહાર.

ઉપરાંત કેટલાક રોગો જેવા કે ફંગલ ઈન્ફેકશન, સ્કાલ્પ સોરાયસીસ, થાઈરોઈડ, વિકૃતિ.

કેટલીક દવાઓ ગર્ભનીરોધક ગોળી, બી.પી.ની કેટલીક દવાઓ, દુઃખાવાની ગોળીઓ (પેન કીલર) રેડીએશન થેરાપી, સ્ટ્રેસ.

**શું કરવું ?**

માનસિક તાણ અને ચિંતા ઘટાડવી, યોગ અને પ્રાણાયામ કરવા.

બાયોટીન,કેલ્સીયમ, મેગ્નેશીયમ, આર્યન વગેરે નવે એવો પોષણક્ષમ આહાર ખાવો. જેમ કે દુધ, ગાયનું ઘી, લીલાં શાકભાજી, તાંદળજો, મેથી ઉપરાંત આમળા, ગાજર, કઠોળ, ફ્રુટસ, અખરોટ, સીંગદાણા.

સવારે ગાયના ઘીનું નસ્ય નાકમાં બે બે ટીપાં નાખવા.

**ટ્રીટમેન્ટ :** ઉપર મુજબ ધ્યાન રાખવા છતાં હેરફોલ થાય તો જાહેરાતોથી મળતાં તેલ કરતાં કારણ પ્રમાણે આયુર્વેદિક ટ્રીટમેન્ટ લેવાથી વાળ ખરતાં અટકે છે.

**-ડૉ. સમ્રાટ સી.પોપટ (ડીસા)**

# વિભાજન દુઃખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

**માનસ** — ડૉ. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

અને જો આ સમગ્ર દુનિયાનાં અને મનનાં સાચા કે જે ખરેખર ભ્રામક છે સ્વરૂપોને સમજી લેવામાં આવે તો પરમાનંદમયતા તો હંમેશા હાજર જ હોય છે. ભ્રમ રૂપી આ પડદા તેને ઢાંકી રહ્યા છે તે પડદાઓ જ્યારે દુર થઈ જશે અને તમારૂં સાચું સ્વરૂપ દેખાવા લાગશે ત્યારે તેનો સાક્ષાત્કાર થશે અને તે જ આત્મ સાક્ષાત્કાર કે આત્મોપલબ્ધિ કે સજગતા છે. દરેક વસ્તુ પદાર્થોની પાછળ રહેલું એક માત્ર બળ 'તે' છે અને તે જ માત્ર છે. બીજું બધું ભ્રામક છે અને જે બધાં દેખાય છે તે, તે જ પરમતત્વનાં જુદાં જુદાં રૂપો છે. કેટલાક હકારાત્મક અને કેટલાંક નકારાત્મક અને તે પણ જુદી જુદી અનેક માત્રામાં, આ બધાં જ જુદી જુદી માત્રામાં હકારાત્મક અને નકારાત્મકોનો જો સરવાળો કરવામાં આવે તો તે શુન્ય જ આવે છે. આ જ મહાશૂન્યતા છે. બુદ્ધની શૂન્યતા છે અને આ જ નાગાર્જુનનું અનંત ખાલીપણું છે. તે અનંત ખાલીપણું છે અને તે જ માત્ર છે. એવું નથી કે ખાલીપણું એટલે કંઈ નથી. તે જ સમગ્ર છે અને જે ખરેખર વાસ્તવિક ભાસે છે. તે બધું જ ભ્રામક છે પરંતુ આ બધી વાતો સમજવાથી કંઈ નહીં થાય ! તેનો સાક્ષાત્કાર થશે તો જ તે ખાલીપણું અનુભવાશે અને છેવટે માત્ર 'અનુભવવું', અનુભવવાની ક્રિયા' માત્ર રહી જશે, શુદ્ધ 'હોવાપણું' માત્ર રહી જશે.

બુધ્ધ પણ આનો સાક્ષાત્કાર કરતાં પહેલાં ખુબ અટવાયા. અસંખ્ય હકારાત્મક અને નકારાત્મક રૂપો વચ્ચે બહુ ભટકયા. ભટકી ભટકીને થાકી ગયા, જયારે થાકીને લોથપોથ થઈને કોઈ વધુ પ્રયાસ ન કરી શકયા અને અપ્રયાસ બૌદ્ધિવૃક્ષની નીચે બેઠા. બિલકુલ અપ્રયત્ન થઈને, તો આ બધાં સ્વરૂપો એકમેકમાં ભળી જતાં શૂન્યતા સર્જાઈ. બધાં સ્વરૂપો ખરી પડયાં. વિચારો વિચારો સાથે અથડાઈને ઝઘડીને પુરા થઈ ગયા, શૂન્ય થઈ ગયા, ન રહ્યો કોઈ વિચાર, ન રહ્યો કોઈ ભાવ કે ન રહ્યું કોઈ સ્વરૂપ, અને આ સ્થિતિમાં અંદરની શાંતિ કે પ્રગાઢતા એ આંતરીક પરમાનંદનો મહાસાગર જાણે તે શૂન્યતામાં ઉછળી રહ્યો. એક ઉંડી શાંતિ અને પરમ આનંદનો અનુભવ થયો. આ શુન્યતા, ખાલીપણું અનંત છે, શાશ્વત છે, તેની કોઈ સ્થળ અને સમયમાં સીમા નથી. જાણે સમય સ્થળ થંભી ગયા છે અને તેમનું 'હોવાપણું' સર્વત્ર છવાઈ ગયું છે. ગૌતમ સિદ્ધાર્થ, હવે સિદ્ધાર્થ રહ્યા નથી. તેઓ બુદ્ધ બની ગયા છે, પ્રબુદ્ધતા છે, ખરૂં જ્ઞાન છે. અન્ય જ્ઞાન નકામાં છે. તેઓ કયાંય લઈ જતાં નથી, ઉલટા પરમથી દુર લઈ જાય છે..!

સમગ્ર દુનિયામાં બૌદ્ધ ધર્મ એ સૌથી વધુ વૈજ્ઞાનિક છે. તે મનના વૈજ્ઞાનિક અભ્યાસ સમાન છે. આધુનિક વિજ્ઞાન ફરી ફરીને બુદ્ધના માર્ગે આવે છે અને

અનુસંધાન પાના નં.૬ ઉપર

# અલ્ઝાઈમર્સની સાત અવસ્થા

**આરોગ્ય**

અલ્ઝાઈમર્સના લક્ષણો એક દમ સામે આવતા નથી તેથી શરુઆતના તબકકામાં તેની ઓળખ કરવી મુશ્કેલ છે. કેટલીયે વાર આ બીમારી તેના અંતિમ તબકકામાં પ્રવેશી ચૂકી હોય છે. ત્યારે દર્દીની માનસિક હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હોય છે. એવામાં આની સારવાર કરવી મુશ્કેલ હોય છે. (૧) જો આ બીમારીની સમસ્યા થોડાં દિવસો પહેલા થઈ હશે તો તેના લક્ષણો સ્પષ્ટ દેખાતાં નથી, ફકત પીઈટી સ્કેન દ્વારા આ પહેલા તબકકાની સમસ્યાની જાણકારી મળી શકે છે કે અલ્ઝાઈમર છે કે નહી. (૨) આના બીજા તબકકામાં પણ દર્દીમાં કોઈ ખાસ પરિવર્તન જોવા મળતું નથી, પરંતુ નાની-નાની બાબતોમાં પરિવર્તન આવી જાય છે, જેને ડોકટર પણ પારખી શકતા નથી. કોઈ શબ્દ ભૂલી જવા, વસ્તુઓને મૂકીને પછી ભૂલી જવું, આ જાતના લક્ષણો તો ઉંમર વધતાં જોવા મળે છે. પરંતુ તેનાથી એ સ્પષ્ટ નથી થતું કે દર્દીને અલ્ઝાઈમર છે કે નહી.

(૩) આના ત્રીજા તબકકામાં દર્દીની વૈચારિક શકિત પર પ્રભાવ પડે છે. આના લક્ષણ આ પ્રકારનાં હોઈ શકે છે. થોડીવાર પહેલા જ વાંચેલું યાદ ન રહેવું, એક પ્રશ્ન વારંવાર પૂછવો, કોઈ કામનું આયોજન કરવું હોય તો ગતાગમ ન પડવી, નવા લોકોને મળ્યા પછી તેમના નામ ભૂલી જવા. (૪)ત્રીજા તબકકાના લક્ષણો ચોથા તબકકામાં થોડા વધારે ગંભીર રૂપ ધારણ કરે છે. વિચારવાની અને દલીલ કરવાની ક્ષમતા ઉપર વિશેષ અસર જોવા મળે છે. તે સાથે બીજી નવી સમસ્યાઓ પણ ઉત્પન્ન થાય છે. પોતાના વિશેની જાણકારી પોતે જ ભૂલી જાય છે. તારીખ, વાર, મોબાઈલ નંબર વગેરે યાદ રાખવામાં તકલીફ પડે છે. કયો મહિનો ચાલે છે તે ખબર નથી પડતી. દુકાનદારને કેટલા રૂપિયાની નોટ આપી તે યાદ રહેતુ નથી. હોટલમાં મેનુને જોઈને કઈ ડિશનો ઓર્ડર આપવો તેની સૂઝ પડતી નથી. (૫) પાંચમાં તબકકામાં દર્દી પોતાની સાથે સંકળાયેલી બાબતો ગંભીર રીતે ભૂલી જાય છે. તે કયાં છે, શા માટે તે અહીં આવ્યો છે,

અનુસંધાન પાના નં.૬ ઉપર

## હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

**૩.મર્કસોલ :** ટોન્સીલ્સની આ ખાસ દવા છે. દર્દીને વારંવાર ગળામાં દુ:ખાવો થાય, ગળામાં ચાંદા પડે, ગળામાં ગળવામાં તકલીફ પડે, જ્યારે ટોન્સીલ્સ સુજી જાય, દુ:ખાવો થાય અને ગળામાં ઉતરે નહીં ત્યારે પ્રવાહી કે દુધ વિગેરે બાળકને કે યુવાનોને પીવરાવવામાં આવે તે ગળામાંથી અંદર નહીં ઉતરતાં નાક વાટે બહાર નીકળી જાય, ગળામાં બળતરા થાય.

આ દવાનું વિશિષ્ટ લક્ષણ એ છેકે આ દવા દાંત મોઢું જીભ માથું, ગળું કાન, આંખ સ્વરપેટી, છાતી બધા જ રોગો માટે ઉપયોગી છે. જેની વિગતવાર માહિતી લઈએ.

૧. દાંતમાં દુ:ખાવો થાય, પેઢાં ફુલી જાય, પેઢામાંથી લોહી નીકળે, દાંતમાં ઘાવ થાય, દાંત હલવા લાગે, પાયોરીયા થાય ત્યારે આ દવા ઉપયોગી થાય છે.

૨.જીભ ઉપર ચાંદા પડે દુ:ખાવો થાય ૩. આંખો લાલ થાય આંખમાં બળતરા થાય, ૪. કાનમાંથી રસી આવે પીળી રસી આવે જે ગંધ મારે. ૫. નાકમાં શરદી થાય, નાકમાં ચાંદા પડે, નાકમાંથી ખુન પડે, ૬. ગળામાં સોજો, બ્લ્યુ રંગનો ગળાનો ભાગ થાય આ સિવાય આ દવા ચામડીના રોગો, મરડો, પેટની તકલીફો વિગેરેમાં ઉપયોગી થાય છે.

કાકડા માટે બેલાડોના, સ્પોન્જીયા, લેકેસીસ, ફેરમફોસ, કાલીમ્યુર વિગેરે દવાઓ પણ ઉપયોગમાં આવે છે. રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ત્યારે તે સ્ત્રીના મસ્તક પર સ્થાન પામે છે. જીંદગીમાં સફળતા સસ્તી નથી. સફળતા મેળવવા માટે આપણે પણ કાંટાની વાડમાંથી પસાર થવાનું છે. એ કાંટા વાગશે છોલાશે, લોહી નીકળશે પણ એ માર સહન કરીશું તો જ પાર ઉતારી શકીશું સફળતા મેળવી શકીશું. ક્રોધ, નિરાશા, ઈર્ષા, ઉતાવળ એ બધા સહનશીલતાના દુશ્મનો છે. આ ચારે હશે ત્યાં સહનશીલતા દુર ભાગશે. આ ગુણને કેળવવા માટે આ ચાર દુશ્મનોને દુર રાખવા પડશે. સમાજમાં બધાને પ્રિય લાગવું હોય પ્રતિષ્ઠા મેળવવી હોય, સફળ થવું હોય, મહાન બનવું હોય તો સહન કરતાં શીખવું પડશે. ખુબ સહન કરવું પડશે. નહીં તો એક સામાન્ય માનવી ફક્ત શરીરથી માનવી બનીને જ રહી જઈશું. સાચા અર્થમાં માનવી બનવા માટે દરેક પરિસ્થિતિને હસતા મુખે વધાવી લેવાની ક્ષમતા કેળવો સહનશીલતાનો ગુણ તમને ખ્યાલ પણ નહીં હોય અને તમારામાં વિકાસ પામી ચુક્યો હશે....!**મંજુ પ્રજાપતિ**

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તેને જ એક માત્ર સાચા અને અંતિમ વિજ્ઞાનનો દરજ્જો આપે છે અને તે રીતે જ પ્રમાણભુત કરે છે.

મનનો અભ્યાસ ખુબ અગત્યનો છે. આપણે ગુર્જીએફના તત્વજ્ઞાન, મનુષ્ય યાંત્રિક હોવાની તેમની સમજ વિશે જે અભ્યાસ કર્યો તે આ પરમના માર્ગે જવા માટેના થોડા ઘણા પ્રયાસો પણ કર્યા જેવું છે અને આ પ્રયાસ સતત ચાલુ રાખીશું. આ જ માર્ગે તો જરૂર એક દિવસ પરમને પામીશું.. અને ત્યારે પ્રયાસ પ્રયાસ રહેશે નહીં. અરે ! કેમ કે પ્રયાસ એ માત્ર પરમઘટીત નિર્મિત્ત થશે પરંતુ શરૂઆતમાં પ્રયાસ, પ્રયત્નો જરૂરી છે. કંઈ પણ થશે એ સહજ રીતે થશે ત્યારે સજાગતા પણ સંપુર્ણ હશે. આવી સહજ સજગતામાં જે અનુભવીશું તે જ માત્ર સર્વ કંઈ હશે પરંતુ અહીં સહજતા, સજાગતા બંને હશે અને તે બંને એટલે માત્ર 'હોવાપણું' શુદ્ધ અસ્તિત્વ માત્ર રહી જશે અને તે જ 'પરમ આનંદ સ્વરૂપ' છે.

વસ્તુઓ, પદાર્થો, લોકો સર્વ કંઈ હશે પરંતુ હવે તે બિન અસરકારક હશે. અરે ! તમારૂં શરીર અને મન પણ એવાં જ હશે,પરંતુ હવે તેઓ માત્ર હશે શુદ્ધ હોવાપણામાં તેઓ માત્ર હશે અને તેઓ હશે કે નહીં હોય તેનાથી હોવાપણાને કોઈ અસર નથી થવાની. 'હોવાપણું સર્વસ્વ અને સર્વત્ર છે અને તેમાં શું છે ? તે અગત્યનું નથી. હવે હોવાપણું માલિક છે અને મન તેનું ગુલામ છે અને જે આ હોવાપણામાં સ્થિર હોય છે એ હોવાપણામાં કોઈ કયાંય જ હોતું નથી. માત્ર હોવાપણું જ હોય છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

## આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

કેટલો સમય થયો છે, નાનપણમાં કઈ શાળામાં શિક્ષણ લીધું હતું તે બધુ યાદ કરતાં ઘણી પરેશાનીનો સામનો કરવો પડે છે. બેંકમાં વારંવાર આવવા છતાં કેશ કયાંથી મળે છે અથવા ચેક કઈ બારીએ આપવો તે ભૂલી જાય છે. કઈ ઋતુમાં કયા કપડાં પહેરવા તે વિશે પણ દ્વિધા અનુભવે છે. (૬) અલ્ઝાઈમરની સમસ્યા જેમ જેમ વકરતી જાય છે તેમ તેમ દર્દીને લોકોના ચહેરા તો યાદ હોય છે પરંતુ નામ ભૂલી જાય છે. નામ નહીં યાદ આવતાં વાતચીતની પ્રક્રિયા લાંબો સમય ચાલતી નથી. આવા દર્દીઓને સંગીત સાંભળવું, જૂના ફોટા જોવા કે વાંચવું વધારે પસંદ પડે છે. (૭) આ અંતિમ તબકકો સૌથી ગંભીર તબકકો માનવામાં આવે છે. નાની-નાની વાતો જેમ કે ખાવું, ઉઠવું,ચાલવું, બેસવું વગેરે ભૂલી જાય છે. આ તબકકામાં દર્દીને પાતળો આહાર આપવો જોઈએ અથવા નરમ ખાદ્ય પદાર્થો કે જે ને ચમચા વડે ખવડાવી શકાય. આ તબકકામાં દર્દીને મોટે ભાગે તરસ લાગી છે તે પણ ભૂલી જાય છે.

## ઘૂંટણ

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

પરિણામે દર્દી ઓપરેશન પછીના ચાર કલાક બાદ ચાલી શકે છે. (૨) બીજી વિશેષતા ઝીરો એરર ઈન્સ્ટ્રુમેન્ટેશન છે એટલે કે ઓપરેશન ખાસ પ્રકારના યંત્ર દ્વારા કરવામાં આવે છે તેથી ઓપરેશન સમયે ચીરફાડ કરવી પડતી નથી. આ કારણે ચૂક થવાનો ખતરો પણ રહેતો નથી. આ ઉપકરણથી ઓપરેશન કરવાના બીજા ફાયદા પણ છે, જેમ કે ઓપરેશન વખતે શરીરના કોષને કાંઈ પણ ઈજા થતી નથી. (૩) ત્રીજી વિશેષતા ઝીરો ફિકશન ઈમ્પ્લાન્ટ છે. આ વિધિ દ્વારા પ્રત્યારોપણ કરવામાં આવનાર ઈમ્પ્લાન્ટ ખાસ પ્રકારની ધાતુમાંથી બનાવેલું હોય છે જે ત્રીસ વર્ષથી પણ વધારે સમય સુધી કામ આપે છે. અર્થાત શૂન્ય ઘર્ષણ વાળુ ઈમ્પ્લાન્ટ છે.

(૪) ચોથી વિશેષતા ઝીરો લોસ ઓફ મુવમેન્ટ છે એટલે કે પ્રત્યારોપણ પછી વ્યકિત પલાંઠીવાળીને કે ઉભડક બેસી શકે છે. (૫) પાંચમી વિશેષતા ઝીરો ઈન્ફેકશન છે. આ પ્રક્રિયા ૧૦૦ ટકા ચેપરહિત છે. આ પાંચ વિશેષતાઓ થકી ઘૂંટણનું પ્રત્યારોપણ અજોડ છે એમ કહેવું ઉચિત જ છે. એટલે ઘૂંટણ સંબંધિત તકલીફોથી પીડાતા લોકો માટે તે એક આર્શીવાદ સમાન છે.

# વાઈ

દરેક સમયે આપણા મગજમાં વિદ્યુતીય પ્રવૃત્તિ ચાલતી રહેતી હોય છે. આંચકી જ્યારે આવે છે ત્યારે તીવ્ર વિદ્યુત પ્રવૃત્તિમાં અચાનક વિસ્ફોટ થાય છે. આ તીવ્ર વિદ્યુત પ્રવૃત્તિના કારણે મગજના સામાન્ય રીતે થતા કાર્યોમાં વિક્ષેપ આવે છે, એટલે કે મગજને પહોંચતા સંદેશાઓ ગુંચવાઈ જાય છે. જેના પરિણામે વાઈ આવે છે. વાઈના લક્ષણો કેવાં હોય છે ? વાઈથી પીડાતા રોગીઓ સામાન્ય રીતે આંચકીઓ કે તાણથી પીડાતા હોય છે. આંચકીઓના કારણે કામ ચલાઉ મૂંઝવણ, લાંબા સમય સુધી એક જગ્યાએ તાકી રહેવું, હાથ-પગમાં અનિયંત્રિત ઝાંટકાઓ આવવા, બેભાન થઈ જવું કે ચેતના ગુમાવવી જેવા લક્ષણો અને માનસિક લક્ષણો પેદા થઈ શકે છે.

વાઈ આવવાનાં કારણો કયા-કયા છે ? વાઈથી પીડાતા લોકોમાંથી અડધા લોકોમાં વાઈ આવવાના નિશ્ચિત કારણો જોવા મળતાં નથી. વાઈથી પીડાતા બાકીના અડધા લોકોમાં વાઈના કારણોમાં આનુવાંશિક પ્રભાવ, માથાનો દુ:ખાવો, સ્ટ્રોક અથવા ગાંઠ જેવા મગજનો દુ:ખાવો, સ્ટ્રોક અથવા ગાંઠ જેવા મગજના વિકારો, ચેપી રોગો, જન્મ પૂર્વેની ઈજા અને વિકાસાત્મક વિકારો સામેલ હોઈ શકે છે. શું કરવું તમને આવતી આંચકીઓ ઉત્પન્ન કરતી બાબતો શોધો અને ટાળો સ્વયંને, મિત્રો તેમજ પરિવારને વાઈ વિશે જાણે-જણાવો જેથી તેઓ તમારી સ્થિતિને સમજી શકે. નિયમિત ઊંઘ લો. જેટલું બની શકે તેટલું સ્વતંત્રતાપૂર્વક જીવો.

શું ન કરવું તમારી વાઈની દવાઓ લેવાનું કદાપિ ભૂલવાનું નહિ તબીબની સલાહ લીધા વિના દવાઓ બંધ કરવાનું કે દવાઓ બદલવાની નહિ આંચકી આવવા વિશે સતત વિચાર્યા ન કરવું દારૂ અને ગેરકાનૂની દવાઓ લેવાની નહી વાઈ : માન્યતાઓ અને હકીકતો માન્યતા ૧ : વાઈને અસરકારક રીતે નિયંત્રણ કરી શકાતા નથી. હકીકત : વાઈનો એવો ઈલાજ થઈ શકે છે જેથી તેના હુમલાની સ્થિતિને ઘટાડી, નિયંત્રિત કરી શકાય અને ઘણીવાર તેને દૂર પણ કરી શકાય છે. વાઈથી પીડાતા રોગીઓમાંથી લગભગ ૨/૩ ભાગના રોગીઓમાં વાઈનું નિયંત્રણ કરવું શક્ય બને છે જો યોગ્ય સમયે દવાઓનો ઉપયોગ કરવામાં આવે. માન્યતા ૨ : વાઈથી પીડાતા રોગીઓ અક્ષમ બની જાય છે અને કામ કરી શકતા નથી. હકીકત : વાઈના રોગીઓમાં સામાન્ય વ્યક્તિઓ જેવી જ ક્ષમતાઓ અને બુદ્ધિ જોવા મળે છે. જોકે, ગંભીર આંચકાથી પીડાતા કેટલાક રોગીઓને કામ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વાઈ એ મગજનો એક વિકાર છે જેને દવાઓ દ્વારા અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે. સૂચવ્યા અનુસાર દવાઓ લેવાથી, અને તેની પ્રબંધન યોજના પ્રત્યે સક્રિય રહેવાથી આંચકીઓના વારંવાર આવતા હુમલાઓ સામે મદદ મળી રહે છે.

**ડો. લોમેશ ભિરૂડ ન્યુરો ફિઝિશિયન ઝાયડસ હોસ્પિટલ**

# ફેફસાનું કેન્સર : નિદાન અને ઈલાજ બન્ને અઘરાં

કેન્સરની સરખામણીમાં ફેફસાનું કેન્સર એવું છે જેનું નિદાન થાય ત્યારે વ્યક્તિ કેન્સરના લાસ્ટ સ્ટેજ પર પહોંચી ગઈ હોય છે અને મૃત્યુ સિવાય તેની પાસે કોઈ ઉપાય બચતો નથી

આજકાલ થિયેટરમાં કોઈ પણ ફિલ્મ જોવા જઈએ તો એની આગળ સરકાર દ્વારા જાગૃતિ ફેલાવવા માટે કેન્સરની એક જાહેરાત આવે છે જેમાં એક યુવાન વ્યક્તિને હોસ્પિટલમાં દેખાડવામાં આવે છે અને ત્યારબાદ જણાવવામાં આવે છે કે યુવાન વયે જ આ વ્યક્તિનું મૃત્યુ થાય છે. આ જાહેરાત દ્વારા કોઈ પણ જાતના તમાકુનું સેવન ન કરવા માટેની જાગૃતિની વાત કરવામાં આવી છે. ભારતીય પુરૂષોમાં સૌથી પહેલા નંબરે જે કેન્સર થાય છે એ ઓરલ એટલે કે મોઢાનું કેન્સર છે અને બીજા નંબરે ફેફસાંનું કેન્સર આવે. ભારતી સ્ત્રીઓમાં પહેલા નંબરે બ્રેસ્ટ કેન્સર, બીજા નંબરે સર્વઈકલ કેન્સર ઓ ત્રીજા નંબરે ફેફસાંનું કેન્સર આવે છે. જોકે નવાઈની વાત એ છે કે સ્ત્રીઓ અને પુરૂષો બન્નેમાં કેન્સરને કારણે મૃત્યુ પામવામાં સૌથી પહેલા નંબરનું કેન્સર ફેફસાંનું કેન્સર છે. તો શું એનો અર્થ એ થાય કે બીજા કેન્સરનો ઈલાજ ફેફસાંનાં કેન્સર કરતાં વધુ સરળ છે કે પછી ફેફસાંનું કેન્સર તાજેતરના એક રિસર્ચમાં જણાવવામાં આવ્યું હતું કે, બધા કેન્સરમાં લંગ એટલે કે ફેફસાંનું કેન્સર બીજા બધાં કેન્સરની સરખામણીમાં વધુ ભયાનક છે? શા માટે દર વર્ષે લાખો ફેંફસાંના કેન્સરથી મરી રહ્યાં છે? એવું છે જેનું નિદાન કરવું અઘરૂ છે. ફેફસાંના ૨૦માંથી એક કેન્સરનો દરદી એવો હોય છે જેના મૃત્યુ પછી જ ખબર પડે છે કે આ વ્યક્તિનું ફેફસાંના કેન્સરને કારણે મૃત્યુ થયું છે. એટલું જ નહીં, ૩૦ ટકા લોકોને નિદાનમાં એટલું મોડું થઈ જાય છે કે નિદાન બાદ તેમની પાસે જીવવા માટે ફક્ત ત્રણ મહિના જ બચે છે અને ૧૦ ટકા એવા છે જે નિદાનના એક મહિનાની અંદર જ મૃત્યુ પામે છે. આ રિસર્ચમાં ફેફસાંના કેન્સરના ૨૦૧૪૦ દરદીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. એનાથી પણ ચોંકાવનારૂ નિવેદન એ હતું કે જે લોકોને આ ત્રણ મહિનાની જિંદગી મળી હતી તેઓ નિદાન પહેલાં પાંચ વખત ડોક્ટરને પોતાનો પ્રોબ્લેમ બતાવી ચૂક્યાં હતાં. એનો અર્થ એ થયો કે ડોક્ટરો પણ એનું ચોક્કસ નિદાન કરવામાં નિષ્ફળ રહ્યાં હતાં. સંશોધકોએ જણાવ્યું હતું કે, મોટાભાગના ડોક્ટરો કેન્સરના ચિન્હોને સ્મોકર્સ કફના ચિન્હો માનીને એનો ઈલાજ કરતાં રહે છે અને કેન્સર વધતું જાય છે. ફક્ત નવ ટકા લોકો એવા છે જેઓ નિદાન થયા પછી આ રોગ સાથે પાંચ વર્ષ જેટલું લાબું જીવી શકે છે.

નિદાન કેમ અઘરૂં ? એ હકીકત છે કે ફેફસાંના કેન્સરનું નિદાન કરવું બીજા કેન્સરની સરખામણીમાં અઘરૂ છે.એનું સૌથી મોટું કારણ એ છે કે ફેફસાં શરીરનો અંદર ભાગ છે. જેમ કે મોઢાનું કેન્સર હોય તો એ શરીરનો બહારનો ભાગ છે જેને જોઈને કેન્સરની ગાંઠ છે એ દેખાઈ જાય છે. બ્રેસ્ટ કેન્સરમાં જ આ જ રીતે ખબર પડે છે. જ્યાં સુધી કેન્સરના કોષો સમગ્ર ફેફસાંમાં વધુ માત્રામાં ફેલાઈ ન જાય ત્યાં સુધી ખાસ કોઈ ચિન્હો સામે આવતા નથી. એટલે જ પ્રારંભિક તબક્કામાં એના ફેફસાંના કેન્સરનું નિદાન અઘરૂ બને છે. ઈલાજ મુશ્કેલ ? ફેફસાંના કેન્સરનો ઈલાજ મુશ્કેલ નથી. પરંતુ એનું નિદાન જ મુશ્કેલ છે. પ્રારંભિક તબક્કામાં એના વિશે ખ્યાલ આવી જાય તો દરદીની જિંદગી બચાવી શકાય છે. પરંતુ મોટા ભાગે ફેફસાંમાં જ્યારે મોટી ગાંઠ થઈ જાય એટલે કે કેન્સર એના લાસ્ટ સ્ટેજમાં પહોંચી જાય ત્યારે જ એનું નિદાન થતું જોવા મળે છે. મોટાભાગના ફેફસાંના કેન્સરના દરદીઓ મૃત્યુને ભેટે છે. ઘણી વાર તો ફેંફસાંમાં જ નહીં, એની આજુબાજુના ભાગોમાં પણ કેન્સર ફેલાય ત્યારે છેક એનું નિદાન થતું જોવા મળે છે. કારણ ફેફસાંનું કેન્સર થવાના મુખ્ય કારણમાં સ્મોકિંગ પહેલા નંબરે આવે છે. જે લોકો સ્મોકિંગ કરે છે એમાંથી ૯૦ ટકા લોકોને પોતાના જીવનકાળ દરમ્યાન ફેફસાંનું કેન્સર થાય જ છે. બાકીના ૧૦ ટકા લોકોને કેન્સર થવા પાછળનું કારણ પેસિવ સ્મોકિંગ અને હવાનું પ્રદૂષણ છે. બીજી વ્યક્તિના સ્મોકિંગનો ધુમાડો જ્યારે આપણા શ્વાસમાં જાય ત્યારે આપણા ફેફસાને એટલું જ નુકસાન પહોંચાડે છે જેટલું સ્મોકિંગ કરનારી વ્યક્તિને પહોંચાડે છે એટલું સ્મોકિંગથી દૂર રહો અને સ્મોકિંગ કરવાવાળા લોકોથી પણ દૂર રહો એ ખૂબ જ જરૂરી છે.

## ફળોના ઉપયોગથી સ્કિનને મળશે ઈન્સ્ટેન્ટ ગ્લો

ફળ ના માત્ર આપણને તંદુરસ્તી બક્ષે છે બલ્કે તેમાં રહેલા મિનરલ્સ અને વિટામિન શરીરની સાથે ચહેરાને પણ સુંદરતા પ્રદાન કરે છે. તેનાથી ઈન્સ્ટેન્ટ ગ્લો મળે છે, સાથે જ તે આપણને પરવડે પણ છે. ફ્રૂટ ફેસ પેકની ખાસિયત એ છે કે આ માટે મોંઘા સ્કિન બ્રાઉન્ડની જરૂર નથી પડતી. ઘરે બેઠા જ કિચનમાં રહેલી સામગ્રીના ઉપયોગથી તમારા ચહેરા અનુસાર હેલ્ધી અને સુંગંધિત ફેસપેક તૈયાર કરી શકાય છે. તૈલીય ત્વચા વાળાઓએ સ્ટ્રોબેરીનો ઉપયોગ કરવો જોઈએ જેમાં અલ્ફા હાઈડ્રોક્સાઈડ નામનું તત્વ હોય છે ખીલથી સમસ્યાથી છૂટકારો અપાવે છે. જો ત્વચા ડ્રાય હોય તો કાકડીના ફેસપેક ઉપયોગ કરવાથી અનેક સમસ્યાઓ દૂર થઈ જતી હોય છે. જો તમારી ત્વચા નોર્મલ છે તો કેરીનો ઉપયોગ ફાયદેમંદ પુરવાર થઈ શકે છે. આ પ્રકારનો પેક ગજબની સુંદરતા આપે છે .

નવા ખેલાડીઓને તક મળે તેવી પણ પ્રબળ સંભાવના

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે આજે ભારતીય ટીમ જાહેર કરાશે

નવીદિલ્હી

જૂનમાં ઈંગ્લેન્ડમાં યોજાનાર આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત આવતીકાલે કરવામાં આવનાર છે. આઈપીએલમાં શાનદાર દેખાવ કરનાર ખેલાડીઓને તક મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવનાર છે. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે તૈયાર થઈ ગઈ છે. ટીમની જાહેરાત કરવામાં વિલંબ થયો હોવા છતાં હવે વિવાદનો અંત આવી ચુક્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત પહેલી જૂનના દિવસે ઈંગ્લેન્ડમાં થનાર છે. ભારત પોતાની પ્રથમ મેચ ચોથી જૂનના દિવસે પાકિસ્તાન સામે રમશે. આ અગાઉ સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની જાહેરાત વહેલી તકે કરવા સૂચના આપી હતી. જેના લીધે બીસીસીઆઈ ઉપર પણ દબાણ વધી ગયું હતું. સીઓએનું દબાણ છે કે, બીસીસીઆઈને પીછેહઠ કરવાની ફરજ પડી રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતને ૨૫મી એપ્રિલ સુધી પોતાની ટીમ જાહેર કરવાની જરૂર હતી. ભારતીય ટીમના ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા ઉપર શંકાના વાદળો ઘેરાઈ ગયા હતા. જેના કારણે ક્રિકેટ પ્રેમીઓમાં નારાજગી દેખાઈ રહી હતી. હવે ટીમ ઈન્ડિયા આ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેનાર છે. ક્રિકેટ પ્રેમીઓમાં પણ ખુશીનું મોજુ ફરી વળ્યું છે. બીસીસીઆઈના કારોબારી અધ્યક્ષ સીકે ખન્નાએ કહ્યું છે કે, ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત સોમવારના દિવસે થઈ શકે છે. આઈસીસીના નવા મોડલથી બીસીસીઆઈ ખફા છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિશ્વની તમામ ટીમો રમનાર છે જેમાં ભારતની પરંપરાગત હરીફ ટીમ પાકિસ્તાનનો પણ સમાવેશ થાય છે. ભારત પોતાની પ્રથમ મેચ પાકિસ્તાન સામે જ રમનાર છે. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની મુખ્ય મેચોમાં ભારત અને પાકિસ્તાન મેચનો સમાવેશ થાય છે જે હાઈપ્રોફાઈલ રહેશે.

# મુંબઈ ઈન્ડિયન્સની વિરૂદ્ધ આજે સનરાઈઝની કસોટી

હૈદરાબાદ

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૦માં આવતીકાલે સનરાઈઝ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જંગ ખેલાશે. રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈ ઈન્ડિયન્સ પહેલાથી જ પ્લેઓફ દોરમાં પહોંચી ગઈ છે. આ ટીમનો દેખાવ ખુબ ધરખમ રહ્યો છે. ૧૧ મેચો પૈકી નવમાં મુંબઈ ઈન્ડિયન્સે જીત મેળવી છે. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી તમામ ખેલાડીઓ સારા ફોર્મમાં છે જેમાં રોહિત શર્મા ઉપરાંત પોલાર્ડ, સિમોન્સ, માલિંગા, પંડ્યા બંધુઓનો સમાવેશ થાય છે. બીજી બાજુ સનરાઈઝ પણ પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ સુધારવા સાથે મેદાનમાં ઉતરશે. જો સનરાઈઝની ટીમ આવતીકાલે જીત મેળવશે તો તે કોલકાતા નાઈટ રાઈડર્સને પાછળ છોડીને પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી જશે. કોલકાતા નાઈટ રાઈડર્સ હાલમાં ત્રીજા ક્રમાંકે છે અને તેના ૧૪ પોઈન્ટ છે જ્યારે સનરાઈઝના ૧૨ મેચોમાં છ જીત સાથે ૧૩ પોઈન્ટ છે. સ્ટિવ સ્મિથના નેતૃત્વમાં પુણેની ટીમ ધરખમ દેખાવ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. જ્યારે આરસીબી અને ગુજરાત લાયન્સની ટીમોં ફેંકાઈ ચુકી છે. દિલ્હીની પણ આવી જ હાલત છે. આવતીકાલની મેચ હૈદરાબાદમાં હોવાથી ઘરઆંગણે સનરાઈઝ હૈદરાબાદ મજબૂત દેખાવ કરવાના ઈરાદા સાથે ઉતરશે. આઈપીએલ-૧૦ની મેચો ૨૧મી મે સુધી ચાલનાર છે. સન રાઈઝ હૈદરાબાદ વર્તમાન ચેમ્પિયન ટીમ છે. આઈપીએલ-૧૦ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આઈપીએલ-૧૦માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ક્વાલિફાયર-૧ મેચ કમાનાર છે. જ્યારે બેંગલોરમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે બન્ને ઈલિમિનેટર મેચો અને ક્વાલિફાયર-૨ મેચ રમાનાર છે.

# કરાંચી-મુંબઈ વચ્ચે ફ્લાઈટો આજથી બંધ કરવાનો નિર્ણય

નવીદિલ્હી

પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ આવતીકાલથી કોમર્શિયલ કારણોસર કરાંચી અને મુંબઈ વચ્ચેની તેની ફલાઈટ બંધ કરનાર છે. અત્રે નોંધનીય છે કે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ કરાંચી અને મુંબઈ વચ્ચે સોમવાર અને ગુરુવાર એમ સપ્તાહમાં બે ફલાઈટ ઓપરેટ કરે છે. જો કે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સના લાહોર-નવીદિલ્હી ફલાઈટ ઓપરેશનને યથાવતરીતે ચાલુ રાખવામાં આવશે. આ રુટ ઉપર હજુ પણ ટ્રાફિક સંતોષજનક છે. અધિકારીઓનું કહેવું છે કે, કરાંચી-મુંબઈ રુટ ઉપર કામકાજને બંધ કરી દેવામાં આવ્યા બાદ લાહોર-દિલ્હી રુટ ઉપર ટ્રાફિક વધી જાય તેમ માનવામાં આવે છે. કરાંચીથી મુંબઈ અને મુંબઈથી કરાંચી વચ્ચેની પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્,સની ફલાઈટો ૮મી એપ્રિલથી રહેશે નહીં. આ રુટ ઉપરની ફલાઈટો માટે બુકિંગની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે. ખુબ જ ઓછા ટ્રાફિકના પરિણામ સ્વરુપે કરાંચી-મુંબઈ રુટ ઉપર સેવા બંધ કરવામાં આવી છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

**નામ :**........................ **પતિ/પિતા :**........................
**માતા :** ........................**જ.તા.** ................**ઉ.વ.**
**પરિચય:** ................................................................
**સરનામુ :** ................................................................
**મોકલનારની સહી :** ......................................................

# મોદી ૧૧મી મેના દિવસે શ્રીલંકાની યાત્રા પર જશે

રાયપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧મી મેના દિવસે શ્રીલંકાની મુલાકાત લેનાર છે. સૌથી મોટા બૌદ્ધ ઉત્સવના ભાગરુપે તેઓ પહોંચનાર છે. ઈન્ટરનેશનલ ડે ઓફ વૈશાખ તરીકે પણ આને ગણવામાં આવે છે. આની ઉજવણી શ્રીલંકામાં ૧૨મી મેથી ૧૪મી મે દરમિયાન કરવામાં આવશે. શ્રીલંકામાં ઈન્ટરનેશનલ બૌદ્ધ પરિષદનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં ૧૦૦થી વધુ દેશોના ૪૦૦ પ્રતિનિધિઓ ભાગ લેનાર છે. બે દિવસની યાત્રા દરમિયાન મોદી કેન્દ્રીય પ્રાંતમાં કેન્ડીની મુલાકાત લેશે. જે ચા માટે ખુબ જ વિશ્વ પ્રસિદ્ધ છે. તેઓ દ્વારા ચાના બગીચામાં કામ કરનાર વર્કરોને પણ મળવાની ઈચ્છા છે. મોદી ચા ગાર્ડનમાં કામ કરતા લોકોને સંબોધશે. શ્રીલંકાની તેમની બીજી યાત્રાના ભાગરુપે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. યજમાન દેશ દ્વારા ૬૦૦૦થી વધુ સુરક્ષા જવાનો ગોઠવવામાં આવનાર છે. બે ૨૦૧૫માં પણ મોદી શ્રીલંકા ગયા હતા. તેમના સમકક્ષ રાનીલ વિક્રમસિંઘેની યાત્રાના અનુસંધાનમાં આ યાત્રા આવી રહી છે. આ યાત્રા દરમિયાન બંને દેશો આર્થિક સંબંધોને મજબૂત કરવા શ્રેણીબદ્ધ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરશે. રાનીલ સાથે પારસ્પરિક હિતોના મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરાશે.

# સલમાન સાથે ફરી ફિલ્મમાં ભૂમિકા કરવા સના તૈયાર છે

મુંબઈ

બોલીવુડની અભિનેત્રી સના ખાને કહ્યું છે કે તે સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાન સાથે ફરીવાર કામ કરવા માટે ઈચ્છુક છે. સલમાન અભિનીત જયહો ફિલ્મ સાથે બોલીવુડ કેરિયરની શરૂઆત કરનાર સના ખાને કહ્યું છે કે, તેને ફરીવાર તક મળશે તેવી આશા રાખે છે.

દબંગ સ્ટાર સાથે બોલીવુડ કેરિયરની શરૂઆત કર્યા બાદ સના ખાન ખુબ જ ખુશ છે. તેનું કહેવું છે કે, જય હો ફિલ્મમાં કામ કર્યા બાદ તેની પાસે ઘણી ફિલ્મોની ઓફર આવી ચુકી છે. તેની પ્રશંસા કરનાર લોકોની સંખ્યા પણ વધી છે. જય હો ફિલ્મમાં તેને કામ આપીને સલમાન ખાન અને ફિલ્મના અન્ય નિર્માતા નિર્દેશકોએ તેને તક આપી હતી. સના ખાન બોલીવુડમાં હવે એક સફળ અભિનેત્રી તરીકે ઉભરી રહી છે. તેની છાપ સેક્સી અભિનેત્રી તરીકેની થઈ છે પરંતુ તે આ છાપમાંથી બહાર નિકળવા માટે પણ સજ્જ થઈ ચુકી છે. તેનું કહેવું છે કે, તે પારિવારિક ફિલ્મોમાં ભૂમિકા કરવા ઈચ્છુક છે.

# કેજરીવાલ સામેના આક્ષેપો બિલકુલ આધાર વગરના છે

નવી દિલ્હી

કપિલ મિશ્રાએ પત્રકાર પરિષદ યોજીને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સત્યેંદ્ર જૈન ઉપર ગંભીર આક્ષેપ કર્યા બાદ કેજરીવાલના આવાસ ઉપર બેઠક યોજાઈ હતી. કપિલની પાર્ટીમાંથી હકાલપટ્ટીનો તખ્તો તૈયાર કરવામાં આવી ચુક્યો છે. આ પ્રકારના આક્ષેપ કરવામાં આવ્યા બાદ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ કહ્યું હતું કે, આક્ષેપોનો જવાબ આપી શકાય તેવા આક્ષેપ નથી. સિસોદિયાએ કહ્યું હતું કે, તમામ વિધાનસભાઓમાં લોકો પાણીથી પરેશાન હતા. લોકો ધારાસભ્યોને ફરિયાદ કરી રહ્યા હતા જેથી તેમને દૂર કરવામાં આવ્યા હતા. જ્યારે સિસોદિયાને કેજરીવાલ ઉપર મુકવામાં આવેલા આક્ષેપ અંગે પુછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, તમામ આક્ષેપ આધારવગરના છે. આક્ષેપોનો જવાબ આપી શકાય તેમ નથી. હોદ્દો ગુમાવી દીધા બાદ કપિલ મિશ્રા આ પ્રકારના આક્ષેપો કરી રહ્યા છે. મનિષ સિસોદિયાએ કહ્યું હતું કે, કેજરીવાલ ઉપર આક્ષેપ કરી શકાય નહીં. સંજય સિંહે પણ કહ્યું હતું કે, કેજરીવાલના દુશ્મન પણ તેમની ઈમાનદારી પર શંકા કરી શકે તેમ નથી.

### સૈન્યમાં ફરજ...

**પાના નં ૮ ચાલુ**

બીએસએફમાં દરમ્યાન તેમનુ ટ્રેન માંજ આકસ્મિક મોત થતાં સમગ્ર જિલ્લામાં ઘેરો શોક ફેલાવા પામ્યો હતો.

જેઓ ની અંતિમવિધિમાં રાજકીય અગ્રણીઓ, સંતો તેમજ હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. ત્યારબાદ રવિવાર ની સાંજે કુડા ગામ માજ બી એસ એફ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

### ૧૩ કલાક..

**પાના નં ૮ ચાલુ**

આવેલા ૧૦૮ ના હેડ અને તંત્ર ની દરમ્યાનગિરીથી હડતાળના તેર કલાક બાદ સમાધાન કરી અને ૧૦૮ સેવા પૂર્વવત કરાઈ હોવાનો દાવો ૧૦૮ના ગુજરાતના ઓપરેશન હેડ સતીશ પટેલએ કર્યો હતો.

જોકે, સસ્પેન્ડ કરાયેલા બે ૧૦૮ કર્મીઓનું સસ્પેન્સશન પરત ખેંચાયું નથી. આ ઉપરાંત આવશ્યક સેવા હોવા છતા હડતાલનો માર્ગ અખત્યાર કરનાર ૧૦૮ કર્મીઓ સામે તપાસ કરી પગલાં ભરાશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામા આવી હતી. ત્યારે ૧૦૮ કર્મીઓએ ફુકેલું હડતાલનું રણશિંગું બુમરેંગ સાબિત થયું હતું.

### સાયન્ટિસ્ટ..

**પાના નં ૮ ચાલુ**

પટેલ તેમજ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. અમિત પટેલ અતિથિવિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહેશે. ગણપત યુનિવર્સિટીના નવા બંધાયેલા એકદમ આધુનિક ઑડિટોરિયમમાં યોજાઈ રહેલા આ સમારોહ અને સમગ્ર અવસરને સફળ બનાવવા માટે પ્રો. દિપક શર્મા તેમજ ડૉ. આશિષ શર્મા સહિત અનેક પ્રાધ્યાપક અને વિદ્યાર્થી-મિત્રો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### પાંચ વર્ષથી..

**પાના નં ૮ ચાલુ**

બાદમાં તેમની સાથે મુલાકાત નહી થાય ત્યાં સુધી પગમાં પગરખા નહી પહેરવાનો અતિ કઠીન સંકલ્પ લીધો હતો.

બાદમાં વર્ષ ૨૦૧૪ ની ચૂંટણીમાં નરેન્દ્રભાઈ મોદીએ ઐતિહાસિક વિજય પ્રાપ્ત કરી વડાપ્રધાન પદે બિરાજ્યા હતા પરંતુ તેને પણ ત્રણ વર્ષનો સમય વિતી ગયો છે. છતાં હજુ સુધી તેમની મોદી સાથે મુલાકાત થઈ નથી. આમ સંકલ્પ લીધાને પાંચ વર્ષ ઉપરાંતનો સમય વિતી ગયો છે. તેઓ પગરખા પહેરતા નથી.

જો કે આ બાબતે મોઘજીભાઈએ ભાજપના કેટલાક અગ્રણીઓને વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરાવવા માટે ધ્યાન દોર્યું હતું. પરંતુ રાજકીય કે સામાજીક બેકગ્રાઉન્ડ ન ધરાવતા સામાન્ય વ્યક્તિઓની કદર થતી નથી. ત્યારે જિલ્લા કે પ્રદેશ કક્ષાના અગ્રણીઓ આવા સાચા મોદીભક્ત મોઘજીભાઈનો સંકલ્પ પૂર્ણ કરાવે તે ઈચ્છનીય છે.

# જૂના ડેપોમાંથી રાણીપની બસો બંધ કરાઈ

મહેસાણા

મહેસાણાનાજુના એસ.ટી.ડેપોમાંથી રાણીપ તરફ જતી તમામ બસો છેલ્લા ત્રણેક દિવસથી બંધ કરી દેવતાં મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. વિભાગના નિર્ણયના પાપે મુસાફરોને જુના ડેપોથી મોઢેરા સર્કલ સુધી ભાડું ખર્ચી જવાની ફરજ પડી રહી છે.

જુના એસટી ડેપોની આસપાસ આવેલી તમામ સરકારી કચેરી, કોર્ટ અને સિવિલ હોસ્પિટલમાં રોજના મોટી સંખ્યામાં લોકો તેમજ નોકરીયાત વર્ગ દરરોજ આવતાં-જતાં હોય છે. પરંતુ ૩ દિવસથી એસટી તંત્ર દ્વારા જુના ડેપોથી રાણીપ સુધી દોડતી બસોને બંધ કરી દેવાઇ છે. જેને લઇ હવે રાણીપ કે તે તરફના મુસાફરોને હવે બસ ભાડા ઉપરાંત જુના ડેપોથી મોઢેરા સર્કલ સુધી રિક્ષા ભાડુ ખર્ચી જવાની ફરજ પડી રહી છે. રોજીંદા મુસાફરોનો વિચાર કર્યા વગર તંત્રના આડેધડ નિર્ણયના પાપે હવે મુસાફરો મુશ્કેલીમાં મુકાતા રોષે ભરાયા છે.

# જોટાણા ગામે નોકરી ન મળતા યુવાને ઉધઇ મારવાની દવા ગટગટાવી લીધી

જોટાણા

માતા-પિતાએ મજુરી કરીને ભણાવ્યા બાદ પણ નોકરી મળતા જોટાણાના યુવકે ઉધઇની દવાપીજઇને આપઘાતનો પ્રયાશ કર્યો હતો.ગંભીર હાલતમા યુવકને સારવાર માટે મહેસાણા સીવીલમા ખસેડ્યો હતો. જોટાણાના બળદેવભાઇ નાડીયાએ તેમના મોટાપુત્ર નરેશને મજુરી કરીને આઇટીઆઇ સુધીનો અભ્યાસ કરાવ્યો હતો.જે છેલ્લા ૨ વર્ષથી નોકરીની શોધમા હતો પરંતુ દરેક જગ્યાએ તેને જગ્યા ખાલી પડશે ત્યારે કહીશુ તેમ કહીને ટાળતા હતા.માતા-પિતાની દયનીય હાલત જોઇ ૨૦ વર્ષના નરેશે શનિવારે બપોરે ૧૧ વાગ્યે આપઘાતના નિર્ણય સાથે ઉધઇ મારવાની દવા પી ગયો હતો. કેટલાક સમય બાદ મજુરીએ થી પરત ફરેલા બળદેવભાઇ મોઢામા ફીણ આવી ગયેલી હાલતમા પુત્રને જોઇ ચોંકી ગયા હતા અને પ્રથમ જોટાણા પ્રાથમિક આરોગ્યમા સારવાર કરાવ્યા બાદ મહેસાણા સીવીલ લઇ ગયા હતા. અહી યુવાનની હાલત ગંભીર બની જતા નિવેદન માટે પહોચેલા મહેસાણા નાયબ મામલતદારને નિવેદન લીધા વિના પરત ફરવુ પડ્યું હતું.

# પાટણમાં ચપ્પા વડે હુમલો કરનાર આરોપીને ૨ વર્ષની સાદી કેદ

પાટણ

પાટણશહેરના મોટીસરાય વિસ્તારમાં સાત વર્ષ અગાઉ ચપ્પા વડે હુમલો કરવાની ઘટના બની હતી તેનો કેસ અત્રેની જ્યુડિશિયલ કોર્ટમાં ચાલી જતાં એક આરોપીને દોષિત ઠરાવી ૨ વર્ષની સાદી કેદની સજા ફરમાવી હતી જ્યારે એક આરોપીને છોડી મૂકવામાં આવ્યો હતો જ્યારે એક આરોપી મરણ ગયેલ હોઇ તેની સામેનો કેસ અબેટ કરાયો હતો. પાટણ શહેરના મોટીસરાય વિસ્તારમાં રહેતા ભરતભાઇ જશવંતભાઇ પરમાર તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ વીકીભાઇ રાજેશભાઇ પરમાર નામના યુવકે ધસી આવી તું અમારા સામે ઉશ્કેરાયેલા કેમ રહે છે તેમ કહી બે ત્રણ લાફા મારી દીધા હતા. સમયે બીજા બે શખસો દિનેશભાઇ મફતલાલ પરમાર અને રવીન્દ્ર કુમાર મફતલાલ પરમાર પણ ધસી આવ્યા હતા અને તેઓએ ગાળાગાળી કરી હતી. જે ઘટના અંગે શહેર પોલીસ સ્ટેશને ત્રણે શખ્સો સામે ગુનો દાખલ થયેલ હતો. ઘટનાનો કેસ અત્રે ત્રીજા એડીશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કિર્તીકુમાર ગોહેલની કોર્ટમાં ચાલીજતાં મદદનીશ સરકારી વકીલ એમ.આઇ. શેખની દલીલો સાંભળી કોર્ટે આરોપી વીકી પરમારને ઈપીકો કલમ ૩૨૪ માં ૨ વર્ષની સાદી કેદ અને રૂ.૨૦૦૦ દંડની સજા ફરમાવી હતી. આરોપી કોર્ટમાં હાજર હોઇ તેને કોર્ટ કસ્ટડીમાં લેવા પકડ વોરંટ બજવવા હુકમ કર્યો હતો. કેસમાં આરોપી દિનેશભાઇ મરણ ગયેલ હોઇ તેઓ સામેનો કેસ એબેટ કરાયો હતો જ્યારે આરોપી રવિન્દ્રને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# પાટણમાં ફાયરિંગઃ સરપંચ પદે ઉમેદવારના પતિ પર હુમલો, ત્રણની ધરપકડ

પાટણ

પાટણ તાલકાના માનપુર ગામે ચૂંટણીની અદાવતમાં બંદુક સહીતના હથિયારો સાથે થયેલા હુમલામાં આરોપીઓ પકડવાની દોડધામ બાદ શનીવારે સાંજે ૩ આરોપીઓને પકડી લેવાયા હતા. જ્યારે બે આરોપી હજુ પક્કડની બહાર છે. પોલીસે ગુનામાં ઉપયોગમાં લેવાયેલ બંદૂક કબજે લીધી છે. દરમિયાન પાંચ આરોપીઓ સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.

પાટણ તાલુકાના માનપુર ગામે ગામમાં એકમાત્ર ઘર હોવા છતાં ધીરજીભાઇ મહાદેવભાઇ દેસાઇના ભાઇના પત્નીએ સરપંચની ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી જેની અદાવત રાખી તમે કેમ ચૂંટણીમાં ઉભા રહ્યા હતા તેવો વાંધો લઇ પટેલ બાબુલાલ જોઇતાભાઇ, પટેલ હીરાભાઇ રૂગનાથભાઇ, પટેલ મણીલાલ નાનજીદાસ, પટેલ રાકેશભાઇ બાબુભાઇ અને પટેલ નટુભાઇ નાનજીભાઇ વગેરેએ અચાનક હુમલો કર્યો હતો. જેમાં પટેલ બાબુભાઇએ તેમની પાસેની લાયસન્સવાળી બાર બોરની બંદૂકમાંથી ફાયરીંગ કરતાં ધીરજીભાઇને સાથળમાં છરા ઘૂસી ગયા હતા. આ સીવાયના બીજા માણસોએ ધારીયું, લોખંડની પાઇપ જેવા હથિયારોથી મારપીટ કરી હતી.

આ તમામ શખ્સો સામે મોડી રાત્રે ઈપીકો કલમ ૫૦૪, ૫૦૬ બી,આર્મ એક ૨૫ક(૧) મુજબ ગુનો દાખલ કરી પોલીસે ગામમાં બંદોબસ્ત ગોઠવી દીધો હતો. શનીવારે પોલીસે ત્રણ આરોપી બાબુભાઇ જોઇતાભાઇ પટેલ, હરીભાઇ પટેલ અને મણીભાઇ પટેલને પકડી પાડયા હતા અને પૂછપરછ હાથ ધરી હતી. તેઓને કોર્ટમાં હવે રજુ કરાશે.

# મહેસાણાપાલિકામાં સવા વર્ષથી ચાલતા આંતરિક વિખવાદ પર શનિવારે અલ્પવિરામ

મહેસાણા

મહેસાણાપાલિકામાં સવા વર્ષથી ચાલતા આંતરિક વિખવાદ પર શનિવારે અલ્પવિરામ મૂકાયું છે. અવિશ્વાસની દરખાસ્ત પસાર થયા બાદ પ્રમુખ નિમિષાબેન પટેલ પાલિકાની કારના બદલે પોતાના ખાનગી વાહનમાં ઘરે ગયાં હતાં અને શનિવારે સવારે તેઓ ઓફિસમાં આવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, મે ઓએસ શાખામાંથી ખાસ સભાના ઠરાવની માગણી કરતાં તેમણે આપવાની ના પાડી હતી અને ચીફ ઓફિસરને ફોન કરતાં તેમણે પણ આરટીઆઈ કરીને માંગો તો મળશે તેમ જણાવી દીધું હતું. ઠરાવની કોપી તો કોઈપણ નગરસેવક માગે તો આપવી પડે છતાં ના પાડી રહ્યા છે. હું ઓફિસમાંથી મારો અંગત સામાન લઈને પરત ફરી હતી. અવિશ્વાસની દરખાસ્ત પસાર થયા બાદ ત્રણ દિવસમાં એટલે કે સોમવાર સુધી નિમિષાબેને પ્રમુખ પદ છોડવું પડશે અને

ત્યાર બાદ કલેક્ટર દ્વારા નવા પ્રમુખની ચૂંટણીની તારીખ નક્કી થશે. નવા પ્રમુખની ચૂંટણી થાય ત્યાં સુધી ઉપપ્રમુખ ચાર્જ સંભાળશે. જો કે, અત્યારથી નવા પ્રમુખ કોણ તેની અટકળો પણ તેજ બની છે. જો કે, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિર્તીસિંહ ઝાલાએ પ્રમુખ તરીકે પાટીદાર મહિલાની પસંદગી કરાશે તેમ જણાવ્યું છે. તેમની વાત માનીએ તો કોંગ્રેસમાંથી સોનલબેન પટેલ, પલ્લવીબેન પટેલ, ચેતનાબેન પટેલ અને પુરીબેન પટેલ એમ ચાર મહિલાઓમાંથી કોઈ પ્રમુખ બનશે તે નક્કી છે. પરંતુ જો ભાજપ-કોંગ્રેસ વચ્ચે સત્તાની સાંઠગાંઠ થઈ હશે અને ભાજપમાંથી પ્રમુખ બનાવવાના હશે તો કૈલાશબેન પટેલને તક મળી શકે છે.

# નાનકડુ મહેરપુરા ગામ બાગાયતી પાક દ્વારા રૂ.૧૫ કરોડનું માતબર ઉત્પાદન મેળવે છે



હિંમતનગર

મહેરપુરા ગામ નાનું પણ સિધ્ધિ મોટીપ માત્ર ૭૫ પરિવાર ધરાવતું આ ગામ અધધ કહી શકાય તેવુ રૂ. ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે અને તે પણ બાગાયત પાકોની ખેતી ધ્વારા...શીયા મોમીનની મહત્તમ વસ્તી ધરાવતા આ ગામનું પ્રત્યેક પરિવાર સરેરાશ રૂ. ૨૦ લાખની આવક મેળવે છે. વાત કંઇક આમ છે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ૨૦ કિમી દૂર આ મહેરપુરા ગામમાં ૭૫ પરિવાર રહે છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે પરંતુ આ ગામે ખેતીના તમામ નવા આયામોને આત્મસાત કર્યા છે.

૫૨૮ની જન સંખ્યામાં ૮૮ નાના અને ૫૦ મોટા મળી કુલ ૧૩૮ ખેડૂતો છે ૪૩૧ હેકટરનો કુલ વિસ્તાર પૈકી ૩૦૦ હેકટર ડ્રીપ ઈરીગેશન છે. અહીના ખેડૂતોએ પાક પરિવર્તન સાથે અધ્યતન ખેતી પધ્ધતિ, પાણીનો કરકસર પુર્ણ ઉપયોગઅને કૃષિ ક્ષેત્રે થયેલા સંશોધનોને પોતાના ખેતરોમાં અજમાવ્યા છે.

પ્રગતિશીલ ગામમાં દાડમનું મહત્તમ ઉત્પાદન છે. ૧૪૦ હેકટર વિસ્તારમાં દાડમના વાવેતર ખેડૂતોની આર્થિક કાયાપલટ કરી છે. હેકટર દીઠ ૧૬ મે.ટનના ઉત્પાદન સાથે કુલ ૨૨૪૦ મે.ટન દાડમનું ઉત્પાદન થાય છે. દાડમના ઉત્પાદન સાથે સંકડાયેલા શ્રી રફીકભાઇ પટેલ કહે છે કે,"હું અહિ બેઠા-બેઠા મારા દાડમ અમદાવાદ-દિલ્હીના બજારમાં વેચુ છું. પ્રતિ કિલોએ રૂ .૮૦ના ભાવે મારા દાડમ વેચાય છે. હુ પહેલા ધાન્ય પાકોની ખેતી કરતો હતો પણ દાડમે મારી સમૃધ્ધિ વધારી છે..."

સમગ્ર ગામમાં દાડમના પાકની કુલ આવક રૂ. ૧૪ કરોડને આંબી ગઇ છે. દાડમ ઉપરાંત ૩૦ હેકટરમાં ટેટી, ૨૦ હેકટર વિસ્તારમાં તરબૂચ, ૩૦ હેકટરમાં સરગવાનું વાવેતર થાય છે. જયારે ૧૨ હેકટરમાં બટાકા, ૧૩ હેકટરમાં મોસંબી, ૧૦ હેકટરમાં ચીકુ, ૩ હેકટરમાં જામફળ, ૨૦ હેકટરમાં વરયાળી અને ૨૨ હેકટરમાં શાકભાજીનું વાવેતર કરાય છે. આમ કુલ ૩૦૦ હેકટરમાં બધા પાકોનું મળી કુલ ૫૨૪૩ મે.ટનનું ઉત્પાદન થાય છે. બાગાયત નિયામક શ્રી જે.કે.પટેલ કહે છે કે, આમ તો અહિ ધાન્ય પાકોની ખેતીનું બહુ ચલણ હતું પરંતુ બાગાયત પાકોની સમજ, ખેતી પ્રક્રિયા અને બજારભાવની અપાયેલ સમજના પગલે અહીના ખેડૂતો બાગાયતી વાવેતર તરફ વળ્યા છે. સમગ્ર જિલ્લાનું બાગાયતી ગામતરીકે પસંદગી પામેલા મહેરપુરા પર સમૃધ્ધિની મહેર થઇ છે. આ એક ગામ જ અંદાજે રૂ. ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં મુખ્યત્વ ઘઉં,બાજરી, મકાઇ, ડાંગર, મગફળી, કપાસ, તુવેર, મગ, એરંડા જેવા કૃષિ પાકો તથા બટાટા,ટામેટા, ફુલાવર, કોબીજ, ભીંડા અને વાલોળજેવાશાકભાજીપાકો તેમજદાડમ, પપૈયા,લીંબુ, જામફળ, સીતાફળ, આંબા અને તરબુચ, ટેટીજેવાફળપાકો, ફુલપાકોજેવા- કેગલગોટા, ગુલાબ,ઝરબેરાઉપરાંત જીરૂ,વરીયાળી,ડુંગળી,લસણ, આદુ જેવા મસાલા પાકોનું વાવેતર થાય છે.મહેરપુરા ગામનાજ ખેડૂત અને સરપંચ શ્રી સબ્બીરભાઇ કહે છે કે,૫"દાડમએ બહુવર્ષાયુ ફળપાક હોવાથી ઓછા મજુરથી પણ સારૂ ઉત્પાદન મેળવી સારી આવક થઇ શકે છે.ઓછા સમયમાં વધુ ઉત્પાદન અને વધુ આવક આપતો પાક છે. જીલ્લાની આબોહવા અને જમીન અનુરૂપ પાક હોવાથી વાવેતર વધવાની ઉત્તમ તકો છે. દાડમ પાકની માર્કેટ વેલ્યુ સારી અને ઉંચી હોવાથી બીજા વર્ષાયુ ફળ કરતાં આવકની દ્રષ્ટિએ વધુ સારી તકો ઉપલબ્ધ છે.તો ગામના પ્રગતિશીલ ખેડૂતા શ્રી સલમાંભાઈ ડોડીયા કહે છે કે... "અમે ખેડૂતોએ હવે બાગાયતી પાકને અગ્રીમતા આપી છે અને તેની સારા પરિણામ મળ્યા છે..."જીલ્લામાં આજથી દસ વર્ષ પહેલાં ફુલપાકોનું વાવેતર નહિવત્ત કહી શકાય એવુ ફક્ત ૦૫ હેકટર જેટલુ હતું, જે હાલ વધીને ૨૨૭ હેક્ટર જેટલુ થયું છે. છેલ્લા દસ વર્ષ પહેલાં પપૈયાનું વાવેતર ખુબ ઓછુ હતું, જ્યારે અત્યારે વધીને ૧,૦૯૫ હેક્ટર જેટલા વિસ્તારમાં પપૈયાનું વાવેતર થાય છે. દસ વર્ષ પહેલાં જીલ્લામાં દાડમનું વાવેતર અંદાજે ૧૦ હેક્ટર જેટલુ હતું, જ્યારે હાલમાં દાડમનું વાવેતર ૯૧૫ હેક્ટર જેટલુ થયુ છે. દસ વર્ષ પહેલાં ખેડુતો તરબુચ અને ટેટી જેવા પાકો વિશે પણ અજાણ હતા,પરંતું હાલના તબક્કે ખેડુતો પ્લાસ્ટીક ફિલ્મ (મલ્ચીંગ) પાથરી હાઇબ્રીડ તરબુચ તથા ટેટીનું વાવેતર અંદાજે ૨,૨૫૦ હેક્ટર જેટલા વિસ્તારમાં કરતા થયા છે. અને તેનું ઉત્પાદન અમદાવાદ, દિલ્હી, સુરત જેવા મોટા શહેરો તથા રાજસ્થાન તેમજ બીજા પાડોશી રાજ્યોમાં વેચાણ કરતા થયા છે.

# ચાણસ્મામાં શેષ નારાયણ ગોગા મહારાજના સ્થાનકે યજ્ઞ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા



ચાણસ્મા

ચાણસ્મા માલધારી સમાજ - ખાંભલ્યા પરિવાર દ્વારા ગઈકાલે રવિવારે જૂના રબારીવાસમાં આવેલા ઐતિહાસિક શેષનારાયણ ગોગા મહારાજના સ્થાનકે નવચંડી યજ્ઞ, સંત સામૈયું અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે માલધારી સમાજે ઉમટી પડી દર્શનનો લભ લીધો હતો.

ચાણસ્મા ગોગા મહારાજના મંદિરે યોજાયેલા ધાર્મિક પ્રસંગે વાળીનાથ અખાડા- તરભના મહંત બળદેવગીરી બાપુ, પીરાણા જગ્યાના બાવાજી સાહેબ, ધરમોડાના ભુવાજી વાસીભા, ચાણસ્મા ગોગા મહારાજના પરમ ઉપાસક એડવોકેટ મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ સહિત ભુવાજીઓનું ખાંભલ્યા પરિવાર- માલધારી સમાજ દ્વારા ડીજેના તાલે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. હાઈવે પરથી વાજતે- ગાજતે શોભાયાત્રા સરદાર ચોક, મુખ્ય બજાર થઈ ગોગા મહારાજના મંદિરે પહોંચી હતી. જ્યાં સંતો- ભુવાજીઓનું ફુલોથી સ્વાગત કરાયું હતું. સંતોએ માલધારી સમાજને એકતા અને સમૃદ્ધિ વધે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે યોજાયેલા નવચંડી યજ્ઞનો અનેક ભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે શનિવારે રાત્રે ગોગા બાપાના મંદિરે ૩૬૫ દીવાની મહાઆરતી તેમજ દીપયજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ખૂબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ, નગરજનો જોડાયા હતા.

# ચાણસ્મા તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના મકાનોનો લક્ષ્યાંક પૂર્ણ કરવા કાર્યવાહી

ચાણસ્મા

ચાણસ્મા તાલુકામાં ગત વર્ષ ૨૦૧૧ માં થયેલ આર્થિક સર્વેક્ષણ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના નીચે ૮૮૦ મકાનોનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે. જેની સામે યોગ્ય પાત્રતા ધરાવતા ૫૩૦ જેટલા લાભાર્થીઓને આ યોજનાનો વર્ષ ૨૦૧૭-૧૮ માં લાભ મળે તે માટેની કાર્યવાહી પાટણ જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજ્યગુરુ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પરમારની રાહબરી નીચે ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી ત્રિવેદી અને ના.તા.વિ.અધિકારી યશવંત પટેલ અને સ્ટાફ દ્વારા આ લક્ષ્યાંકને પૂર્ણ કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે.

સમગ્ર પાટણ જિલ્લામાં સમાવિષ્ટ તમામ તાલુકાના પ્રત્યેક ગામની આર્થિક અને સામાજિક સર્વેની કામગીરી વર્ષ ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી અને આ સર્વેને આધારે જરૂરતમંદ લાભાર્થીઓની બીપીએલ યાદી તૈયાર કરવામાં આવી હતી. અગાઉની યાદીમાં જે લાભાર્થીઓનો સમાવેશ થયેલ હતો અને સરકારની ઈન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, બાબા આંબેડકર આવાસ યોજના, તેમજ અન્ય યોજના નીચે જે લાભાર્થીઓએ મકાન સહાય મેળવેલ હશે તેમને ફરીથી આ યોજનાનો લાભ મળી શકશે નહીં. પરંતુ સહાયથી વંચિત હોય તેવા ૫૩૦ લાભાર્થીઓની યાદી પ્રધાનમંત્રી આવાસ યોજના માટે નક્કી કરવામાં આવી છે. જે યોજના અંતર્ગત લાભાર્થીને રૂા. ૧ લાખ ૨૦ હજારની મકાન સહાય, રૂા. ૧૮ હજાર મનરેગા વિભાગમાંથી મજૂરી પેટે તેમજ શૌચાલય માટે રૂા. ૧૨ હજાર મળી પ્રત્યેક લાભાર્થીઓ રૂા. ૧.૫૦ લાખ સહાય મળવાપાત્ર થશે. તાલુકામાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી ઓનલાઈન કરી દેવામાં આવી છે અને પ્રત્યેક લાભાર્થીને પ્રથમ હપ્તા પેટે રૂા. ૩૦ હજારની સહાય જે- તે લાભાર્થીના ખાતામાં જમા કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આ તમામ મકાનનો લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ માં પૂર્ણ કરવાની કામગીરી તાલુકા કક્ષાએ હાથ ધરાઈ છે.

### ગામઠાણને લઈ લક્ષાંક પૂર્ણ કરવા કસોટીરૂપ

ચાણસ્મા તાલુકામાં સમાવિષ્ટ ૬૪ ગામો પૈકી કેટલાક ગામો એવા છે કે ત્યાં મકાન બાંધકામ માટે લાભાર્થી પોતાને નામે પ્લોટ કે કાચુ મકાન ધરાવતા નથી અને ઘણા બધા ગામોએ હાલમાં ગામઠાણની જમીન પણ ઉપલબ્ધ નથી. પરિણામે આવા કિસ્સામાં ગામઠાણ ઉપલબ્ધ કરી લાભાર્થીને પ્લોટ ફાળવવાની કામગીરીમાં વિલંબ થવાની પૂરતી શક્યતા રહેલી છે. જેથી તાલુકાને આપેલો લક્ષાંક સમયસર પૂર્ણ કરવામાં વહીવટીતંત્રને ભારે કસોટીમાંથી પસાર થવું પડશે, એટલે હાલમાં તો જે - તે લાભાર્થી પાસે પડતર પ્લોટ કે કાચુ મકાન હશે તેવા કિસ્સામાં મકાન બાંધકામની કામગીરી હાથ ધરી શકાશે. બાકીના લાભાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા વહીવટ- તંત્ર દ્વારા ગામઠાણની મકાન ઉપલબ્ધ કરાવવા જરૂરી કાર્યવાહી કરવી પડે તેવા સંજોગો ઉભા થયા છે.

# ચાણસ્મા તાલુકાના લણવા ખાતે બીજો તબક્કો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



પાટણ

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સરકાર હંમેશા કટિબધ્ધ રહી છે. બીજા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ ચાણસ્મા તાલુકાના લણવા પ્રાથમિક શાળા ખાતે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે યોજાયો હતો.

શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવતા સેવાસેતુ કાર્યક્રમ લોકો માટે સુખ-સુવિધાનું માટેનું કેન્દ્ર બન્યું છે. સેવા સેતુમાં કલસ્ટરના ગામોના નાગરિકોને વિવિધ સેવાઓ જેવી કે ડોમીસાઈલ પ્રમાણપત્ર, આધારકાર્ડ, રેશનકાર્ડ સંબંધિત, જાતિ પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, ઉજાલા યોજના આધારકાર્ડનું બેન્કીંગ સાથે જોડાણ, સુરક્ષા વીમા યોજના, સુકન્યા સમૃધ્ધિ યોજના, વિકલાંગ સિનિયર સીટીઝન, સાત- બાર અને આઠ- અ ના પ્રમાણપત્રો, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, કુટુંબિક સહાય યોજના, જાતિ પ્રમાણપત્ર, ક્રીમીલેયર પ્રમાણપત્ર, વિધવા નિરાધાર સહાય માટેની અરજીઓ આવેલ હતી.

સેવા સેતુ કાર્યક્રમમાં મંત્રીના હસ્તે ઉજ્જવલા તેમજ ખેતીવાડી બિયારણની કીટ લાભાર્થીઓને આપવામાં આવી હતી. મંત્રીએ પશુ સારવાર કેમ્પની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ચાણસ્મા તાલુકાના લણવા ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કલસ્ટરના લણવા, મીઠા ધરવા, સેલાવી, પીંઢારપુરા, ધીણોજ, મુલથાણીયા, કમાલપુર, રેલ્વેપુરા ગામોના કુલ ૯૧૮ અરજદારોએ લાભ લીધો હતો. અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો હતો. અરજદારોમાં હર્ષની લાગણી જોવા મળતી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજ્યગુરૂ, પ્રાંત અધિકારી અજીતસિંહ ઝાલા, મામલતદાર ડી.એન.પટેલ, તાલુકા વિકાસ અધિકારી ત્રિવેદી, ખેતીવાડી અધિકારી શૈલેષ પટેલ, પશુપાલન અધિકારી નટુભાઈ પટેલ તેમજ સંબંધિત અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અબીયાણાના મહંતના ૩ લાખ ઓરડીમાંથી મળ્યા

અબીયાણા

સાંતલપુરના અબીયાણા ગામે નજીક આવેલા મહંતની ઓરડીમાંથી ચોરી થઈ હતી જેની ફરીયાદ તેઓએ નોંધાવી હતી ઘટનામાં રાધનપુરના એએસપીએ તેમની ટીમ પાસે સ્થળ તપાસ કરાવતાં રકમ મહંતના સુવાના પેટી પલંગમાંથી મળ્યા હતા. જોકે મહંતે રકમ પેટી પલંગમાં મુકી તે ભૂલી ગયાનું માન્યું હતું.પોલીસે રકમ મુદ્દામાલ તરીકે જપ્ત કરી હતી.

અબીયાણા મહકાળી આશ્રમના મહંત આનંદગીરી પરસોત્તમ ગીરી દાતાઓએ લખાવેલ દાનની રકમ રૂ.૩ લાખ રાજસ્થાનના સાંચોરથી ઉઘરાવીને લાવ્યા હતા અને આશ્રમમાં તેમની ઓરડીની દીવાલ પર ખુંટીએ એક થેલીમાં રકમ રાખી હતી. બાદમાં તેઓ ગરમી હોઈ ઓરડીનો દરવાજો ખુલ્લો રાખીને સુઈ ગયા હતા.બીજા દિવસે સવારે થેલી નીચે પડી હતી અને રકમ ગાયબ હતી. તેને લઈ તેઓએ વારાહી પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવી હતી. રાધનપુર એએસપી પાર્થરાજસિંહ ગોહિલ ઘટનાસ્થળે વિજિટમાં ગયા હતા. તેઓની સુચનાથી વારાહી પીએસઆઈ એ.એ.ચાવડાએ તેમની ટીમ સાથે મહંત આનંદગીરીની રહણાંકની ઓરડીમાં તપાસ કરતાં પેટી પલંગના ડ્રોઅરમાંથી રૂ.૩ લાખ મળી આવ્યા હતા જે અંગે પુછપરછ કરતાં મહંતે રકમ દાનમાં આવેલ રકમજ છે અને ખીંટી થેલી ટીંગાડી પુજા કરી આવ્યા હતા બાદમાં તેઓએ પેટી પલંગમાં મુકયા હતા તે હકીકત ભૂલી ગયા હોવાનું કબુલતાં પોલીસે તે રોકડ જપ્ત કરી હતી.

# હિંમતનગરમાં સર્વોદય બેંકના ચોકીદારની બંદૂકના કાર્ટિસ ગાયબ, ભારે હોબાળો!

હિંમતનગર

હિંમતનગરની નાગરિક સહકારી બેંકમાં ચોકીદારની બંદૂકના ત્રણ કાર્ટિસ ગાયબ થયા હોવા અંગે વર્તમાન ડિરેક્ટર અને પૂર્વ ચેરમેન રઉફભાઈ સાબુગરે ઘટસ્ફોટ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. જોકે, મેનેજરે આવું કાંઇ બન્યું હોવાનો ઈનકાર કર્યો હતો પણ, કાર્ટિસ અંગેનું રજિસ્ટર બતાવવાનો નનૈયો ભણી દીધો હતો. તેમણે એવું કહ્યું હતુ કે, આ આક્ષેપ બેન્કને બદનામ કરવાની પ્રવૃત્તિના ભાગરૂપે કરાયો છે. છેલ્લા એકાદ સપ્તાહથી બેન્કના ચોકીદારના ૩ રાઉન્ડ-કાર્ટીસ ગાયબ થવાની ચર્ચાને પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો છે.અને આ બાબતે બેન્ક સત્તાધીશો સમક્ષ પુછપરછનો દોર શરૂ થઈ જતા ભારે હલચલ મચી જવા પામી છે.બેન્કના ચાલુ ડિરેક્ટર અને પૂર્વ ચેરમેને આ ગંભીર પ્રકરણમાં પૂછપરછ કરતા મેનેજરે રજીસ્ટર સહિતની વિગતો બતાવવા ઈન્કાર કરતા બળતામાં ઘી હોમાયું છે. ચાલુ ડિરેક્ટર અને પૂર્વ ચેરમેન રઉફભાઈ સાબુગરે જણાવ્યું હતું કે કારટીસ ગાયબ થવા અંગેની ચર્ચાને પગલે ચોકીદાર આસિફ પઠાણને પૂછતાં તેણે બંદૂકના કાર્ટિસ મેનેજરને આપ્યા હોવાનું કહ્યું હતું.

મેનેજરને પૂછતાં મેનેજરે કંઈપણ કહેવા ઈન્કાર કર્યો હતો અને બંદૂકના રાઉન્ડ માટેનું પત્રક,રજીસ્ટર વગેરે બતાવ્યું નહતું.રઉફભાઈના અતિ ગંભીર આક્ષેપ અંગે બેન્ક મેનેજર ઈમ્તિયાઝ લાલાને પૂછતાં આવું કઈ બન્યું હોવા અંગે ઈન્કાર કર્યો હતો.બેન્કના ચેરમેન કાદરભાઈ હરસોલિયાને પૂછતાં તેમણે પહેલા કંઈ જાણતો ન હોવાનું જણાવી કહ્યું હતું કે બેંકમાં આવું કાઈ બન્યું નથી મેં તપાસ કારી લીધી છે.આક્ષેપ કરનાર વ્યક્તિ બેન્કને બદનામ કરવા આવી પ્રવૃત્તિ કરી રહ્યો છે.

બેંકમાં ચોકીદાર તરીકે ફરજ બજાવનાર ગનરે નિયત કરેલ દુકાનમાંથી કાર્ટીસ ખરીદવાના હોય છે અને તેનો હિસાબ રજૂ કરવાનો હોય છે. ચાર પાંચ વર્ષે જરૂર પડે તો જુના રાઉન્ડ જમા કરાવી નવા ખરીદી શકાય છે અને ગનર બધી માહિતી આપવા બંધાયેલ છે.એકપણ રાઉન્ડ ગેરવલ્લે જાય તો તેની જવાબદારી ગનરની રહે છે.આવા સંજોગોમાં બેન્ક પ્રશાશન દ્વારા પૂર્વ ચેરમેનની શંકાનું સમાધાન કેમ કરાતું નથી તે કળી શકાતું નથી.

# સૈન્યમાં ફરજ બજાવતા લાખણીના કુડા ગામના જવાનનું આકસ્મિક મોત





## લગ્ન પ્રસંગે વતન આવતી વખતે રસ્તામાં મોત થયું

(પ્રતિ.) લાખણી/કુડા

બીએસએફ માં જમ્મુ કાશ્મીર ખાતે દેશ સેવા ની ફરજ બજાવતા લાખણી તાલુકા ના કુડા ગામના યુવાન નુ લગ્ન પ્રસંગે વતન આવતી વખતે રસ્તામાં આકસ્મિત મોત થતાં સમગ્ર પંથકમાં ઘેરો શોક ફેલાવા પામ્યો હતો. જેમની અંતિમ વિધિમાં બીએસએફના જવાનોએ ગાર્ડ ઓફ ઓનર આપ્યુ હતું.

લાખણી તાલુકાના કુડા ગામના વતની અને ભારતીય લશ્કરમાં છેલ્લા ૧૬ વર્ષ થી ફરજ બજાવતા લક્ષ્મણ ભાઈ મગનાજી પટેલ જેઓ હાલ જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા ખાતે ફરજ બજાવતા હતા જેઓ વતનમાં લગ્ન પ્રસંગ હોવાથી રજા લઈ ટ્રેનમાં વતન પરત આવતા હતા ત્યારે અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પર ગાડી ઊભી રહી તે દરમ્યાન શનિવારના રોજ ગાડી માંથી રેલ્વે પોલીસને તેમની આકસ્મિક મોત થયેલી લાશ મળી હતી. જેથી તેમની ઓલખ કરી તેમના કુટુંબીજનો નો સમ્પર્ક કરી અમદાવાદ પી.એમ. કરાવી તેમના વારસોને આપી હતી.

અનુસંધાન પાના નં.૬

**બે નાના બાલકો એ પિતાની છત્રછાયા ગુમાવી**

કુડા ગામના વતની અને બીએસએફમાં ફરજ બજાવતા લક્ષ્મણ ભાઈના આકસ્મિત મોતથી ૧૧ વર્ષની કંચન અને ૯ વર્ષના જગદીશે પિતાની છત્રછાયા ગુમાવી હતી.

# થરાદમાં જુગાર રમતા બે ઇસમો ઝડપાયા



પ્રતિનિધિ થરાદ

પોલીસ અધિક્ષક નીરજ બડગૂજરની દારૂ તેમજ જુગારની બદી સંપુર્ણ નાબુદ કરવાની સુચના આધારે તેમજ નાયબ પોલીસ અધિક્ષક થરાદના માર્ગદર્શન હેઠળ થરાદ પી.એસ.આઈ. બી.આર.પટેલ તથા પો.કો. સુરેશકુમાર સામતાભાઈ તથા પો.કો.મનિષકુમાર દેવાભાઈ` સાથે મળેલ બાતમીના આધારે થરાદ પી.ડબલ્યુ.ડી.ના પાર્કીંગ તથા બસ સ્ટેશનની વચ્ચે આવેલ અવાવરૂ શોપીંગ સેન્ટરમાં રેઈડ કરી હતી. જેમાં પ્રથમ માળે સોપીંગ સેન્ટરની લોબીમાંથી ગંજીપાનાનો જુગાર રમતા પ્રતાપસીંગ કાનજીભાઈ રાજપુત રહે.શેણલનગર સોસાયટી થરાદ તા.થરાદ તથા હીતેશકુમાર ઉમેશભાઈ ખત્રી રહે.બસ સ્ટેશનની પાછળના ભાગે થરાદ તા.થરાદવાળાઓ મળી આવતા તેઓની પાસેથી રોકડા રૂપિયા ૮૭૦/- તથા એક સમસંગ કંપનીનો ફોન તથા ગંજીપાના પંચો રૂબરૂ કબ્જે કરી બન્ને આરોપીઓ વિરુધ્ધ જુગારધારા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઝીંઝારામાં એલ.ટી.લાઈનનો વાયર પડતાં આગ ભભૂકી



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના વડીયા સમીપ આવેલ ઝીંઝારા ગામે ઝીંઝારા પ્રાથમિક શાળાના સીન્ટેક્ષના રૂમ ઉપરથી પસાર થતી એલ.ટી.લાઈનનો વાયર શોર્ટ સર્કીટ થઈ પડતાં આગ લાગતાં સીન્ટેક્ષનો રૂમ બળી જવા પામેલ જોકે અત્યારે વેકેશન હોઈ કોઈ જાનહાની થવા પામેલ નહીં.

ઝીંઝારા પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૫ માં હાલે ૪ રૂમ આવેલ છે જેમાં એક સીન્ટેક્ષનો રૂમ બનાવવામાં આવેલ છે.આ રૂમ ઉપરથી લાઈટનો વાયર પસાર થતો હતો જે હટાવવા માટે કહેવાય છે કે ગ્રામજનો દ્વારા વારંવાર વિદ્યુત બોર્ડમાં રજુઆતો કરવા છતાં હટાવાયેલ નહીં.જે વાયર શોર્ટ સર્કીટ થતાં નીચે પડતાં ત્યાં કચરાનો ઢગલો હતો તે પણ સગળી જવા પામેલ અને રૂમના પાછળના ભાગે આગ લાગતાં લોકોએ જોતાં બુમાબુમ કરતાં ગ્રામજનો દોડી આવેલ અને બાજુના ખેતરોમાંથી પાણી લાવી અગ્ની ઓલવવાનો પ્રયાસ કરેલ. ઘટનાની જાણ થતાં ગામના સરપંચ મફતલાલ માળી તથા ગામના આગેવાનો દોડી આવેલ અને આગ ઓલવવાનો પ્રયાસ કરેલ.

# ડીસાના ચંદ્રલોક રોડની બદતર હાલતથી પ્રજા ત્રસ્ત

**ભુગર્ભ ગટર કામ પૂર્ણ થયાના મહિના વિતવા છતાં રોડનુ રીપેરીંગ થતુ નથી : રોડ ઉપર રખડતા ઢોરોના જમેલા થી રાહદારી - વાહન ચાલકોને મુશ્કેલી**



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરના લાયન્સ હોલથી અંબિકાચોક વચ્ચેના ચંદ્રલોક રોડ ઉપર પાલિકા દ્વારા ભુગર્ભ ગટરનુ કામ કરવામાં આવ્યુ હતું. પરંતુ તેને ઘણો સમય વિતવા છતાં રીપેરીંગ ન કરાતા રોડની હાલત બદતર થઈ ગઈ છે. તો બીજી તરફ રખડતા ઢોરોનો કાયમી જમેલો રહેતો હોઈ ટ્રાફીકથી ભરચક રહેતા આ રોડ પરથી અવર-જવર કરવી મુશ્કેલ થઈ પડી છે.

ડીસા શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીને લઈ અનેક રોડ તોડવામાં આવ્યા હતા. જેમાં કેટલીક જગ્યાએ નવા રોડ પણ બની રહ્યા છે. પરંતુ શહેરના મહત્વના ગણાતા અને ટ્રાફીકથી ભરચક રહેતા ચંદ્રલોક રોડ ઉપર પણ ભૂગર્ભ ગટર લાઈન કામગીરી કરવામાં આવતાં એક તરફના રોડ ઉપરના બ્લોક ઉખેડી દેવામાં આવ્યા હતા.

પરંતુ ત્યારબાદ તેનો મહિનાઓ વિતવા છતાં હજુ સુધી રોડનું રીપેરીંગ થતુ નથી. જેના કારણે રોડ ઉપર એક તરફ વાહન વ્યવહાર ચાલે છે.

આ રોડ ઉપર મહત્વની ઓફીસો અને દુકાનો આવેલી હોવાથી તેમજ અંબિકા ચોક કચ્છી કોલોની તરફ જવાનો મુખ્ય રોડ હોઈ વાહનોની વિશેષ અવર-જવર રહેતી હોઈ છે. તો બીજી તરફ લાયન્સ હોલ આગળ સાંજે શાક માર્કેટ ભરાતુ હોઈ આ રોડ ટ્રાફીકથી ભરચક રહેતો હોય છે. પરંતુ રોડની બદતર હાલતથી રાહદારીઓ વાહન ચાલકો સહિત આ વિસ્તારના રહીશો ખુબ જ ત્રસ્ત થઈ ઉઠ્યા છે.

તો બીજી તરફ આ રોડ ઉપર રખડતા ઢોરોનો કાયમી અડીંગો રહેતો હોય છે. તેમાંય સાંજના સમયે આ રોડ ઢોરવાડમાં ફેરવાઈ જતો હોઈ રાહદારીઓ કે વાહન ચાલકોને ત્યાંથી પસાર થવુ મુશ્કેલ બની જતુ હોય છે તે કેટલીક વાર આ રખડતા ઢોરોનાં કારણે ચાલકો તથા વૃધ્ધો માટે ભયાનક સ્થિતિ ઉદ્ભવતી હોય છે.

ત્યારે પાલિકા તંત્ર સજાગ બની રોડનું રીપેરીંગ કરાવે તેમજ રખડતા ઢોરોને પાંજરે પૂરવા તેના માલિકો સામે કડક કાર્યવાહી હાથ ધરે તેવો જનમત છે.

# વાવમાં ભાજપના સિનિયર કાર્યકરોની સંગઠનમાં બાદબાકી કેમ ?

**પોતાના લોહી પસીનાથી ભાજપનો પાયો નાંખનાર કાર્યકરોને કેમ વિસરાઈ ગયા ?**

તાલુકા પ્રતિનિધિ . વાવ

વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતી વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપનું નામ લેતાં લોકો અચકાતા હતા. તે સમયે ભાજપનો ભગવો લઈ વાવ પંથકમાં કેસરીયો લહેરાવાનાર અને પોતાના લોહી પસીનાથી ભાજપનો પાયો નાખનાર, કાર્યકરોની આજે વાવ પંથકમાં ઘોર ઉપેક્ષા પાછળ કયું રાજકીય પરિબળ ભાગ ભજવી રહ્યું છે. જો કે આ બાબતથી વાવના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી કદાચ અજાણ હશે ? કેટલાક સ્થાનિક રાજકારણીયાઓ વાવ પંથકના સાચા, કર્મઠ અને પ્રામાણિક કાર્યકરોનો રીપોર્ટ રાજયમંત્રી સુધી નથી પહોંચવા દેતા એના પાછળ કયું પરિબળ ભાગ ભજવી રહ્યું છે.

**બનાસનું રાજકારણ**

વર્ષ ૧૯૯૫ થી આર.એસ.એસ સાથે જોડાયેલા અને સદાના માટે ભાજપનો કેશરીયો ખેસ પહેરનાર અને તુફાની આંધીમાં જેલવાસ ભોગવનાર, તેમજ ચૂંટણી દરમિયાન વિકટ પરિસ્થિતિઓનો સામનો કરનાર ભાજપના કાર્યકરોનું આજે નામોનિશાન ભૂલાઈ ગયું છે. વર્ષ ૨૦૧૭ માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનારી છે. આ વખતે વાવ બેઠક ભાજપને ટકાવી રાખવી હશે તો જી... હજુરીયાઓની વાતોને બાજુમાં મૂકી સાચા કાર્યકરોનું પક્ષમાં સન્માન થાય તોજ પક્ષનો વિજય છે. જો કે વાવ તાલુકામાં ભાજપ માટે ભોગ આપનાર કાર્યકરોની આજે સંગઠનમાં બાદબાકી થઈ રહી છે. જ્યારે કેટલાય કોંગ્રેસી મૂળ ગૌત્રના કાર્યકરો ભાજપનો શણગાર બની બેઠા છે. અરે ૨૦૧૫ ની લોકચાહનાની ચૂંટણીમાં ભાજપની તુફાની આંધીમાં રાજસ્થાનમાંથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર લોકસભાના સાંસદ ઉમેદવાર જશવંતસિંહની તરફેણ કરી ભાજપ વિરૂધ્ધ અપપ્રચાર કરાનારના હવે જિલ્લા ભાજપનું પ્રમુખ પદ મેળવવા ધમપછાડા કરી રહ્યા છે. તો વળી કેટલાય તત્વોએ ક્રિષ્નાબેન ગઢવી અને હરિભાઈ ચૌધરીના જંગ વચ્ચે લોકસભામાં ક્રિષ્નાબેન ગઢવીને ખુલ્લી મદદ કરી પાર્ટીમાં મહત્વનું સ્થાન મેળવી લીધું છે. તો વળી કેટલાય ધુરંધરોએ જોઈતાભાઈ પટેલને જાહેરમાં મદદ કરતાં લોકસભાની ચૂંટણીની નોંધ ધુરંધર નેતાને હાંસીયામાં પણ ધકેલાયા છે. પરંતુ પાર્ટીમાં બેસી પાર્ટીના નેજા હેઠળ પોતાની ખીચડી પકવતા અને અધિકારીઓ ઉપર રોફ જમાવી પાર્ટીની આબરૂના લીરા ઉડાવતા નેતાઓને પાર્ટી સાચવી રહી છે. જ્યારે સાચા, પ્રામાણિક, કર્મઠ નેતાઓની બાદબાકી કેમ? તે પ્રશ્ન સમગ્ર વાવ પંથકમાં ચર્ચાસ્પદ બની રહ્યો છે. વાવ પંથકના ભાજપના સાચા અને કર્મઠ તેમજ પાર્ટી માટે યોગદાન આપવા કાર્યકરોમાં ધનજીભાઈ ગોહીલ, રાજારામ ગામોટ, શંકરભાઈ ગોહીલ, વણાજી સોલંકી, ડી.કે. આચાર્ય, નરેશ સેવક, વિષ્ણુ પરમાર, રમેશભાઈ ત્રિવેદી, અમરદાસ સાધુ, શ્રીરામ જોષી, પુંજીરામ ગામોટ, હરજીભાઈ રાજપુત, આંબાજી ગોહીલ, રામજી પરમાર, પીરાભાઈ પરમાર, વર્ધાસિંહ ડી. રાજપુત, સલીમ કુરેશી, હરેશ ભાટી, અશોક વાઘેલા, વાઘજી ચૌધરી, ગોવિંદરામ ગામોટ, પારસ ત્રિવેદી, રાણાજી વેંઝિયા, નરેશ વેંઝિયા, પ્રતાપ વેંઝિયા, કલાભાઈ મકવાણાનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય કે ઉપરોક્ત જણાવેલ યાદીના કાર્યકરોમાંથી લગભગ ૯૫% કાર્યકરોને પાટ-ર્ટીએ હાંસીયામાં ધકેલી દીધા છે. તેઓ ચૂપ બની પાર્ટીને વફાદાર બની બેઠા છે.

# ૧૩ કલાક બનાસવાસીઓને બાનમાં લેનારી ૧૦૮ની હડતાળ સમેટાઈ





સંજય જોશી, ભરત સુંદેશા

પાલનપુર, ડીસા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ જેવી ઈમરજન્સી સેવાને એકાએક બંધ કરી ૧૦૮ કર્મીઓ હડતાળ પર ઉતરી જતા જિલ્લામાં દર્દીઓને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. જોકે, ૧૦૮ મેનેજમેન્ટ અને મામલતદારની મધ્યસ્થી બાદ સમાધાન થતા ૧૩ કલાક બાદ આ ઈમરજન્સી સેવા ચાલુ કરાઈ હતી.

ગતરાત્રે ડીસા પોલીસ મથકના પી. આઈ દ્વારા ૧૦૮ કર્મીને લાફો મારવાના મુદ્દે અને ૧૦૮ ના ૨ સસ્પેન્ડ કર્મીઓ ને ફરજ પર લેવાના મુદ્દે જિલ્લા ના ૧૦૮ના કર્મીઓ ગત મધરાતથી હડતાળ પર ઉતરી ગયા હતા અને એમ્બ્યુલન્સ સહિત કર્મીઓ પાલનપુર એસ.પી. કચેરીએ પોલીસ દમનના વિરોધ મા વિરોધ પ્રગટ કર્યો હતો.

અગાઉ ૧૦૮ કર્મીઓએ તેમના પ્રશ્નો ને લઈ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું અને તેમની માંગણીઓ સંતોષવાની રજુઆત કરી હતી. જોકે, આ પગલાંના ભાગરૂપે આજે હડતાળ પર જવાના પ્રી પ્લાનથી ૧૦૮ કર્મીઓ ડીસા પોલીસ મથકે આગોતરા આયોજનની જાણ કરવા ગયા હતા જ્યાં ૧૦૮ કર્મી અને પી આઈ ની બબાલ હડતાળમા પરિણમી હોવાનું ૧૦૮ના કર્મીએ જણાવ્યું હતું.

ઈમરજન્સી સેવા બંધ જ ન કરી શકાય. આ સેવા બંધ કરનાર પર એસ્મા પણ લાગુ પડી શકે છે. ત્યારે ૧૦૮ ના કર્મીઓ એ યોગ્ય રજુઆત કરવાને બદલે પ્રજા ને બાનમાં લેવાના પગલાં ના ભાગરૂપે હડતાળ પર ઉતરી જવાથી પ્રજા માનસ પર વિપરીત અસર થઈ છે. જોકે અમદાવાદથી પાલનપુર દોડી

અનુસંધાન પાના નં.૬

**મોદી વડાપ્રધાન બને તે માટે**

# પાંચ વર્ષથી પગરખાંનો ત્યાગ કરનાર વડગામના મોંઘજી પુરોહિતનો સંકલ્પ ક્યારે પૂર્ણ થશે ?

**નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદે બિરાજે ત્યારે તેમને મળ્યા બાદ પગરખા પહેરવાની નેમ હતી**



તા.પ્રતિનિધિ વડગામ

ભાજપ તરફથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે જાહેર કરાયા હતા. તે સમયે વડગામના મોદી ભક્ત મોંઘજી પુરોહિતે મોદી વડાપ્રધાન પદે બિરાજે તે માટે પગરખા ન પહેરવાની નેમ લીધી હતી. બાદમાં મોદી સાથે મુલાકાત થાય પછી જ પગરખાં પહેરવાનો સંકલ્પ હતો. પરંતુ એ વાતને પાંચ વર્ષનો સમય વિતી ગયો છે. છતાં અગ્રણીઓની મદદ ન મળવાથી વડાપ્રધાન મોદી સાથે મુલાકાત થઈ શકી નથી.

રાજસ્થાનના પાલી જિલ્લાના વતની અને વર્ષોથી વડગામ ખાતે કેટરીંગના વ્યવસાય સાથે જોડાયેલા ૪૩ વર્ષિય મોંઘજીભાઈ દેવીસીંગ પુરોહિત જબરા મોદી ભક્ત છે. જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧ માં તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાયા હતા. તે સમયે મોંઘજીભાઈએ જ્યાં સુધી મોદી વડાપ્રધાન પદે નહીં બિરાજે અને

અનુસંધાન પાના નં.૬

**ગણપત યુનિવર્સિટીના આંગણે**

# ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને વર્કશોપનું બે દિવસીય આયોજન

ગણપત યુનિવર્સિટી

આંતરૃરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસીઓ, સંશોધકો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જ્ઞાનનું આદાન-પ્રદાન તેમજ સાયન્ટ્રિફિક રાઈટિંગ ઉપર વિશેષ વર્કશોપ યોજાશે તારીખ આઠ અને નવ મે, ૨૦૧૭ દરમિયાન રાજ્યની પ્રથમ હરોળની હાઈટેક વિદ્યા-સંસ્થા ગણપત યુનિવર્સિટીના આંગણે ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને સાયન્ટિફિક રાઈટિંગ ઉપર બે દિવસીય સેમિનાર અને વર્કશોપનું આયોજન થયું છે. ગણપત યુનિવર્સિટીની અંગભૂત કૉલેજ- મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ અને ઈન્ટરનેશનલ સાયન્સ કૉમ્યુનિટી એસોસિએશને પરસ્પરના સહયોગમાં આ બે દિવસીય સેમિનાર અને સાયન્ટિફિક રાઈટિંગ ઉપરના વર્કશોપનું આયોજન કર્યું છે, જેમાં મુખ્યત્વે આંતરૃરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનો સાથેના પ્લેનરી સેશન્સ, પોસ્ટર- પ્રેઝન્ટેશન, ઈન્સ્ટિટ્યૂશનલ યંગ સાઈન્ટિસ્ટ ઍવોર્ડ્ઝનો અર્પણવિધિ, મૌખિક રજુઆત, સાયન્ટિફિક-રાઈટિંગ વર્કશોપ, જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ માટેના અભ્યાસ-સંશોધનની રૂચિ અને નિપુણતા કેળવાય તેવાં પ્રયાસો કરવામાં આવશે. ૮મી તારીખે સવારે ૧૦ વાગે યોજાનારા આ ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કૉંગ્રેસના શુભારંભ સમારોહમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એસ. એ. બારી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે તો વૈજ્ઞાનિક અને ગણપત યુનિવર્સિટીના એક ટ્રસ્ટી ડૉ. દશરથભાઈ પટેલ, ઓએનજીસી, મહેસાણા ઍસેટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વિનય પંડ્યા, એપોલો ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર અને યુનિ.ના બોર્ડ મેમ્બર શ્રી આનંદભાઈ પટેલ, સ્વામિ વિવેકાનંદ યુનિ. (છત્તીસગઢ)ના કેમેસ્ટ્રી અને બાયોટેકનોલોજીના પ્રોફેસર ડૉ. શ્રી સંતોષ સાર, નેશનલ રિસર્ચ સેન્ટર, કેરો, ઈજિપ્તના ડૉ. સેહમ હેન્ડવી, ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. ડૉ. આર.કે. પટેલ, યુનિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત

અનુસંધાન પાના નં.૬


## શ્રદ્ધાંજલિ



જીવન જીવ્યા તમે ખુમારીથી,
સંબંધો નિભાવ્યા સહજતાથી,
હૈયે સહુના વસતા રહ્યા,
તમે ગયા પણ, તમારા સ્મરણો રહ્યા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એ જ પ્રાર્થના..

-: પ્રાર્થના સભા :-
તા.૮-૫-૨૦૧૭, મુ.વાલેર, તા.ધાનેરા, જિ.બ.કાં.
મો.૯૪૨૮૫ 33003

સ્વ.રામેચબેન મહાદેવભાઈ ઘોઘોળ (રબારી)
સ્વ.તા.૬-૫-૨૦૧૭

લિ.
ઘોઘોળ મફાભાઈ મહાદેવભાઈ (પુત્ર) ખાંભલ્યા લાસુબેન જોરાભાઈ (દિકરી)
ઘોઘોળ નીલાભાઈ મહાદેવભાઈ (પુત્ર) ઘોઘોળ કાનાભાઈ ચેલાભાઈ (ભત્રીજા)
ઘોઘોળ જીવાભાઈ મહાદેવભાઈ (પુત્ર) ઘોઘોળ અમૃતભાઈ જાંમાભાઈ (પૌત્ર)
બાર અગરબેન જાંમાભાઈ (દિકરી) ઘોઘોળ ભીખાભાઈ મુળાભાઈ (ભત્રીજા)
સમસ્ત ઘોઘોળ (રબારી) પરિવાર
મુ.વાલેર, તા.ધાનેરા, જિ.બ.કાં.



## હાર્દિક અભિનંદન



શંકરભાઈ ચૌધરી
મંત્રીશ્રી, ગુજરાત સરકાર
ચેરમેનશ્રી, બનાસડેરી



પાંનાભાઈ શીવાભાઈ પટેલ
માનદ સભ્યશ્રી,
બનાસડેરી સલાહકાર સમિતિ - પાલનપુર

માન.મંત્રી ગુજરાત સરકાર અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આપની બનાસડેરીના સલાહકાર સમિતિના માનદ સભ્ય પદે નિમણૂંક કરવા બદલ અમો ગૌરવની લાગણી અનુભવીએ છીએ...આપ દિન - પ્રતિદિન રાજકીય અને સહકારી ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કરો તેવી હાર્દિક શુભકામનાઓ સાથે હાર્દિક અભિનંદન....

ખાણોદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.

ચેરમેન : પટેલ અમરાભાઈ શીવાભાઈ
મંત્રી : દેસાઈ પીરાભાઈ હરિભાઈ
તથા કમીટી સભ્યશ્રીઓ

ઈશ્વરભાઈ જે.તરક
(ચેરમેન તાલુકા સંઘ, દીઓદર)
ડાયાભાઈ બી.પટેલ
(પ્રમુખ, દીઓદર તાલુકા યુથ કોંગ્રેસ)



## જાહેર આભાર



નાગજીભાઈ જોરાભાઈ દેસાઈ
પ્રમુખ
દીઓદર તાલુકા યુવા ભાજપ



ભરતભાઈ હેમજીભાઈ જોષી
(સુરાણાવાળા)
મહામંત્રી
દીઓદર તાલુકા યુવા ભાજપ

ભારતીય જનતા પાર્ટીએ અમારા કામની કદર કરી અમોને દીઓદર તાલુકા યુવા ભાજપ પ્રમુખ, મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવા બદલ ભારતીય જનતા પાર્ટી કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, માન. મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, માન.મંત્રીશ્રી કેશાજી ચૌહાણ, જીલ્લાના પ્રભારીશ્રી દુષ્યંતભાઈ પંડ્યા,જીલ્લા મહામંત્રીશ્રી અમરતભાઈ દવે, મહામંત્રીશ્રી ભારતસિંહ ભટેસરીયા, મહામંત્રીશ્રી ઉમેદદાનજી ગઢવી, દીઓદર તાલુકા ભાજપ પ્રમુખશ્રી પરાગભાઈ જોષી, મહામંત્રી ભરતભાઈ અખાણી, મહામંત્રી ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચાના પ્રમુખશ્રી હરેશભાઈ ચૌધરી, જીલ્લા યુવા મોરચા મહામંત્રીશ્રી પ્રકાશભાઈ ઠાકોર, મહામંત્રીશ્રી રામસીંગજી રાજપુત,જીલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખશ્રી રમેશભાઈ ચૌધરી, દીઓદર તાલુકા પંચાયત પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા તથા નામી-અનામી સર્વે પાર્ટીના પદાધિકારીઓનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ પ્રસંગે પાર્ટીના કાર્યકરો, વડીલો, મિત્રો, સ્નેહી, સગા સબંધી, શુભ-ચિંતકોએ અમને અભિનંદન રૂપી આર્શીવાદ આપ્યા છે તે બદલ તેમનો પણ ખૂબ...ખૂબ...આભાર...

લિ.
નાગજીભાઈ જે.દેસાઈ
(પ્રમુખ, દીઓદર તાલુકા યુવા ભાજપ)
ભરતભાઈ એચ.જોષી (સુરાણાવાળા)
(મહામંત્રી, દીઓદર તાલુકા યુવા ભાજપ)